બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**ઓગષ્ટ-૨૦૨૩**

મુહર્રમુલ્ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૦, અંક : ૦૮, સળંગ અંક : ૨૩૫

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | આ'લા હઝરત : એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 16 |
| 04 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ علیہ | 19 |
| 05 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૧) | 22 |
| 06 | પ્રથમ સદીના મુજદ્દિદ-૩ ખ્વાબની તા'બીરના નિષ્ણાત અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને સીરીન رحمۃ اللہ علیہ | 25 |
| 07 | તા'ઝીમે રસૂલ ﷺ | 29 |
| 08 | રાહે ખુદામાં ખર્ચ કરવાની ફઝીલતો તથા નિયમો | 35 |
| 09 | મુસ્લિમ બાદશાહોને વિલન બતાવવાની મજબૂરી | 39 |
| 10 | કુર્આનની બેઅદબી શા માટે ? | 42 |
| 11 | ઈસ્લામ એક વિશ્વવ્યાપી International મઝહબ | 45 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


### મન્કબત : ઈરશાદે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી
ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી

અરસા હુવા વો મર્દે મુજાહિદ ચલા ગયા
સીનોંમેં એક સોઝિશ પિન્હાં હૈ આજ ભી

ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં
ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી

સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ
'અહમદ રઝા' કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી

કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ
ઉલમાએ હક્ક કી અક્લ તો હૈરાં હૈ આજ ભી

મગ્મૂમ અહલે ઈલ્મ ન હોં ક્યૂં તેરે લિએ
જબ ઈલ્મ ખૂદ હી સર બગરિબાં હૈ આજ ભી

ઈશ્કે હબીબે પાક ﷺ મેં ડૂબા હુવા કલામ
સર ચશ્મએ નિશાતે સુખન દાં હૈ આજ ભી

બઅદે વિસાલ ઈશ્કે નબી ﷺ કમ નહીં હુવા
રૂહે રઝા હુઝૂર પર કુર્બાં હૈ આજ ભી

**'મિર્ઝા'** સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ
ઈલ્મો અમલ પે આપ કા એહસાં હૈ આજ ભી

તંત્રી લેખ...

# આ'લા હઝરત

## એક સર્વ ક્ષેત્રિય શખ્સિયત



*ક્યૂં રઝા આજ ગલી સુની હૈ–ઉઠ મેરે ધૂમ મચાનેવાલે !*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ વિવિધ કમાલો ખૂબીઓથી ભરચક અજોડ શખ્સિયત થઈ ગયા. ચૌદમી સદીના મુજદ્દિદ, શરીઅતે મુહમ્મદીના નાસિર વ મુઐયિદ, ઈમામે અહલે સુન્નત, આ'લા હઝરત, અઝીમુલ બરકત, આ'કાએ નેઅમત, દરયાએ રહ્‌મત, મખ્ઝને ઈલ્મો હિકમત, પયકરે રુશ્દો હિદાયત, આરિફે શરીઅતો તરીકત, ગવ્વાસે બહ્‌રે હકીકત વ મઅ્‌રિફત, તાજદારે વિલાયત, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન, હુજ્જતુલ્લાહ ફિલ અરદ્વૈન, તાજુલ ફુહૂલ, અલ કામિલીને ઝિયાઉલ મિલ્લતે વદ્દીન, વારિષે અંબિયા વલ્ મુરસલીન, સિરાજુલ્ ફુકહા વલ્ મુહદ્દિષીન, ઝુબ્દતુલ્ આરિફીન વસ્સાલિકીન, આયતુમ્ મિન આયાતિલ્લાહિ રબ્બુલ આલમીન, મોઅજિઝતુ મિન્ મોઅજિઝાતે રહ્‌મતુલ્ લિલ્ આલમીન, અલ્લામા, મૌલાના, મૌલ્વી, હાફિઝ, કારી, મુફતી, હકીમ, અલ્હાજ, અશ્શાહ અબૂ મુહમ્મદ અબ્દુલ્ મુસ્તફા મુહમ્મદ અહમદ રઝાખાં સાહબ ફાઝિલે બરેલ્વી قدس سرہ ની વિલાદત બા સઆદત (જન્મ મુબારક) મહોલ્લા ઝખીરા બરેલી શહેરમાં (કે પહેલાં તે જ આપના બાપદાદાનું મકાન અને દાદા અલ્લામા શાહ મુહમ્મદ રઝા અલીખાં સાહબ قدس سرہ નો કયામ હતો.) ૧૦–શવ્વાલુલ્ મુકર્રમ હિ.સ. ૧૨૭૨ શનિવારના દિવસે ઝોહ્‌રના સમયે ૧૪–જૂન ઈ.સ. ૧૮૫૬માં થઈ અને વિસાલ મુબારક ૨૫ સફર હિ.સ. ૧૩૪૦ ઈ.સ. ૧૯૨૧ના રોજ થયો.

આપના બચપનથી લઈને છેવટ સુધીની ખૂબીઓ પર ઉલમા તથા દાનિશ્વરોએ અનેક પુસ્તકોમાં ખૂબીઓ તથા કમાલો વિશે અગણિત વાતો વર્ણવેલ છે. આવો ! આ સંક્ષિપ્ત લેખમાં આપણે કેટલીક વાતોનો અભ્યાસ કરીએ.

### ★ આ'લા હઝરત رحمۃ اللہ علیہ નો તકવો તથા આપનો તવક્કુલ ★

અલ્લાહના મકબૂલ બંદાઓ તકવો અપનાવીને જ ખુદાના ખૌફમાં જીવન પસાર કરીને જ રબના મહબૂબ તથા મકબૂલ બનતા હોય છે. સાચો સૂફી તે જે શરીઅતનો પાબંદ હોય. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના જીવનમાં આપણે ઝાંકીને જોઈએ છીએ તો આપ પણ તકવાના પયકર હતા, જેનાં અમુક દષ્ટાંતો જોઈએ :–

આજકાલ "સૂફીએ બાસફા" "અને "સૂફીએ ફલાં સ્ટેટ" અને "સૂફીએ મિલ્લત" ન જાણે શું શું લકબો રિવાજ પામી ગયા છે પણ કહેવાતા સૂફીની જિંદગી જોઈએ તો શરીઅતની પાબંદીમાં તેઓ પૂરા ઉતરતા જોવા નથી મળતા. ઈલ્લા માશા અલ્લાહ ! જ્યારે કે સાચો તસવ્વુફની રાહનો મુસાફિર તે છે જે ખૌફે ખુદાવાળો, તકવાવાળો અને શરીઅતનો જેટલો ચુસ્ત પાબંદ એટલો મહાન સૂફી કહેવાશે. આજે તો સૂફીની જાણે વ્યાખ્યા જ બદલાય ગઈ છે ! આવો સાચો સૂફી કોને કહેવાય તે જોઈ લો !

### ★ ઘસડાતા ઘસડાતા મસ્જિદે પહોંચી જમાઅતમાં જોડાયા ! ★

૨૫ સફર હિ.સ. ૧૩૪૦ ના રોજ વિસાલ થાય છે. બીમારી મહિનાઓથી હતી અને એવી કે હરવા ફરવાની શક્તિ ન હતી, એવાને શરીઅત ઈજાઝત આપે છે કે આવો બીમાર ઘરમાં એકલો નમાઝ પઢી લે,

www.barkatekhwaja.net

છતાં ઈમામ અહમદ રઝા જમાઅતની પાબંદી કરતા અને ચાર માણસો ખુરશી પર બેસાડીને મસ્જિદ સુધી પહોંચતા. જ્યાં સુધી આ રીતે હાજરીની શક્તિ હતી જમાઅતમાં શરીક થતા રહ્યા.

એકવાર મસ્જિદે લઈ જનાર કોઈ ન હતું, જમાઅતનો સમય થઈ ગયો તો બેચૈન થવા લાગ્યા. જાતે જ જેમ તેમ ઘસેડાઈને મસ્જિદે હાજર થયા અને જમાઅતથી નમાઝ અદા કરી. આજે હટ્ટા કટ્ટા તથા શક્તિશાળી તથા સર્વ સહૂલતો છતાં નમાઝનો તર્ક તથા જમાઅતનો તર્ક કરવાના માહોલમાં આ બનાવ એક મહાન બોધપાત્ર છે.

## ★ નમાઝથી બેપરવા કહેવાતા સૂફીઓ માટે બોધદાયક પ્રસંગ ★

એકવાર ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાની જમીનદારીમાં રોકાયેલા હતા. દર્દે કુલંજ (એક બીમારી)ના સખત દૌરા પડયા કરતા હતા. એક દિવસે એકલા હતા. ફર્માવે છે : "ઝહોરના સમયે દર્દ શરૂ થયું તો એ જ હાલતમાં જે રીતે બન્યું વુઝૂ કર્યું. હવે નમાઝ માટે ઉભા થઈ શકાતુ ન હતું. રબ جل جلالہ થી દુઆ કરી અને હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم થી મદદ માંગી. મૌલા عزوجل દુઃખીઓની પુકાર સાંભળે છે. મેં સુન્નતોની નિય્યત બાંધી લીધી તો દર્દ તદ્દન ન હતું અને સલામ ફેરવી તો એ જ સખ્તીથી હતું ! તરત જ ઉઠીને ફર્ઝોની નિય્યત બાંધી તો દર્દ જતુ રહ્યું અને જ્યારે સલામ ફેરવી તો દર્દની એ જ હાલત હતી ! બાદની સુન્નતો પઢી તો દર્દ અટકી ગયું અને સલામ ફેરવ્યા બાદ રાબેતા મુજબ ચાલુ થઈ ગયું. મેં કહ્યું, હવે અસર સુધી થતુ રહે ! પલંગ પર આડો પડી પાસાં બદલતો રહ્યો કે દર્દથી કોઈ પાસા પર ચૈન ન હતું. *(મલ્ફૂઝાત, ૨/૭૯)*

ચાહે એવું કહો કે નમાઝની હાલતમાં દર્દ એકદમ ઉઠાવી લેવામાં આવતુ હતું અથવા એવું કહો કે અલ્લાહની પ્રતિ ધ્યાન કેન્દ્રિત થવાને કારણે તથા ઈબાદતમાં અતિ મશગૂલ થઈ જવાને કારણે દર્દનો અહેસાસ થતો ન હતો. ગમે તેમ પણ ઈમામ અહમદ રઝાની ખુદાની બારગાહમાં મકૂબૂલિયત તથા ઈબાદતના શોખ સંબંધે દલીલ પૂરતી છે.

## ★ સાચા સૂફીઓ તથા વલીઓ આવા હોય છે ! ★

હનફીઓના ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ દિવસભર ઈલ્મી ક્ષેત્રે વ્યસ્તતા તથા ફિકહના સંપાદન વગેરેમાં વ્યસ્ત રહેતા હતા. રાત્રે નફલો તથા ઈબાદત પણ કરતા રહેતા અને રાતના અમુક હિસ્સામાં આરામ પણ કરતા. એકવાર ક્યાંક જઈ રહ્યા હતા તો એમને જોઈને કોઈકે કહ્યું, આ તે જ છે જે રાતભર ઈબાદત કરે છે ! તો એ સમયથી આખી રાત ઈબાદત તથા શબ બેદારી અપનાવી લીધી.

એ જ પ્રમાણે કોઈકે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ને પત્ર લખ્યો એમાં અન્ય લકબો સાથે "હાફિઝ" લખી આપ્યું. એ વખતે આપ બાકાયદા હાફિઝ ન હતા, જો કે લગભગ સર્વ આયતો હઝરતની જીભ તથા કલમ પર રહ્યા કરતી હતી અને જરૂરત પ્રમાણે તેનાથી દલીલો તથા સાબિતી પણ કરતા. શેર બે શએ અહલે સુન્નત મૌલાના હશમત અલીખાં رحمۃ اللہ علیہ ૨૯ શાબાન હિ.સ. ૧૩૩૭ નો પોતાનો જાત અનુભવ વર્ણન કરે છે કે એક પત્રમાં આ'લા હઝરતે પોતાના લકબો સાથે "હાફિઝ" લખેલું જોયું તો આંખોમાં આંસૂ આવી ગયાં અને ખૌફે ખુદાથી દિલ કાંપી ઉઠયું અને ફર્માવ્યું, "હું એ વાતથી ડરુ છું કે મારો હશ્ર (હિસાબ કિતાબ) એ લોકોમાં ન થાય જેમના બારામાં કુર્આને અઝીમ ફર્માવે છે : يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا "તેઓ એને

www.barkatekhwaja.net

પસંદ કરે છે કે એમની એવી ખૂબીઓ વર્ણન કરવામાં આવે જે એમનામાં નથી.'' *(આ'લે ઈમરાન ૩/૧૮૮)*

આ પ્રસંગ પછી આપે કુર્આન હિફ્ઝ કરવાનો અટલ નિશ્ચય કરી લીધો અને દરરોજ ઈશાનું વુઝૂ કર્યા બાદ જમાઅત થતા સુધીમાં એ પ્રમાણે યાદ કરતા કે કોઈ એક પારો કે વધારે આપને સંભાળાવી દેતું, પછી આપ સંભળાવી દેતા ! ૨૯ શાબાન પછીથી શરૂ કર્યું અને ૨૯ રમઝાન સુધીમાં આપે કુર્આન હિફ્ઝ કરી લીધું અને તરાવીહમાં સંભળાવી પણ આપ્યું. *(તર્જુમાને અહલે સુન્નત, પીલીભીત)*

આ પ્રસંગ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના પ્રસંગથી કેટલાક અંશે મળતાપણુ ધરાવે છે, એમાં પણ એવું બન્યુ કે કોઈકે કહી દીધું કે ''પૂરી રાત ઈબાદત કરે છે'' તો ઈમામે આઝમે આખી રાત ઈબાદત કરવા માંડી ! અને અહીં પણ એ છે કે કોઈકે 'હાફિઝ' લખી દીધું તો ખૌફે ખુદા રાખીને હાફિઝ બની ગયા ! ખુદાનો ડર હોય તો આવી મુશ્કેલ ચીજો મુશ્કેલ નથી રહેતી અને દિલ એવું થઈ જાય છે કે તે કામ કરીને જ જંપે છે. જેઓ ખોટા મોટા લક઼બો સાથે પોતાના એલાનના ખ્વાહિશમંદ છે તેઓ વિચારે !

## ★ ઔરતોને બે પર્દા સામે ન બેસાડતા ! ★

પીલીભીતના મશ્હૂર બુઝુર્ગ શાહજી મુહમ્મદ શેર મિયાં رحمۃ اللہ علیہથી મળવા મુહદ્દિષે સૂરતીની સાથે તશરીફ લઈ ગયા. જોયું કે શાહ સાહબ પર્દા વિના ઔરતોને મુરીદ બનાવી રહ્યા છે. શરીઅતના હુકમો પર કમાલની ગૈરત (શરમ)ને કારણે આ'લા હઝરત તેમને મળ્યા વિના જ પાછા વળી ગયા ! જો કોઈ બીજુ હોત તો નારાજ થઈ જાત પણ શાહ સાહબની બેનફસી તથા હક઼્ક઼ પસંદીનો કમાલ એ રીતે જાહેર થયો કે સાજે સ્ટેશન સુધી વળાવવા તશરીફ લાવ્યા અને સવારના પ્રસંગ બાબતે અફસોસ દર્શાવતાં કહ્યું કે, મૌલાના ! **હવે પછી હું સ્ત્રીઓને પર્દા પાછળ બેસાડીને બયઅત લેતો રહીશ.''** ત્યારબાદ તેમની સાથે મુસાફો તથા મુઆનિક઼ો કર્યો. *(હયાતે આ'લા હઝરત, પેજ–૧૮૦)*

આજકાલના કહેવાતા કેટલાક પીરો શું કરે છે તે સૌ જાણે છે ! ક્યાંક તો બેપર્દા ઔરતોની મેહફિલોમાં હસાહસ પણ થાય છે અને નામેહરમ સ્ત્રીઓને હાથ પણ પીરો ચૂમાડે છે અને માથે તથા પીઠ વગેરે પર હાથ પણ ફેરવી આપે છે ! તો એવા પીરો સહીહ અર્થમાં તસવ્વુફ શું છે તે આ'લા હઝરતથી શીખે ! અને સ્ત્રીઓ પણ પીરો સામે બેપર્દા ન બને, તેમના હાથો સ્ત્રીઓ ન ચૂમે કે એ શરીઅતમાં હરામ છે તથા મર્દો પણ પોતાની ઔરતોને એવાં હરામ કામોથી રોકે. શરીઅતની પાબંદી ન કરે તે પીર ન થઈ શકે !

## ★ ઈમામ અહમદ રઝા : મહાન આશિક઼ે રસૂલ ★

ખુદ રસૂલે પાક ﷺનું ફર્માન છે : **''તમારામાંથી કોઈ હરગિઝ મોમિન નથી થઈ શકતું જ્યાં સુધી હું તેને તેના માબાપ, ઔલાદ તથા તમામ લોકો કરતાં અધિક પ્યારો ન થઈ જાઉં.''** *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, કિતાબુલ ઈમાન)* બીજી હદીષમાં છે કે, **''તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં.''** *(અલ્ મોઅ્જમુલ કબીર)* આ હદીષનો અમલી નમૂનો આ'લા હઝરતની જાત છે.

સારાંશ કે દુનિયાની દરેક ચીજ ત્યાં સુધી કે પોતાની જાન કરતાં પણ રસૂલે પાક ﷺથી અધિક મહોબ્બત હશે તો જ ''મો'મિન'' ગણાશે. આવો ! આ'લા હઝરતના ઈશ્ક઼ની ઝલકો જોઈએ :–

## ★ ઈશ્કે મુસ્તફા ﷺથી ભરપૂર શેઅરોની ઝલકો ★

આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઈશ્કે નબી ﷺમાં ચૂર આ શેઅર જુઓ :–

*યા કાફિલતી ઝીદી અજલક – રહમે બર હસ્રતે તશ્ના લબક*
*મોરા જિયરા લરઝે દરક દરક – તયબહસે અભી ન સુના જાના*

**અર્થાત** : હે કાફલાવાળાઓ ! મારા સાથીઓ ! ખુદાને ખાતર મદીનાનું રોકાણ વધારી દો, કેમ કે તમે મદીનાથી જવાની વાત કરો છો તો મારું દિલ ગભરાયને ધડક ધડક કરે છે અને જાન નીકળી નીકળી જાય છે ! એમાં કોઈ શંકા નથી, કેમ કે જ્યારે આ'લા હઝરત જેવો આશિકે રસૂલ મદીના છોડતો હશે તો તેની વર્ણવેલ હાલત થતી જ હશે. કેમ કે આપણા જેવા નકામા પણ એ સમયે પોતે પોતાને નથી સંભાળી શકતા, તો પછી એ તો આપણા ઈમામ છે ! મદીના મુનવ્વરાને છોડવા તો બાળકો તથા જાનવરો પણ નથી ચાહતાં ! તો પછી આ તો મુજદ્દિદે દીનો મિલ્લત છે એમની આ હાલત કેમ ન થાય ?! સાંભળો !

હઝરત પીર જમાઅત અલી શાહ સાહબ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہને મદીનામાં એક યતીમ બાળક રડતુ મળ્યું જેનો કોઈ પણ વાલી વારસ ન હતો. આપે ફર્માવ્યું, ચાલ મારી સાથે પાકિસ્તાન ! તને દરેક નેઅમત મળશે. તેણે રડતાં રડતાં રોઝએ પાકની તરફ ઈશારો કરતાં પૂછયું, આ મન્ઝર પણ જોવા મળશે તો ચાલુ તમારી સાથે ?! નહીં તો દુનિયાની બાદશાહીને મદીનાની ફકીરી પર કુર્બાન કરું છું. જ્યારે બાળકોની આ હાલત છે તો ઈશ્કે રસૂલમાં ફના થનાર મુજદ્દિદની આવી હાલત કેમ ન થાય ?!

હઝરત મૌલાના સરદાર અહમદ સાહબ મુહદ્દિષે આ'ઝમે પાકિસ્તાન رحمۃ اللہ علیہની પાસે મદીના શરીફમાં એક બંદો રડતો રડતો આવ્યો કે હઝરત ! અજબનો બનાવ બન્યો. ફર્માવ્યું, વર્ણન કરો ! અર્ઝ કરી, મેં રોઝા પાકની પાસે એક બિલાડી બેઠેલી જોયી જે મને ઘણી પ્યારી લાગી. મેં ઈરાદો કર્યો કે હું તેને મદીના શરીફથી પાકિસ્તાન લઈ જાઉં. રાતે હું સૂતો હતો તો જોયું કે હુઝૂર ﷺનો દરબાર લાગેલો છે અને બિલાડી મારી ફરિયાદ કરી રહી છે કે હુઝૂર ! આ મને મદીનાથી પાકિસ્તાન લઈ જવા ચાહે છે !

એક નઅતે પાકમાં આ'લા હઝરત લખે છે :–

*તૂબા મેં જો સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ*
*માંગૂં નઅતે નબી લિખનેકો રૂહે કુદ્સસે ઐસી શાખ*
*(તૂબા = જન્નતની ઝાડ, રૂહે કુદ્સ = જિબ્રઈલ علیہ السلام)*

**અર્થાત** : આ'લા હઝરત ઈશ્કે મુસ્તફા ﷺમાં સરશાર થઈને કહે છે, હઝરત જિબ્રઈલ علیہ السلامની ખિદમતમાં ગુઝારિશ છે કે જન્નતના ખુશબોદાર ઝાડ (તૂબા)ની સીધી, ઊંચી તથા અતિશય ઉમદા શાખ અતા કરે જેથી તેની કલમ બનાવીને ખુદા તથા ખુદાઈના મહબૂબ ﷺની એના વડે નઅત લખું જેથી એ કલમની નઝાકતોના થકી નઅત શરીફની નઝાકતોને કાળજીથી યથાવત રાખીને નઅત લખવાનો હક્ક અદા કરવામાં આવે.

એક નઅતમાં લખે છે :–

*જાન હૈ ઈશ્કે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા – જિસકો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં !*

**અર્થાત** : આકાએ દો જહાં ﷺની મહોબ્બત અમારી જાન છે, બલ્કે અમારી હજારો જાનો એના પર

કુર્બાન છે ! અલ્લાહ તઆલા એમાં બરકત પેદા ફર્માવે. બાકી રહ્યું એમની મહોબ્બતમાં રડવું તથા આંસૂ વહાવવું, તો આ એવું દર્દ છે કે જેનો અમે ઈલાજ કરવા જ નથી ચાહતા ! કેમ કે જેને આ દર્દમાં મજા આવી ગઈ છે તે ઈલાજ કે સારવાર કરાવવાથી બેઝાર રહે છે. સુબ્હાનલ્લાહ ! આ છે આ'લા હઝરતનો ઈશ્ક઼ ! ખુદા તઆલા આપણને એનો સદક઼ો અતા કરે. લખાણ લાંબુ ન થાય જેથી અમુક શેઅરો જ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈશ્કે મુસ્તફાથી છલકાતા નક઼લ કરી દઈએ છીએ એને વારંવાર વાંચો અને દિલમાં ઈશ્કે મુસ્તફાની ચાસણી પેદા કરો.

★ *ભીની સુહાની સુબ્હમેં ઠંડક જિગરકી હૈ – કલિયાં ખિલીં દિલોંકી હવા યહ કિધરકી હૈ*
*હમ ગિર્દે કા'બા ફિરતે થે કલ તક ઔર આજ વો – હમ પર નિષાર હૈ યે ઈરાદત કિધરકી હૈ*
*હાં ! હાં ! રાહે મદીના હૈ ગાફિલ ઝરા તૂ જાગ – ઓ પાંવ રખનેવાલે ! યે જગહ વઝએ સરકી હૈ*

★ *હાજીઓ ! આઓ ! શહનશાહ કા રોઝા દેખો – કા'બા તો દેખ ચૂકે કા'બે કા કા'બા દેખો*

★ *લહદમેં ઈશ્કે રુખે શહકા દાગ લે કે ચલે – અંધેરી રાત સુની થી ચિરાગ લે કે ચલે*

★ *યા ઈલાહી જબ 'રઝા' ખ્વાબે ગિરાંસે સર ઉઠાએ દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફાકા સાથ હો*

★ *સર તા બક઼દમ તને સુલ્તાને ઝમન ફૂલ – લબ ફૂલ, દહન ફૂલ, ઝકન ફૂલ, બદન ફૂલ*

★ *કરૂં તેરે નામ પે જાં ફિદા, બસ એક જાં નહીં દો જહાં ફિદા – દો જહાંસે ભી નહીં જી ભરા, કરૂં ક્યા કરોળોં જહાં નહીં*

એક વ્યક્તિએ ખિદમતમાં હાજર થઈને નાનાપારાના નવાબની શાનમાં ક઼સીદો લખવાની દરખાસ્ત કરી. (કે ખૂબ નઝરાણાં આપશે !) ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઈમાની ગૈરત જોશમાં આવી અને લખ્યું :

*કરૂં મદહ઼ે અહલે દોવલ રઝા ! પળે ઈસ બલામેં મેરી બલા !*
*મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારએ નાં નહીં !* (પારાએ નાં = રોટીનો ટુકડો)

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાયરી અને કાવ્ય રચનામાં પણ દુનિયાથી બેરગબતીનું વર્ણન મળે છે. આક઼ાએ કરીમ ﷺની બારગાહમાં દુનિયાના ગમ અને ફિકરથી છૂટકારા માટે આ રીતે અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! ﷺ *કાંટા મેરે જિગર સે ગ઼મે રોઝગાર કા – યૂં ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો*

અને નબી ﷺના ગુસ્તાખો નજદી વહાબી પર ખૂબ જ સખ્ત હતા, જેમ કે :–

*દુશ્મને અહમદ પે શિદ્દત કીજિયે – મુલ્હિદોંકી ક્યા મુરવ્વત કીજિયે*
*મિષ્લે ફારસ ઝલઝલે હોં નજદમેં – ઝિક્રે આયાતે વિલાદત કીજિયે*
*ગયઝમેં જલ જાએં બેદીનોં કે દિલ – યા રસૂલલ્લાહ કી કષરત કીજિયે*

સારાંશ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના દિલમાં ઈશ્કે મુસ્તફા ﷺનો મોજાં મારતો એવો સમુદ્ર ભરેલો હતો કે જ્યારે પણ ક઼લમ ચલાવી જાંનિષારી તથા સર્વસ્વ કુર્બાન કરવાનો જઝબો પ્રદર્શિત થતો રહ્યો. દરેક વાત, વાણી તથા કલામ ઈશ્કે મુસ્તફા ﷺથી સરશાર તથા લબરેઝ તથા ઈશ્ક઼ને છલકાવતુ હતું. સુબ્હાનલ્લાહ !

**મૌલાના કૌષર નિયાઝી** (માજી માહિતી પ્રસાધરણ પ્રધાન, પાકિસ્તાન) લખે છે : બરેલીમાં એક



www.barkatekhwaja.net

શખ્સ પેદા થયો તે નઅત ગોઈનો ઈમામ હતો, અને અહમદ રઝા બરેલ્વી જેનું નામ હતું. તેની સાથે શક્ય છે કે લોકોને કેટલીક બાબતોમાં મતભેદ હોય. અક઼ીદાઓમાં મતભેદ હોય. પરંતુ તેમાં કોઈ શંકાને સ્થાન નથી કે ઈશ્કે રસૂલ તેમની નઅતોમાં દાબી દાબીને ભર્યું છે. *(તકરીબે ઈશાઅત, અર્મુગાને નઅત, કરાચી, પેજ–૨૯)*

## આ'લા હઝરત رحمۃ اللہ علیہની કરામતોની એક ઝલક !

### ★ સાડા ચૌદસો વરસની કિતાબોના હાફિઝ ! ★

મુહદ્દિષે આ'ઝમે હિંદ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે આ વસ્તુ દરરોજ બનતી કે જવાબની પૂર્ણતાના માટે ફિકહના જુઝઈય્યા (અસ્લ કાનૂન)ની તલાશમાં જો લોકો (આ'લા હઝરતને) અર્ઝ કરતા તો આ'લા હઝરત તે જ વખતે ફર્માવી આપતા કે રદ્દુલ મુહતાર, ભાગ ફલાણો, પેજ નં. ફલાણાની લીટી ફલાણીમાં આ શબ્દો સાથે જુઝઈય્યહ (મુખ્ય કાયદો) મૌજૂદ છે. દુર્રે મુખ્તારના ફલાણા પેજની ફલાણી લીટીમાં આ લખાણ છે, આલમગીરીમાં ફલાણા ભાગ, ફલાણા પેજ, ફલાણી લીટીમાં આ શબ્દોમાં મૌજૂદ છે, એવો ઈર્શાદ ફર્માવી આપતા. હવે જો કિતાબોમાં જઈને જોતા તો પેજ તથા લીટી તથા લખાણ એ જ જોવા મળતુ જે આ'લા હઝરતે મૌખિક કહ્યું હતું ! એને તમે વધુમાં વધુ એ જ કહી શકો કે **ખુદાદાદ યાદ શક્તિથી સાડા ચૌદસો વરસની કિતાબો યાદ (હિફ્ઝ) હતી.**

### ★ એકવાર વાંચતાં કિતાબ પેજ લીટી નં. સાથે મોઢે ! ★

એ જ પ્રમાણે **મલિકુલ ઉલમા હઝરત અલ્લામા મૌલાના શાહ ઝફરુદ્દીન બિહારી** عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُનો રિવાયત કરેલ પ્રસંગ છે. વાતને ટૂંકાવતાં જણાવું કે સફરમાં કિયામ દરમ્યાન મુહદ્દિષે સૂરતી હઝરત અલ્લામા વસી અહમદ સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُથી એક કિતાબ લઈ રાતમાં જ વાંચી સવારે પરત કરી, આપે સાથે લઈ જવા કહ્યું તો આ'લા હઝરતે ફર્માવ્યું કે, "આ કિતાબમાં વિષયોની અનુક્રમણિકા ન હતી, તો ફકીરે કિતાબની પાછળ અનુક્રમણિકા પણ લખી દીધી છે, જોઈ લો !" મુહદ્દિષે સૂરતીએ કહ્યું, "શું એક વાર જોઈ લેવું પૂરતુ છે ?!" આ'લા હઝરતે ફર્માવ્યું, **"અલ્લાહ عزوجل ના ફઝલો કરમથી ઉમ્મીદ છે કે બે ત્રણ મહિના સુધી જ્યાંના લખાણ (જે પેજ નં. લીટી નં.)ની જરૂરત હશે ફતવામાં લખી દઈશ અને વિષય તો ઈન્શાઅલ્લાહ ! જીવનભર માટે મેહફૂઝ થઈ ગયા !** *(તજલ્લિયાતે આ'લા ઈમામ અહમદ રઝા)*

### ★ આ'લા હઝરતની કરામતથી જાદૂગરનો ઈસ્લામ સ્વીકાર ! ★

હઝરત શાહ માના મિયાં સાહબનું બયાન છે કે મારા પીરો મુર્શિદ આ'લા હઝરત સરકાર عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُપોતાની મસ્જિદેથી નમાઝ પઢી આવી રહ્યા હતા, સોદાગ્રાન મહોલ્લામાં લોકોની ભીડ જોઈ. પૂછતાં ખબર પડી કે એક ગૈર મુસ્લિમ જાદૂગર પોતાનો જાદૂ બતાવી રહ્યો છે. ત્રણ ચાર કિલો પાણીથી ભરેલું વાસણ કાચા દોરા વડે ઉઠાવી રહ્યો છે. આ'લા હઝરત સરકાર પણ એ મજમાની તરફ ગયા અને તે જાદૂગરને કહેવા લાગ્યા કે સાંભળ્યું છે કે તમે કાચા દોરા વડે ત્રણ ચાર કિલો પાણી ભરેલુ વાસણ ઉઠાવી લો છો ! તેણે કહ્યું, જી ! હા ! ઈર્શાદ ફર્માવ્યો, કોઈ અન્ય ચીજ પણ ઉઠાવી શકો છો ? તેણે કહ્યું, જે ચીજ પણ તમે આપો ઉઠાવી લઈશ ! આ'લા હઝરતે પોતાના જૂતા મુબારકને પગેથી કાઢતાં (આપ નાગરા જૂતા પહેરતા હતા જેનું લગભગ ૫૦ ગ્રામ વજન હશે) ફર્માવ્યું, આ જૂતાને ઉઠાવવાનું તો મોટી વાત છે, પણ એની

જગાએથી હટાવીને જ બતાવી દો ! જાદૂગરે ખૂબ જ કોશિશ કરી પરંતુ તે જૂતા મુબારકને તેની જગાએ હલાવી ન શક્યો. આ'લા હઝરતે ફરી ઈર્શાદ ફર્માવ્યો, સારું ! આ વાસણને જ હવે ઉઠાવી બતાવો ! હવે એણે વાસણ ઉઠાવવા પ્રયત્ન કર્યો તો તેને પણ ન ઉઠાવી શક્યો ! તે જાદૂગર એ કરામતને જોઈને આ'લા હઝરતના કદમો પર ગબડી પડયો અને કલ્મો પઢીને ઈસ્લામથી પાવન થઈ ગયો અને આ'લા હઝરતની બારગાહથી રૂહાનિયતની મહાન દૌલત લઈને પરત થયો. *(હવાલો : ઉપર મુજબ)*

## ★ રામપુરના નવાબની બેગમના મૃત્યુની પેશનગોઈ ★

હિ.સ. ૧૩૨૮માં એક અજબનો પ્રસંગ બન્યો કે રામપુરના નવાબ સાહબની બેગમ જે શીઆ હતી તે બીમાર થઈ ગઈ. આ'લા હઝરતને એ બેગમના વિશે પૂછવામાં આવ્યું તો જવાબ આપ્યો, "રાફઝીપણુ છોડીને સુન્ની થઈ જાય, નહીં તો સાજી થશે નહીં !" તેણી સુન્ની થવા માટે તૈયાર ન થઈ જેથી બીમારી વધતી ગઈ. એ વરસે આઠ શવ્વાલે બીજો સવાલ કરવામાં આવ્યો કે, તેણીનું મૃત્યુ ક્યારે અને ક્યાં થશે ? તેણી તે વખતે આબોહવાના ફેરના માટે નૈનીતાલમાં રહેતી હતી. આ'લા હઝરતે જવાબ આપ્યો કે તેનું મૃત્યુ મોહર્રમના મહિનામાં થશે પણ નૈનીતાલમાં નહીં બલ્કે પોતાના શહેર રામપુરની નજીક થશે. અમુક ઉતાવળીયા લોકોને આ જવાબની ખબર પડી તો તેમણે ઝી કઅદામાં જ પત્રો લખવાનું શરૂ કરી આપ્યું, જુઓ ! તેણી તો હજી જીવે છે ! તેમને જવાબ આપવામાં આવ્યો કે મોહર્રમ તો આવવા દો ! મોહર્રમમાં ન મરે તો જવાબ ગલત થઈ જશે ! જેથી નવાબ નૈનીતાલમાં રોકાયેલા હતા એવામાં કાનપૂરની મસ્જિદ શહીદગંજના હંગામામાં લેફટન્ટ મિ. મેસ્ટિનની બેચૈની હદથી વધી તો નવાબ સાહબને તાર કર્યો કે રામપુર આવુ છું, જલ્દી આવીને મળો ! નવાબ એકલા જવા તૈયાર થયા તો બેગમે ન માન્યું. છેવટે બંનેવ માહે મુહર્રમમાં જેવાં રામપુર નજીક પહોંચ્યાં તેવો જ બેગમનો ઈન્તેકાલ થઈ ગયો. આ તો કેવળ કમાલો તથા કરામતોની ઝલક જ છે, આ'લા હઝરતના કમાલોનો અભ્યાસ કરો તો તમારા ઈમાનને ચાર ચાંદ લાગી જશે અને બંને જહાન લુત્ફથી ભરપુર થઈ જશે.

## ★ તરત જ વર્ષા થવા લાગી ! ★

હઝરત મૌલાના શાહ ગુલામ હુસૈન ચિશ્તી જે જ્યોતિષ વિદ્યામાં નિષ્ણાત હતા તે એક દિવસ આવ્યા તો આ'લા હઝરતે કહ્યું કે જણાવો ! વરસાદનો શો અંદાઝો છે ?! ક્યાં સુધીમાં થશે ? તેમણે તારાઓના આધાર પર કુંડળી બનાવી અને કહ્યું, આ મહિનામાં પાણી નથી, આવતા મહિને થશે. એવું કહીને એ કુંડળી આ'લા હઝરતની તરફ લંબાવી દીધી. આ'લા હઝરતે જોઈને કહ્યું કે અલ્લાહ તઆલા ﷻ ને બધી જ કુદરત છે એ ચાહે તો આજે વરસાદ થાય. તેમણે કહ્યું કે એ કેવી રીતે થઈ શકે છે ! તમે તારાઓની સ્થિતિ નથી જોતા ?! આ'લા હઝરતે ફર્માવ્યું, હું બધું જોઈ રહ્યો છું અને એની સાથે સાથે તારાઓની સ્થિતિને પણ તથા તેની (રબની) કુદરતને પણ જોઈ રહ્યો છું. પછી આ કઠીન મસ્અલાને આ'લા હઝરતે કેટલી સરળ પદ્ધતિથી સમજાવી આપ્યો. સામે ઘડિયાળ લાગેલું હતું, આ'લા હઝરતે તેમને પૂછ્યું કે કેટલો સમય થયો છે ? કહ્યું, સવા અગ્યાર વાગેલા છે. આ'લા હઝરતે કહ્યું, ૧૨ વાગવામાં કેટલીવાર છે ? શાહ સાહબ બોલ્યા, બરાબર પોણો કલાક. આ'લા હઝરત ઉઠયા અને મોટો કાંટો ફેરવી દીધો, તરત જ ટન ટન બાર વાગવા લાગ્યા. પછી આ'લા હઝરતે ફર્માવ્યું, તમે કહેતા હતા કે બરાબર પોણો કલાક બાર વાગવામાં છે ! શાહ સાહબ બોલ્યા, આપે એનો કાંટો ફેરવી દીધો, નહીં તો એની ગતિ પ્રમાણે પોણા કલાક પછી જ બાર વાગત. આ'લા હઝરતે

ફર્માવ્યું, એ જ પ્રમાણે રબ્બુલ ઈઝ્ઝત ﷻ ક઼ાદિરે મુત્લક઼ છે કે જે તારાને જે સમયે જ્યાં ચાહે પહોંચાડી આપે. તે ચાહે તો એક મહિનો શું, એક અઠવાડિયું શું, એક દિવસ શું, હમણાં વરસાદ થવા લાગે ! આટલું જીભ મુબારકેથી નીકળવું હતું કે ચારેવ તરફથી ઘનઘોર ઘટા આવી ગઈ અને પાણી વરસવા લાગ્યું ! સારાંશ કે ઈલ્મે નજૂમ પર વિશ્વાસ એ પ્રકારનો હતો કે તારાઓની અસરોને સ્વીકારતા હતા પણ મૂળ મુખ્તાર કર્તા હઝરત ઈઝ્ઝત રબ તઆલા ﷻ ને જાણતા હતા. તારાઓની સ્થિતિ તથા ગતિ બદલવાની પણ જરૂરત નથી. بفضل الله ماشاء ويحكم مايريد

*આપ હરફન કે હર ઈલ્મ કે ઈમામ – મુસ્તફીઝ આપસે હૈં સભી ખાસો આમ*
*આપ હૈં નાઈબે ખાતમુલ મુરસલીન – સૈયદી મુર્શિદી શાહ અહમદ રઝા*

## ★ આ'લા હઝરત : ઉચ્ચ કોટીના ફક઼ીહ તથા મહાન મુહદ્દિષ ★

આપની હિફાઝતનો આપણા તથા ગૈર સૌએ સ્વીકાર કર્યો છે. 'ફતાવા રઝવિય્યહ' અસલ ૧૨ ભાગોમાં લખાયેલી તે આપની ફિક઼હમાં ઉચ્ચતા માટે મહાન પુરાવો છે.

ઈમામ અહમદ રઝાના ફિક઼ાહત (ફિક઼હ વિદ્યા)ના કમાલ પર આપણા તથા વિરોધીઓ સૌ એકમત છે ! અને અરબ તથા અજમના ઉલમા સૌ સંમત છે. (વધુ વિગત માટે અદૌલતુલ મક્કિયા, ફાઝિલે બરેલ્વી ઉલમાએ હિજાઝકી નઝરમે.....વગેરે વાંચો) મશહૂર દાનિશ્વર **અબુલ હસન અલી નદવી (દેવબંદી)** ઈમામ અહમદ રઝાની ફિક઼ાહત પર વિચારો પ્રદર્શિત કરતાં લખે છે :

"જો ઈમામે આ'ઝમ નોઅ્માન બિન ષાબિત અબૂ હનીફા رضی اللہ عنہ આપના ફતાવાને જોતે તો તેમની આંખો ઠંડી થાત અને તેના સંપાદક (આ'લા હઝરત)ને પોતાના ખાસ શાગિર્દોમાં સમાવી લેત."

વહાબી મસ્લકના મૌલ્વી નિઝામુદ્દીન અહમદપૂરી (વહાબી) આ'લા હઝરત વિશે લખે છે કે, **"અલ્લામા શામી અને ફત્હુલક઼દીર (કિતાબના) લેખક મૌલાના અહમદ રઝાના શાગિર્દ છે. આ તો બીજા ઈમામે આ'ઝમ જણાય છે !"** *(ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં, યાસીન અખ્તર મિસ્બાહી)*

## ★ આ'લા હઝરતથી મહોબ્બત : અહલે સુન્નત હોવાનું માપદંડ ★

મક્કા મોઅઝ્ઝમાના સૌથી બુઝુર્ગ આલિમ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મગરબી رحمۃ اللہ علیہ (શૈખુલ હદીષ હરમ શરીફ, મક્કા શરીફ) ફર્માવે છે કે :–

**"જ્યારે પણ હિંદુસ્તાનથી કોઈ વ્યક્તિ આવે છે તો અમે તેને મૌલાના શૈખ અહમદ રઝા વિશે પૂછીએ છીએ, જો તે તેમની પ્રસંશા તથા તારીફ કરે તો અમે સમજી લઈએ છીએ કે આ "અહલે સુન્નત જમાઅત"માંથી છે, અને જો તે તેમની બુરાઈ કરે તો સમજી જઈએ છીએ કે આ "બદ્‌મઝહબ ગુમરાહ" છે. અને આ જ અમારી કસોટી તથા માપદંડ છે."**

હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ અલ્વી માલિકી رحمۃ اللہ علیہ (મક્કા મોઅઝ્ઝમાના ક઼ાઝીયુલ કુઝાત, ચીફ જસ્ટિશ) આ'લા હઝરતની શાનમાં ફર્માવે છે કે, "અમે મૌલાના અહમદ રઝા ખાનને તેમની તસ્નીફો (લખેલી કિતાબો) તથા તાલીફો (સંપાદન કરેલી કિતાબો) દ્વારા ઓળખીએ છીએ. **તેમની સાથે મહોબ્બત સુન્નિયતની નિશાની છે અને તેમની સાથે કીનો તથા દુશ્મની બદ્‌મઝહબી તથા બિદઅતી હોવાની પહેચાન છે.** *(લેખના હવાલા : કિતાબો "બરકાતે રઝા, તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા વગેરે)*

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

اٰیاتها ۱۶۵ (۶) سُوْرَةُ الْاَنْعَامِ مَكِّیَّةٌ (۵۵) رُكوعاتها ۲۰

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ وَ جَعَلَ الظُّلُمٰتِ
وَ النُّوْرَ۬ؕ ثُمَّ الَّذِیْنَ كَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ (۱) هُوَ الَّذِیْ
خَلَقَكُمْ مِّنْ طِیْنٍ ثُمَّ قَضٰۤى اَجَلًاؕ وَ اَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ
اَنْتُمْ تَمْتَرُوْنَ (۲) وَ هُوَ اللّٰهُ فِی السَّمٰوٰتِ وَ فِی الْاَرْضِؕ یَعْلَمُ
سِرَّكُمْ وَ جَهْرَكُمْ وَ یَعْلَمُ مَا تَكْسِبُوْنَ (۳) وَ مَا تَاْتِیْهِمْ مِّنْ
اٰیَةٍ مِّنْ اٰیٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِیْنَ (۴) فَقَدْ كَذَّبُوْا
بِالْحَقِّ لَمَّا جَآءَهُمْؕ فَسَوْفَ یَاْتِیْهِمْ اَنْۢبٰٓؤُا مَا كَانُوْا بِهٖ
یَسْتَهْزِءُوْنَ (۵) اَلَمْ یَرَوْا كَمْ اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِّنْ قَرْنٍ
مَّكَّنّٰهُمْ فِی الْاَرْضِ مَا لَمْ نُمَكِّنْ لَّكُمْ وَ اَرْسَلْنَا السَّمَآءَ
عَلَیْهِمْ مِّدْرَارًا۪ وَّ جَعَلْنَا الْاَنْهٰرَ تَجْرِیْ مِنْ تَحْتِهِمْ
فَاَهْلَكْنٰهُمْ بِذُنُوْبِهِمْ وَ اَنْشَاْنَا مِنْۢ بَعْدِهِمْ قَرْنًا اٰخَرِیْنَ (۶)
وَ لَوْ نَزَّلْنَا عَلَیْكَ كِتٰبًا فِیْ قِرْطَاسٍ فَلَمَسُوْهُ بِاَیْدِیْهِمْ لَقَالَ
الَّذِیْنَ كَفَرُوْۤا اِنْ هٰذَاۤ اِلَّا سِحْرٌ مُّبِیْنٌ (۷) وَ قَالُوْا لَوْ لَاۤ اُنْزِلَ
عَلَیْهِ مَلَكٌؕ وَ لَوْ اَنْزَلْنَا مَلَكًا لَّقُضِیَ الْاَمْرُ ثُمَّ لَا یُنْظَرُوْنَ (۸)
وَ لَوْ جَعَلْنٰهُ مَلَكًا لَّجَعَلْنٰهُ رَجُلًا وَّ لَلَبَسْنَا عَلَیْهِمْ مَّا
یَلْبِسُوْنَ (۹) وَ لَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَحَاقَ
بِالَّذِیْنَ سَخِرُوْا مِنْهُمْ مَّا كَانُوْا بِهٖ یَسْتَهْزِءُوْنَ (۱۰) قُلْ
سِیْرُوْا فِی الْاَرْضِ ثُمَّ انْظُرُوْا كَیْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِیْنَ (۱۱)

## સૂરએ અનઆમની તફસીર

**★ અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન, રહેમવાળો (છે) ★**

*બધી ખૂબીઓ અલ્લાહને જેણે ધરતી અને આકાશ બનાવ્યા[૯૩] અને અંધારાં તેમજ પ્રકાશ સર્જ્યા[૯૪] તેમ છતાં[૯૫] કાફિર લોકો પોતાના રબની સમકક્ષ ઠેરવે છે.[૯૬] (૧) તે જ છે જેણે તમને[૯૭] માટીથી જન્માવ્યા, પછી એક નક્કી સમયનો હુકમ રાખ્યો,[૯૮] અને એક નક્કી થયેલો વાયદો તેને ત્યાં છે.[૯૯] છતાં તમે લોક શંકા કરો છો (૨) અને તે જ અલ્લાહ છે આકાશો અને ધરતીનો[૧૦૦] તે તમારું છુપું અને જાહેર બધું જાણે છે, અને તમારા કર્મો જાણે છે (૩) અને તેમની પાસે કોઈ પણ નિશાની તેમના રબની નિશાનીઓમાંથી નથી આવતી પણ તેઓ તેનાથી મોઢું ફેરવી લે છે (૪) તો બેશક ! તેમણે સત્યને જૂઠાડ્યુ[૧૦૧] જ્યારે તેમની પાસે આવ્યું, તો હવે તેમને ખબર પડવામાં છે તે વસ્તુની જેના પર હસતા હતા[૧૦૨] (૫) તો શું તેમણે ન જોયું કે તેમનાથી પહેલા[૧૦૩] અમે કેટલાં ટોળાઓને ખપાવી દીધાં ? તેમને અમે જમીનમાં એવી મજબૂતી આપી[૧૦૪] જે તમને નથી આપી અને તેમના પર મુશળધાર પાણી મોકલ્યુ[૧૦૫] અને તેમની નીચે નહેરો વહાવી,[૧૦૬]*

તો તેમને અમે તેમના ગુનાહો બદલ નાશ કર્યા.[૧૦૭] અને તેમના પછી બીજુ ટોળુ ઉભુ કર્યુ[૧૦૮] (૬) અને જો અમે તમારા પર કાગળમાં કંઈક લખેલું ઉતારત[૧૦૯] કે તેઓ એને પોતાના હાથોથી અડકત, તો પણ કાફિરો કહેત આ તો નથી પણ ઉઘાડો જાદુ (૭) અને બોલ્યા[૧૧૦] 'તેમના પર[૧૧૧] કોઈ ફરિશ્તો કેમ ન ઉતાર્યો ?' અને જો અમે ફરિશ્તો ઉતારત[૧૧૨] તો કામ પતી ગયું હોત[૧૧૩] પછી તમને મહેતલ આપવામાં ન આવત[૧૧૪] (૮) અને જો અમે નબીને ફરિશ્તો કરત[૧૧૫] તો પણ તેને પુરૂષ જ બનાવત[૧૧૬] અને તેમના પર તે જ શંકા રાખત જેમાં હમણાં પડયા છે. (૯) અને અવશ્ય અય મહબૂબ ! તમારાથી પહેલાં રસૂલો પર ઠઠ્ઠો કરવામાં આવ્યો, તો તે જેઓ તેમનાથી હસતા હતા તેમની હંસી તેમને જ લઈ બેઠી[૧૧૭] (૧૦) તમે ફર્માવી દો[૧૧૮] જમીનમાં ફરો પછી જુઓ કે જૂઠાડનારાઓનું કેવું પરિણામ આવ્યું ?[૧૧૯] (૧૧) તમે કહી દો કોનું છે જે કંઈ આસ્માનો અને જમીનમાં છે ?[૧૨૦] તમે કહી દો અલ્લાહનું જ છે.[૧૨૧] તેણે પોતાની કૃપાના શિરે રહમત લખી લીધી છે.[૧૨૨] બેશક ! જરૂર તમને ક઼યામતના દિવસે એકઠા કરશે.[૧૨૩] એમાં કશી શંકા નથી. તેઓ જેમણે પોતાના જીવોને નુકસાનમાં નાખ્યાં[૧૨૪] ઈમાન નથી લાવતા (૧૨) અને તેનું જ છે. જે કંઈ વસે છે રાત અને દિવસમાં[૧૨૫] અને તે જ છે સાંભળતો, જાણતો[૧૨૬] (૧૩)

## :: સમજૂતી ::

સૂરએ અન્આમ મક્કી છે, એમાં ૨૦ રૂકૂઅ, ૧૬૫ આયતો, ૩૧૦૦ વાક્યો અને ૧૨૯૩૫ શબ્દો છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું છે કે આ

قُلْ لِّمَنْ مَّا فِی السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ قُلْ لِّلّٰهِ ؕ كَتَبَ عَلٰی نَفْسِهِ الرَّحْمَةَ ؕ لَیَجْمَعَنَّكُمْ اِلٰی یَوْمِ الْقِیٰمَةِ لَا رَیْبَ فِیْهِ ؕ اَلَّذِیْنَ خَسِرُوْۤا اَنْفُسَهُمْ فَهُمْ لَا یُؤْمِنُوْنَ ﴿۱۲﴾ وَ لَهٗ مَا سَكَنَ فِی الَّیْلِ وَ النَّهَارِ ؕ وَ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ﴿۱۳﴾

આખી સૂરહ એક જ રાતમાં મક્કા મુકર્રમામાં ઉતરી અને એની સાથે ૭૦,૦૦૦ ફરિશ્તાઓ આવ્યા, જેમનાથી આકાશોના કિનારા ભરાઈ ગયા. એક રિવાયતમાં એવું છે કે તે બધા ફરિશ્તા અલ્લાહની પાકી અને પવિત્રતા બોલતા બોલતા આવ્યા અને સૈયદે આલમ ﷺ "સુબ્હાન રબ્બિયલ અઝીમ" ફર્માવતા ફર્માવતા સિજદામાં ગયા.

૯૩ : હઝરત કઅબ અહબાર رضی اللہ عنہએ ફર્માવ્યું કે તવરાતમાં સર્વે પ્રથમ આ જ આયત છે. આ આયતમાં બંદાઓને બેપરવાહીની શાન સાથે હમ્દની તાલીમ આપવામાં આવી, અને આસ્માન, જમીનની પેદાઈશનું વર્ણન એટલા માટે છે કે એમાં જોનારાઓ માટે કુદરતની ઘણી હેરતનાક બાબતો તેમજ રહસ્યોનાં આશ્ચર્યજનક ચિન્હો, બોધ ગ્રહણ કરવા જેવી વાતો અને ફાયદાઓ છે.

૯૪ : અર્થાત દરેક અંધારૂં અને પ્રકાશ તે અંધકાર રાત્રીનો હોય કે કુફ્રનો, અજ્ઞાનતાનો હોય કે દોઝખનો, અને પ્રકાશ ધર્મનો હોય કે ઈમાન અને હિદાયત અથવા ઈલ્મ અને જન્નતનો. અંધકારને બહુવચન અને પ્રકાશને એકવચન બયાન કરવામાં એ તરફ ઈશારો છે કે અસત્યના માર્ગો ખૂબ જ વધારે છે અને સત્યમાર્ગ એક જ માત્ર ઈસ્લામ.

૯૫ : એટલે કે આવી દલીલોથી જાણકાર થવા છતાં અને આવી કુદરતની નિશાનીઓ જોયા પછી પણ.

૯૬ : બીજાઓને, એટલે સુધી કે પથ્થરોને પૂજે છે. એ વાતને સ્વીકારતા હોવાં છતાં કે આસ્માનો

અને ધરતીનો સર્જક અલ્લાહ છે.

**૯૭ :** અર્થાત તમારા મૂળ હઝરત આદમને, જેમના વંશમાં તમે જનમ્યા.

**ફાયદા :** આમાં મુશ્રિકોને રદીયો છે, જેઓ કહેતા હતા કે 'અમે જ્યારે સડીને માટી બની જઈશું તો ફરી કેવી રીતે જીવતા કરાઈશું ?!'' તેમને જણાવવામાં આવ્યું કે તમારું મૂળ માટી છે, તો ફરી જીવંત થવામાં આશ્ચર્ય શું ? જે શક્તિશાળીએ પ્રથમ બનાવ્યા તેની કુદરતથી મરણ પછી જીવંત થવાને અશક્ય સમજવું નાદાની છે.

**૯૮ :** જે પૂરો થયેથી તમે મૃત્યુ પામશો.

**૯૯ :** મર્યા પછી ઉઠાડવાનો.

**૧૦૦ :** તેનો કોઈ ભાગીદાર નથી.

**૧૦૧ :** અહીં સત્યનો મતલબ કુર્આન શરીફની આયતો છે અથવા સૈયદે આલમ ﷺના મો'જિઝા.

**૧૦૨ :** કે તે કેટલી મહાન છે અને તેની હંસી મજાકનું પરિણામ કેવો વબાલ અને અઝાબ છે.

**૧૦૩ :** આગળ થઈ ગએલી ઉમ્મતોમાંથી.

**૧૦૪ :** તાકત માલ અને ખૂબ સરસામાન આપીને.

**૧૦૫ :** જેનાથી ખેતી લીલીછમ થાય.

**૧૦૬ :** જેનાથી બગીચાઓનું પોષણ થાય અને દુનિયાના જીવન માટે એશ અને રાહત પ્રાપ્ત થાય.

**૧૦૭ :** કારણ કે તેમણે નબીઓને જૂઠાડયા, અને તેમનો એ સરસામાન તેમને વિનાશમાંથી ન ઉગારી શકયો.

**૧૦૮ :** અને બીજા કુર્આનવાળાઓને તેમના જાનશીન કર્યા. હેતુ એ છે કે થઈ ગએલી ઉમ્મતોની હાલતથી બોધપાઠ અને નસીહત મેળવવી જાઈએ કે તે લોકો કુફ્ર અને અનાજ્ઞાંકિત હોવાથી તેમના ખૂબ સરસામાન અને માલ દોલત તેમજ આલ ઔલાદ છતાં તબાહ કરી દેવાયા. તો જોઈએ કે તેમની હાલત જોઈને ગફલતની નિંદ્રામાંથી જાગૃત થાય.

**૧૦૯. શાને નુઝૂલ :** આ આયત નઝર બિન હારિષ, અબ્દુલ્લાહ બિન ઉમય્યહ અને નવફલ બિન ખુવૈલદ વિશે ઉતરી. તેઓએ કહ્યું કે, 'મુહમ્મદ ! (ﷺ) અમે કદાપિ તમારા પર ઈમાન નહીં લાવીએ જ્યાં સુધી કે તમે અમારી પાસે અલ્લાહ તરફથી (લખેલી તૈયાર) કિતાબ ન લાવો, જેની સાથે ચાર ફરિશ્તા હોય, તેઓ ગવાહી આપે કે આ અલ્લાહની કિતાબ છે અને તમે અલ્લાહના રસૂલ છો.'' તે બાબત આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે આ તો બધા બહાનાં છે, જો કાગળ પર લખેલી કિતાબ ઉતારવામાં આવત અને તેઓ તેને પોતાના હાથો વડે પકડીને ઉલટ પલટ કરીને જોઈ પણ લેત, અને એવું કહેવાની તક પણ ન હોત કે આ તો નઝરબંદી કરવામાં આવી હતી તે કિતાબ ઉતરતી જણાઈ, હતુ કશું નહીં. તો પણ એ અભાગી લોક ઈમાન લાવત નહીં. એને જાદુ કહેત, અને જે રીતે ચંદ્રને ભાંગનાર મો'જિઝાને જાદુ કહ્યું, અને એ મો'જિઝો જોઈને ઈમાન ન લાવ્યા એવી રીતે આનાથી પણ ઈમાન લાવત નહીં, કારણ કે જે લોકો અદેખાઈના કારણે ઈન્કાર કરે છે તેઓ નિશાનીઓ અને મો'જિઝાઓથી ફાયદો ઉઠાવી શકતા નથી.

**૧૧૦ :** મુશ્રિકો.

**૧૧૧ :** અર્થાત હુઝૂર ﷺ પર.

**૧૧૨ :** તો પણ તેઓ ઈમાન લાવત નહીં.

**૧૧૩ :** એટલે કે અઝાબ અનિવાર્ય બની જાત, અને એ અલ્લાહનો નિયમ રહ્યો છે કે જ્યારે કાફિરો કોઈ નિશાની માગે અને તે પછી પણ ઈમાન ન લાવે ત્યારે અઝાબ અનિવાર્ય બની જાય છે અને તેમનો નાશ કરી નાખવામાં આવે છે.

**૧૧૪ :** એક ક્ષણની પણ, અને અઝાબમાં ઢીલ કરવામાં આવત, તો ફરિશ્તાને ઉતારવું જેની તેઓ માગણી કરી રહ્યા છે તેમને શું ફાયદો આપત.

**૧૧૫ :** આ તે કાફિરોને જવાબ છે જેઓ હુઝૂર ﷺને કહેતા હતા કે, "એ તો આપણી જેવા જ બશર છે" અને એ ગાંડપણમાં જ તેઓ ઈમાનથી મહરૂમ રહેતા હતા. તેમને મનુષ્યમાંથી રસૂલ બનાવવાનું રહસ્ય સમજાવવામાં આવે છે કે તેમના માટે ફાયદો ઉઠાવવાની અને નબીની તાલીમથી લાભ મેળવવાની એ જ રીત છે કે નબી બશરની શિકલમાં આવે, કારણ કે ફરિશ્તાને તો તેની અસલી શિકલમાં જોવાની હિમ્મત એ લોકો ધરાવી શકતા નથી, જોતાં જ હેબતથી બેહોશ બની જાત અથવા મરી જાત, એટલા માટે ધારી લો કે ફરિશ્તાને જ રસૂલ બનાવવામાં આવત.

**૧૧૬ :** અને માનવીની શિકલમાં જ મોકલત જેથી એ લોકો તેને દેખી શકે, તેની વાત સાંભળી શકે, તેની પાસેથી દીનના હુકમો જાણી શકે. પણ જો ફરિશ્તો બશરની શિકલમાં (નબી બનીને) આવત તો ફરી, તેમને એવું જ કહેવાની તક રહેત કે 'આ તો બશર છે' તો ફરિશ્તાને નબી બનાવવાનો શું ફાયદો થાત ?

**૧૧૭ :** તેઓ અઝાબમાં ફસાયા, આમાં હુઝૂર ﷺને આશ્વાસન આપવામાં આવ્યું છે કે આપ ચિંતિત અને દુઃખી ન બનો, પહેલાંના નબીઓ સાથે પણ કાફિરોનું વલણ આવું જ રહ્યું છે, અને તેનો વબાલ તે કાફિરોને ભોગવવો પડયો છે. અને મુશ્રિકોને ચેતવણી છે કે પહેલાંની ઉમ્મતોની હાલતથી બોધ ગ્રહણ કરે અને નબીઓ સાથે અદબથી વર્તે જેથી પહેલાંવાળાઓની જેમ અઝાબમાં સપડાય નહીં.

**૧૧૮ :** અય હબીબ ﷺ ! એ હંસી ઉડાવનારાઓને કે તમે.

**૧૧૯ :** અને તેમણે કુફ્ર અને જૂઠાડવાનું કેવું ફળ મેળવ્યું ?

**૧૨૦ :** જો તેઓ આનો જવાબ ન આપે તો.

**૧૨૧ :** કારણ કે એ સિવાય બીજો જવાબ જ નથી. અને તેઓ એનો વિરોધ કરી શકતા નથી કારણ કે મૂર્તિઓ જેને મુશ્રિકો પૂજે છે તે નિષ્પ્રાણ છે, કોઈ વસ્તુના માલિક બનવાની લાયકાત ધરાવતા નથી. પોતે જ બીજાઓની મિલ્કત છે. આકાશ અને ધરતીનો માલિક તે જ હોઈ શકે જે હય્ય (જીવંત) ક઼ય્યૂમ (જીવન આપનાર) અઝલી, અબદી (નિષિમકાળી અસીમકાળ સુધી રહેનાર) ક઼ાદિરે મુત્લક (સર્વ સત્તાધીશ) દરેક વસ્તુ પર રાજ્ય કરનાર, અને સત્તા ચલાવનાર હોય, બધી વસ્તુઓ તેના સર્જન કરવાના કારણે અસ્તિત્વમાં આવી હોય, એવો અલ્લાહ સિવાય કોઈ નથી, માટે જ બધી આસ્માનની અને જમીનની કાયનાતનો માલિક તેના સિવાય કોઈ નથી હોઈ શકતું.

**૧૨૨ :** તેણે રહમતનું વચન આપ્યું અને તેનુ વચન ભંગ થઈ નથી શકતું, કારણ કે **વચન ભંગ અને જૂઠ તેના માટે અશક્ય છે.** અને રહમત આમ છે, દીની હોય કે દુનિયવી, પોતાની ઓળખ અને તવહીદ અને ઈલ્મ તરફ હિદાયત આપવી પણ રહમતમાં દાખલ છે. અને કાફિરોને મોહલત આપવી અને સજામાં જલ્દી ન કરવી પણ. કારણ કે એનાથી તેમને તવબહ અને લાજવાની મળે છે. *(જુમલ વગેરે)*

**૧૨૩ :** અને કર્મોનો બદલો આપશે.

**૧૨૪ :** કુફ્ર ધારણ કરીને.

**૧૨૫ :** અર્થાત તમામ અસ્તિત્વવાળી વસ્તુઓ તેની જ મિલ્કત છે અને તે બધાનો સર્જનહાર માલિક પાલનહાર છે.

**૧૨૬ :** તેનાથી કોઈ વસ્તુ છુપી નથી.

• • •

www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક — એટલે — મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

## باب الركوع
## બાબુર્રુકૂઅ[૧] (રુકૂઅ વિશે બયાન)

રુકૂઅનો શાબ્દિક અર્થ છે નમવું અથવા પીઠ વાંકી કરવી. ઈસ્તેલાહમાં (શરઈ બોલીમાં) કદી આજીજી તથા પસ્તીને પણ રુકૂઅ કહેવામાં આવે છે. અને કદી પૂરી રકાતને બલ્કે પૂરી નમાઝને પણ રુકૂઅ કહી દે છે. રબ ફર્માવે છે : وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ હક્ક એ છે કે પાછલી ઉમ્મતોની નમાઝોમાં રુકૂઅ ન હતો. રુકૂઅ કેવળ આ જ ઉમ્મતની નમાઝથી ખાસ થયેલ છે. રબે હઝરત મરયમથી ફર્માવ્યું : وَاسْجُدِيْ وَارْكَعِيْ ત્યાં રુકૂઅ એ ખુઝૂઅ તથા ઈન્કેસારના (તલ્લીનતા તથા આજીજીના) અર્થમાં છે. રુકૂઅ દરેક રકાતનો રુકન છે કે રુકૂઅ મળી જવાથી રકાત મળી જાય છે.

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે રુકૂઅ સિજદા પૂરા કરો, ખુદાની કસમ ! હું તમને મારા પાછળથી જોઉં છું." (મુસ્લિમ, બુખારી)*

**૧.** જાહેર એ છે કે એમાં સંબોધન કયામત સુધીના સર્વ મુસલમાનોને છે. અર્થ એ છે કે હે મારી ઉમ્મતવાળાઓ ! નમાઝ દુરુસ્ત પઢયા કરો, તમે ક્યાં પણ હોવ અને ક્યારે પણ હોવ, હું તમારી નમાઝો જોઉં છું. અમુક રિવાયતોમાં છે કે મારા પર તમારા રુકૂઅ તથા સજદા, દિલનો ખુશૂઅ તથા ખુઝૂઅ છુપો નથી. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ આપણા દિલી રાઝોથી પણ ખબરદાર છે. અંબિયા તથા અવલિયા આવનારના બનાવોને હાજરની જેમ જોઈ લે છે. હુઝૂર ﷺ એ મેઅરાજમાં દોઝખ તથા જન્નતમાં અઝાબ તથા સવાબ પામનારાઓને તેમના ઠેકાણાઓમાં જોયા, જ્યારે કે આ અઝાબ તથા સવાબ કયામત પછી થશે. અને બની શકે છે કે એમાં સંબોધન સહાબાથી હોય અને પછી પાછળ આવનારાઓના અર્થમાં હોય. એટલે કે હે સહાબીઓ ! તમે કોઈ સફમાં અને ક્યાંય હોઉ પણ અમારી નજરો તમારી નમાઝોને જુએ છે. જાણવા મળ્યું કે **હુઝૂર ﷺ ની નજરો અંધારા અજવાળામાં ખુલ્લી છુપાયેલી ચીજોને વિના સંકોચે જોઈ લે છે.** ઈસા علیہ السلام એ ફર્માવ્યું હતું કે જે કાંઈ તમે ઘરોમાં ખાયને અથવા બચાવીને આવો છે, હું તમને બતાવી શકુ છું. આ પણ હુઝૂર ﷺ નો મોજિઝો છે. મિર્કાતે ફર્માવ્યું કે આ હદીષ પોતાના જાહેરી અર્થ પર છે, એમાં કોઈ તાવીલ વગેરેનો અવકાશ નથી.

*"હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ નો રુકૂઅ અને આપનો સજદો અને બે સજદાઓ વચ્ચે બેઠક તથા જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવતા, કયામ તથા બેસવા સિવાય લગભગ સરખો હતો.[૧]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે કયામ તો તિલાવતના કારણે અને કાઈદા અત્તહિય્યાત દુરૂદો દુઆઓના કારણે લાંબા થાય છે.

www.barkatekhwaja.net

તેમના સિવાયના બાકી અરકાન રુકૂઅ સજદા વિગેરે બરાબર થતા હતા, ન બહુ લાંબા ન બહુ ટૂંકા, બલ્કે મધ્યમ થતા હતા. આ આમ નમાઝોનું વર્ણન છે. સૂર્ય ગ્રહણની નમાઝમાં રુકૂઅ તથા સજદા કયામના બરાબર હતા.

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે سمع اللہ لمن حمدہ કહેતા તો ઉભા રહેતા, ત્યાં સુધી કે અમે કહેતા કે આપને વહેમ થઈ ગયો, પછી સજદો કરતા અને બે સજદાઓની વચ્ચે બેસતા, ત્યાં સુધી કે અમે કહેતા કે આપને વહેમ થઈ ગયો.[૧]" (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે આ નફલોનું વર્ણન થઈ રહ્યું છે કે આપ નફલ નમાઝોમાં રુકૂઅ પછી કૌમા તથા બે સજદાઓની વચ્ચે જલસામાં લાંબા ઝિક્ર તથા દુઆઓ પઢતા હતા, ત્યાં સુધી કે જોનારો એવું સમજતો કે કદાચ આપે કૌમાને કયામ સમજીને તિલાવત શરૂ કરી દીધી, અથવા જલસાને કાઈદો જાણીને અત્તહિય્યાત શરૂ કરી દીધી. યાદ રાખશો કે નમાઝમાં ભૂલ ચૂક અથવા વહેમ નબુવ્વતની શાનની વિરૂધ્ધ નથી. ઘણીવાર આપ ﷺ એ સજદએ સહવ કર્યો છે.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ પોતાના રુકૂઅ તથા સજદામાં અધિકતર એવું કહેતા હતા, ઈલાહી ! હે અમારા રબ ! તું પાક છે, તારી હમ્દ છે. ખુદાયા ! મને બખ્શી આપ. કુર્આન પર અમલ કરતા હતા." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે વફાત શરીફની નજીક આ આયતે કરીમા ઉતરી : فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ "તો પોતાના રબની ષના કરતાં તેની પાકી બોલો અને એનાથી બખ્શિશ ચાહો." *(૧૧૦/૩, કન્ઝુલ ઈમાન)* તો આપ નવાફિલ ખાસ કરીને તહજ્જુદના રુકૂઅ સજદામાં એવું પઢયા કરતા હતા. જાહેર એ જ છે કે આ દુઆઓ નફલોમાં હતી, કેમ કે હુઝૂર ﷺ ફર્ઝો મસ્જિદમાં પઢાવતા હતા, એ વખતે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ઘણા દૂર રહી જતાં હતાં. હા ! તહજ્જુદ વગેરે નફલો ઘરમાં પઢતા હતા એટલા માટે આપ સારી રીતે એને સાંભળી લેતાં હતાં. યાદ રાખશો કે હુઝૂર ﷺ નું પોતાને માટે બખ્શિશની દુઆ કરવું ઉમ્મતની તાલીમના માટે હતું અથવા એટલા માટે કે ઈસ્તિગફાર પણ ઈબાદત છે અને દરજાઓની બુલંદીનો ઝરીયો છે, નહીં તો આપ ગુનાહોથી માસૂમ છે.

*"એમનાથી જ રિવાયત છે કે નબી ﷺ પોતાના રુકૂઅ સજદામાં કહેતા હતા, પાક છે બે અયબ છે[૧] ફરિશ્તાઓ અને રૂહનો રબ છે[૨]" (મુસ્લિમ)*

**૧.** આ બંનેવ સેગા (સૂચકો) મુબાલેગા (અતિશયોક્તિ)ના છે. સુબ્બૂહથી મુરાદ ઝાતી અયબોથી પાક છે, કુદૂસથી મુરાદ સિફાતી અયબોથી પાક જેથી કલમા મુકર્રર નથી.

**૨.** જો કે અલ્લાહ તઆલા સર્વ મખ્લૂકનો રબ છે પણ કેમ કે ફરિશ્તા બેગુનાહ અને હમેશાં ઈબાદત કરવાવાળી મખ્લૂક છે. તેમજ સૌથી મોટી મખ્લૂક ફરિશ્તા જ છે, એટલા માટે ખાસ કરીને એમનો ઉલ્લેખ કર્યો. રૂહથી મુરાદ જાન છે અથવા હઝરત જિબ્રઈલ علیہ السلام જેમનો લકબ રૂહુલ અમીન છે. અથવા ખાસ ફરિશ્તાઓની જમાઅત અથવા તે ફરિશ્તો છે જેના સિત્તેર હજાર ચેહરા છે, દરેક ચહેરામાં સિત્તેર હજાર ઝબાનો છે, દરેક ઝબાનમાં સિત્તેર હજાર નેઅમતોથી ખુદા તઆલા હમ્દ. મિર્કાતે ફર્માવ્યું કે ઈન્સાન જિન્નાતનો દસમો ભાગ છે. અને જિન્નાત કરૂબી ફરિશ્તાઓનો દસમો હિસ્સો, અને કરૂબી ફરિશ્તા બાકી ફરિશ્તાઓનો દસમો હિસ્સો છે.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, ફર્માવ્યું નબી ﷺ એ મને રુકૂઅ તથા સજદામાં*

www.barkatekhwaja.net

*કુર્આનની તિલાવતથી મના કરવામાં આવ્યું છે. [1]. રુકૂઅમાં તો રબની તાઝીમ કરો[2] અને સજદામાં દુઆની કોશિશ કરો કે એ દુઆઓ કુબૂલિયતના પાત્ર છે.[3]" (મુસ્લિમ)*

**૧.** મનાઈ તન્ઝીહી છે, કેમ કે એ બંનેવ હાલતો માણસની અતિશય આજીજીનું પ્રદર્શન છે, એ વખતે અઝીમુશ્શાન કિતાબનું પઢવું યોગ્ય નથી. અમુક ઉલમા ફર્માવે છે કે રુકૂઅ સજદામાં પઢવાથી નમાઝ તૂટી જાય છે. અમુકની નજીક દોહરાવવી વાજિબ થાય છે. એ જ પ્રમાણે કાઈદામાં કુર્આન પઢી લેવાથી સજદએ સહ્વ વાજિબ થાય છે.

**૨.** એટલે કહો : سُبْحَانَ رَبِّيَ الْعَظِيْمِ જેથી અમલી રીતે પોતાની આજીજીનું પ્રદર્શન થાય અને قولاً 'કૌલન' (વાણીથી) રબની અઝમતનો ઈકરાર થાય.

**૩.** એટલે કે નફલ નમાઝના સજદાઓમાં સ્પષ્ટપણે દુઆઓ માગો અને અન્ય નમાઝોના સજદાઓમાં રબની તસ્બીહ તથા તહ્મીદ કરો કે એ પણ ઝિમ્ની દુઆ છે, કરીમની તારીફ પણ દુઆ છે. અમુક બુઝુર્ગોને જોવામાં આવ્યા કે તેઓ સજદામાં પડીને દુઆઓ માગે છે. તેમનો માખઝ આ હદીષ છે, કેમ કે સજદામાં બંદાને રબની અતિશય કુર્બ (નઝદીકી) થાય છે, આ હાલતની દુઆ ઈન્શાઅલ્લાહ ! જરૂર કબૂલ થશે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે ઈમામ سمع الله لمن حمده કહે છે તો તમો اللّٰهم ربنا لك الحمد કહો, કેમ કે જેનું કલામ ફરિશ્તાઓના કલામના માફક થશે તેના પાછલા ગુનાહો માફ કરી દેવામાં આવશે." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હદીષથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે જમાઅતમાં ઈમામ કેવળ سمع الله لمن حمده સમિઅલ્લાહુલિમન હમિદહ કહેશે અને મુકતદી કેવળ اللّٰهم ربنا لك الحمد અલ્લાહુમ્મ રબ્બના વલકલ હમ્દ કહેશે. બંનેવ કલમા કોઈ ન કહેશે. બીજુ એ કે આપણી હિફાઝત કરનાર અને અમલો લખનાર ફરિશ્તા આપણી સાથે નમાઝ પઢે અને દુઆઓ માગે છે. ત્રીજુ એ કે મુકતદીએ اللّٰهم ربنا لك الحمد ધીમેથી કહેવું જોઈએ જેથી ફરિશતાઓની બરાબરી થાય. આ જ લખાણ ફરિશ્તાઓની આમીનના બારામાં પણ આવી ગયું ત્યાં પણ આ પ્રકારના મસ્અલા કાઢ વામાં આવ્યા. ચોથુ એ કે સારાઓની નકલ પણ સારી છે, એમના તુફૈલ બુરા બખ્શાય જાય છે.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે પોતાની પીઠ રુકૂઅથી ઉઠાવતા[1] તો ફર્માવતા કે અલ્લાહ પોતાની હમ્દ કરનારાઓની સાંભળે છે, ઈલાહી ! અમારા રબ! તારા જ માટે હમ્દ છે. આસ્માન ભરીને અને જમીન ભરીને અને એના પછી તે ચીજ ભરીને જેને તું ચાહે.[2]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે નફલોમાં. કેમ કે ફર્ઝો હુઝૂર صلی اللہ علیہ وسلم જમાઅતથી અદા કરતા હતા. અને જમાઅતમાં ઈમામ ربنا لك الحمد પણ ન કહે તો કઈ રીતે અન્ય દુઆઓ માગે ! જેમ કે હમણા હદીષમાં વર્ણન થઈ ગયું. જેથી આ હદીષ વર્ણન થયેલી હદીષની વિરૂધ્ધ નથી.

**૨.** એટલે કે તારી એટલી હમ્દો છે કે જો તે શરીર હોત તો જમીન તથા આસ્માન અને એના સિવાયનામાં ન સમાય. અથવા એ મતલબ છે કે તારી હમ્દ કરનારાઓથી જમીન તથા આસ્માન વગેરે ભરેલાં છે, નહીં તો હમ્દ શરીર નથી જેનાથી એ ચીજો ભરાય જાય.

www.barkatekhwaja.net

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### કશ્ફો કરામત વિશે ચર્ચા

ક઼દમબોસીની સઆદત (નેક નસીબી) હાંસલ થઈ. મૌલાના શહાબુદ્દીન બુખારી તથા અન્ય હઝરાત ખિદમતમાં હાજર હતા. હઝરત શૈખુલ ઈસ્લામ કશ્ફો કરામતના વિષય પર ઈર્શાદ ફર્માવી રહ્યા હતા :

હે દુરવેશ ! અવલિયાની કરામત હક્ક઼ છે, જેવી રીતે અંબિયા علیہم السلامના મો'જિઝા હક્ક઼ છે. પરંતુ તસવ્વુફમાં કરામતોને છુપાવવાના બારામાં આવ્યું છે :

فرض اللّٰہ اولیا ئہ کمان الکرامتہ کمافرض علی انبیاء اظھار المعجزہ

અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામ પર કરામતોને ગુપ્ત રાખવું ફર્ઝ કર્યું છે. જેવું કે અંબિયાએ કિરામ علیہم السلام પર મો'જિઝાનું પ્રદર્શન કરવું ફર્ઝ કર્યું છે. જેથી જો કોઈ શખ્સ કરામતને પ્રદર્શિત કરે તો તેણે ફર્ઝને ત્યજવું થશે.

હે દુરવેશ ! અમારા ખ્વાજગાનના સિલસિલા આલિયા ચિશ્તિયાએ સુલૂક (સૂફીપણા)ના પંદર દરજા નિશ્ચિત કર્યા છે, અને એમાંથી પાંચ દરજા કશ્ફો કરામતના છે. એટલા માટે સાલિકે (સૂફીપણાની, તસવ્વુફની રાહના મુસાફરે) એ જ પાંચ દરજાઓમાં સીમિત થઈને ન રહેવું જોઈએ બલ્કે સર્વ પંદર દરજાઓની સૈર કરવી જોઈએ. જ્યારે મક઼ામો પ્રાપ્ત થઈ જાય તો બેશક ! પ્રદર્શિત કરે.

### વિલાયતનો કમાલનો દરજો

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہને લોકોએ પૂછ્યું કે હઝરત ! કામિલ વલીની નિશાની શું છે ? અને કેવી રીતે અંદાઝો લગાડવામાં આવે કે ફલાણો શખ્સ સુલૂકના (સૂફીપણા)ના મર્તબામાં કમાલ (ટોચ)ના દરજા પર બિરાજમાન થઈ ગયો છે. આપે ફર્માવ્યું, **માણસ એ વખતે કમાલના દરજાએ પહોંચે છે જ્યારે તે કોઈ મુર્દા પર ફૂંક મારે તો તેને ખુદાના હુકમથી જીવંત કરી દે.**

### મરી ગયેલ નવયુવાન જીવંત થઈ ગયો !

એ જ મોક઼ા પર હઝરત શયખુલ ઈસ્લામે પોતાના હુઝૂર કુત્બુલ અક઼તાબ બખ્તિયાર કાકી અવશી ચિશ્તી رحمۃ اللہ علیہનો બનાવ વર્ણવ્યો કે, એક દિવસ એક વૃધ્ધા રડતી રડતી હઝરત ખ્વાજાની બેકસ પનાહ બારગાહમાં આવી. ક઼દમોમાં માથુ રાખી દીધું અને અર્ઝ કરી, હુઝૂર ખ્વાજા ! મારો એક જ પુત્ર હતો તેને બાદશાહે સૂળી પર ચઢાવી દીધો છે, હું શું કરું ?! વૃદ્ધાના રૂદને હઝરત ખ્વાજાને તડપાવી દીધા. ઉઠયા અને અસા મુબારક હાથમાં લઈને પોતાના

www.barkatekhwaja.net

ખાદિમોની સાથે બહાર તશરીફ લઈ આવ્યા. વૃધ્ધા આગળ આગળ હતી. નવ યુવાનના સિરાહાને પહોંચી ગયા. હિંદુ મુસ્લિમ સર્વ લોકોની ભીડ એકત્ર થઈ ગઈ. ખ્વાજાએ કહ્યું, "મારા અલ્લાહ ! જો આ નવયુવાનને બાદશાહે બેગુનાહ સજા આપી છે તો એને જીવંત કરી દે." હઝરતે આટલું કહ્યું જ હતું એટલામાં નવજવાન ઉઠીને માની સાથે ચાલવા માંડયો. એ દિવસે હજારો હિંદુ આપ હઝરાતના હાથ પર ઈસ્લામથી પાવન થઈને મુસલમાન બની ગયા. હઝરતે પોતાના સાથીઓને સંબોધીને ફર્માવ્યું કે અમારા ખ્વાજગાનથી વધીને કમાલની કક્ષા અન્ય ક્યાંય નથી જોવામાં આવી.

### ઘરમાં પ્રવેશતાં જ ચોર અંધ થઈ ગયો !

ફર્માવ્યું, મારાં વાલિદા માજિદા કશ્ફો કરામતવાળાં ખાતૂન હતાં. જેમ કે એકવાર અમારા ઘરમાં ચોર પ્રવેશી ગયો. ઘરના સર્વ લોકો સૂઈ રહ્યા હતા, પણ વાલિદા માજિદા જાગતાં હતાં અને ઝિક્રો અઝકારમાં વ્યસ્ત હતાં. ચોર અંદર પ્રવેશતાં જ આંધળો થઈ ગયો, હવે તેને બહાર જવાનો રસ્તો દેખાતો ન હતો. તેણે અવાજ આપ્યો કે આ ઘરમાં કોઈ પુરૂષ છે તો તે મારા બાપ તથા ભાઈ છે અને જો સ્ત્રી છે તો મારી મા બહેન છે. જે કોઈ પણ છે, હું યકીન સાથે કહું છું કે તેના દબદબાએ મને આંધળો કરી દીધો છે. મારા માટે દુઆ કરે જેથી મારી આંખોની રોશની પરત આવે. મેં તૌબા કરી, બાકીનું જીવન ચોરી કરીશ નહીં. વાલિદા માજિદાએ જ્યારે આ કરગરવું સાંભળ્યું તો દુઆ કરી, ખુદાએ કરીમે તેની દૃષ્ટિ પરત કરી આપી. તે શખ્સ ચાલ્યો ગયો. સવાર થઈ પણ મારાં વાલિદા માજિદાએ આ બનાવ કોઈને વર્ણન ન કર્યો. થોડીવાર પછી એક માણસ પોતાનાં બીવી બચ્ચાંને સાથે લઈને માથા પર દહીંની તપેલી લઈને મારાં વાલિદા માજિદા સમક્ષ હાજર થયો અને ઈસ્લામ લઈ આવ્યો અને ચોરીથી તૌબા કરી.

### નબી કરીમ ﷺના હાથ મુબારકની બરકત !

એકવાર સૈયદુલ અંબિયા ﷺ સિદ્દીકે અકબર رضی اللہ عنہની સાથે પહાડની તરફ ગયા. ત્યાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما બકરીઓ ચરાવી રહ્યા હતા. હુઝૂર ﷺએ એમની પાસે થોડુક સરખુ દૂધ તલબ કર્યુ. આપે કહ્યું, હું અમાનતદાર છું તો કેવી રીતે આપી શકુ છું ! સિદ્દીકે અકબર رضی اللہ عنہએ કહ્યું કે આપ અલ્લાહના રસૂલ છે, થોડુક સરખુ દૂધ આપી દો, કોઈ ફરક નથી પડતો. તેમણે કહ્યું, હું અમીન હોવાની હેસિયતથી દૂધ આપવાનો અધિકારી નથી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, એક બકરી એવી લાવો જેને થેલો ચઢાવવામાં આવ્યો ન હોય. તે બકરી લાવ્યા. હુઝૂર ﷺએ પોતાનો દસ્તે મુબારક તેની પીઠ પર રાખ્યો તો પુષ્કળ પ્રમાણમાં દૂધ તે બકરીમાં પેદા થઈ ગયું. રિવાયતમાં છે કે જ્યાં સુધી તે બકરી જીવંત રહી દરરોજ પાંચ શેર દૂધ આપતી રહી. આ બરકત મહબૂબે ખુદા ﷺના દસ્તે મુબારકની હતી.

### જે લોકો ખુદાના થઈ જાય છે, ખુદા કરીમ તેમનો થઈ જાય છે

ફર્માવ્યું, એકવાર હું ગઝનીનો સફર કરી રહ્યો હતો. એક ગુફામાં એક બુઝુર્ગને મેં જોયા. ઘણા ઝાકિર તથા શાગિલ (ઝિક્રો અઝકારમાં વ્યસ્ત રહેનારા) હતા. હું ગુફામાં ચાલ્યો ગયો અને સલામ અર્ઝ કરી, તેમણે સલામનો જવાબ આપ્યો અને મને બેસી જવાનો હુકમ આપ્યો. થોડીવાર પછી મારા પ્રતિ સંબંધિત થયા અને ફર્માવ્યું, હે અઝીઝ ! હું ત્રીસ વરસથી આ ગુફામાં રહી રહ્યો છુ. મારી રોજી આલમે ગયબથી પૂરી પાડવામાં આવે છે. કોઈ ચીજ મળી જાય છે તો ખાય

www.barkatekhwaja.net

લઉં છું, નહીં તો શુક્ર કરીને પડી રહું છું. સારાંશ કે જ્યારે નમાઝનો સમય થયો તો મેં તેમની સાથે નમાઝ અદા કરી અને રાહ જોવા લાગ્યો કે ઈફતારી શાનાથી કરું. ખજૂરનું એક ઝાડ સામે હતું. તે બુઝુર્ગે હાથ લંબાવ્યો અને દસ ખજૂરો તોડી, પાંચ ખજૂરો મને આપી અને પાંચ ખજૂરો પોતે લીધી, અને તેમને ખાધી. પાણી હાજર ન હતું. પગ મુબારક જમીન પર માર્યો તો પાણીનું ઝરણુ ફૂટી નીકળ્યું. ધરાઈને પાણી પીધું. હું આદાબ બજાવી લાવ્યો અને વિદાય થવાની ઈજાઝત માગી તો પોતાના મુસલ્લા નીચેથી પાંચ અશરફીઓ શુદ્ધ સોનાની ઉઠાવીને મને આપી અને વિદાય કર્યો.

હઝરત અક્દસ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, એકવાર હું અને શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہ બદાયૂંના શહેરમાં પહોંચ્યા. ત્યાં અમારા રહેવાની જગાના દરવાજા પર બેઠેલા હતા. એવામાં એક દહીં વેચનારો બદાયૂંના આસપાસના ગામ ખતમનો રહેવાસી માથા પર દહીંનું તપેલુ ઉઠાવીને પસાર થયો. એ વિસ્તારમાં લૂટારા ખૂબ જ પ્રમાણમાં હતા અને એ માણસ પણ એમનામાંથી જ હતો. સારાંશ કે જ્યારે એ શખ્સની નજર શયખ જલાલુદ્દીન તબરેઝીના ચહેરા મુબારક પર પડી તો પ્રથમ નજરમાં જ તેના દિલની કાયા પલટ થઈ ગઈ. શયખની નજર પણ એ શખ્સ પર પડી ગઈ. કહ્યું, દીને મુહમ્મદ ﷺમાં આ પ્રકારના લોકો પણ છે ! તરત જ આવીને કૃદમોમાં પડી ગયો અને ઈસ્લામથી મુશર્રફ થઈ ગયો. આપે એનું નામ અલી રાખ્યું. ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈને ઘરે ગયો. અને એ જ વખતે એક લાખ રૂપિયા હઝરત શયખની ખિદમતમાં નઝરાણા રૂપે રજૂ કરવા માટે ફરીથી હાજર થયો. શયખે કૃબૂલ કરીને કહ્યું કે આ રૂપિયા તમે પોતાની પાસે રાખો. જ્યાં હું કહું ત્યાં ખર્ચ કરતા રહેજો. જેથી એ રૂપિયા વડે લોકોને અર્પણ કરતા રહ્યા. કોઈને ચાલીસ દિરહમ, કોઈને પચાસ, કોઈને વીસ, વધુમાં વધુમાં દોઢસો દિરહમ અને ઓછામાં ઓછા પાંચ. અમુક સમય બાદ તે રૂપિયા પૂરા થવા આવ્યા, કેવળ એક દિરહમ રહી ગયો. અલી કહે છે, મારા દિલમાં ખયાલ આવ્યો કે મારી પાસે એક દિરહમથી અધિક નથી બચ્યું, અને હઝરતની બખ્શિશ પાંચ દિરહમ છે, તો હવે શું થશે ? હુઝૂરે કોઈને કહી આપ્યું તો હું કેવી રીતે અદા કરીશ ?! હું એ જ અસમંજસમાં હતો એવામાં એક સાઈલ આવી ગયો. તેણે સવાલ કર્યો, હઝરત શયખે મને ફર્માવ્યું, તે એક દિરહમ એને આપી દો ! અલી આશ્ચર્યમાં પડી ગયા. જ્યારે શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہ બદાયૂંથી રવાના થયા તો અલીએ ઈચ્છા વ્યક્ત કરી કે હઝરત મને પણ પોતાની સાથે લેતા ચાલે. હઝરતે ફર્માવ્યું, તમે અહીં રહો. અલીએ ઘણી જ આજીજી સાથે રહેવાની દરખાસ્ત કરી અને આગ્રહ કર્યો. શયખે ફર્માવ્યું, મસ્લેહત એમાં જ છે કે તમે અહીં રહો, કેમ કે હવે આ શહેર તમારા સાયા હેઠળ છે. જેથી શયખ રવાના થઈ ગયા અને અલી ત્યાં રહ્યા.

જ્યારે હઝરતે આ લાભદાયી વાતો વર્ણન કરી તો પછી ઉઠીને અંદર તશરીફ લઈ ગયા અને અમે ખાદિમો બારગાહથી પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

• • •

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

## શરહે હદાઈકે બખ્શિશ ભાગ-૧

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**મેરે સય્યાફ કે ખંજર સે તુઝે બાક નહીં**
**ચીર કર દેખે કોઈ આહ કલેજા તેરા**

*(સય્યાફ = તલ્વારનો ધણી, ખંજર = છરો, બાક = ડર)*

**અર્થાત** : હે ગુસ્તાખે અવલિયા ! તને તારા તલ્વારના ધણી હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہના ખંજરનો ડર નથી કે તું એમની શાનમાં બકવાસ કરે છે ! અફસોસ ! કોઈ તારા દિલને ચીરીને જુએ કે અંદર દિલ છે કે પથ્થર ?!

**ઈબ્ને ઝહ્‌રા સે તેરે દિલ મેં હૈં યે ઝહર ભરે**
**બલ બે ઓ મુન્કિરે બેબાક યે ઝોહરા તેરા**

*(ઈબ્ને ઝહ્‌રા = હઝરત બીબી ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاના બેટા, હુઝૂર ગ઼ૌષે પાક હસની હુસૈની સૈયદ હોવાના કારણે મજાઝન ઈબ્ને ઝહરા કહેવામાં આવે છે, ઝહર = ઝેર, બલ બે = આશ્ચર્યમય શબ્દ, વાહ રે, બેબાક = નીડર, ગુસ્તાખ, ઝોહરા = હિમ્મત)*

**અર્થાત** : ઈબ્ને ઝહરા હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہ પ્રત્યે, હે ગુસ્તાખ ! તારા દિલમાં ઝેર અને વેર ભરેલું છે. હે ગુસ્તાખ ! મુન્કિર ! તારી હિમ્મત પર આશ્ચર્ય થાય છે.

**બાઝે અશ્હબ કી ગુલામી સે યે આખેં ફેરની**
**દેખ ઉળ જાએગા ઈમાન કા તોતા તેરા**

*(બાઝે અશ્હબ = સફેદ બાઝ, હુઝૂર ગ઼ૌષ પાક رضی اللہ عنہનો લક઼બ અર્થ મક઼ામે વિલાયતમાં ઊંચે ઉડનાર, આખેં ફેરની, આંખો ફેરવી લેવી, બેધ્યાન થયું, તોતા = પોપટ)*

**અર્થાત** : શહનશાહે વિલાયત હુઝૂર ગ઼ૌષ પાક رضی اللہ عنہની ગુલામીથી આંખો ફેરવી લેનાર ! જો જે તારા ઈમાનનો પોપટ ઉડી જશે અર્થ તારું ઈમાન જતુ રહેશે.

**શાખ પર બૈઠકે જળ કાટને કી ફિક્ર મેં હૈ**
**કહીં નીચા ન દિખાએ તુઝે શજરા તેરા**

*(શાખ = ડાળી, જળ = મૂળ, અસલ, નીચા ન દિખાએ = બદ્‌નામ ન કરે, શજરા = ઝાડ, અને સૂફીઓની પરિભાષામાં સિલસિલએ તરીક઼તનું નસબનામુ)*

**અર્થાત** : ડાળ પર બેસીને તે જ ઝાડની જડને કાપવાની કોશિશ કરે છે કે ક્યાંક તારું આ કાર્ય તને બદ્‌નામ અને ઝલીલ ન કરે.

પોતાના કહેવાતા દેવબંદી વહાબી મોલ્વીઓના ખલીફા અને મુરીદ બની તરીક઼ત ચલાવે છે અને તરીક઼તના સરદાર હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہની ફઝીલતોનો ઈન્કાર કરે છે અને તારું આ કાર્ય તને બરબાદ ન કરી દેશે જે રીતે

www.pakdarkhwaja.net

કોઈ ઝાડની ડાળી પર બેસી થડને કાપે તો તે ઊંધા માથે નીચે પડશે એવી જ રીતે તારી પણ એ જ હાલત થશે.

**હક્ક઼ સે બદ્ હો કે ઝમાને કો ભલા બનતા હૈ**
**અરે મૈં ખૂબ સમઝતા હૂં મોઅમ્મા તેરા**

*(હક્ક઼સે બદ્ હો કે = હક઼ીક઼તમાં બુરો થઈને, ઝમાને કો ભલા = જાહેરમાં સારો, ખૂબ = સારી રીતે, મોઅમ્મા = પહેલી, ઉખાણુ)*

**અર્થાત** : હે ગુસ્તાખે ઔલિયા ! તું ઔલિયાએ કિરામથી દુશ્મની કરીને હક્ક઼થી હટી ગયો છે, હક઼ીક઼તમાં તું મુજરિમ છે અને જાહેર જનતામાં ભલો માણસ બનીને ફરે છે. હું તારી બધી ચાલો સમજી ગયો છું.

**સગે દર ક઼હર સે દેખે તો બિખરતા હૈ અભી**
**બંદ બંદે બદન અય રૂબએ દુન્યા તેરા**

*(સગે દર = ચોખટનો કૂતરો, બિખરતા હૈ = તૂટે છે, બંદે બદન = શરીરનું જોડ, રૂબએ દુન્યા = દુનિયાની શિયાળ, મક્કાર)*

**અર્થાત** : હે ગુસ્તાખો ! હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના દરબારનો કોઈ કૂતરો ક઼ાદરી ગુલામ તમારા જેવા મક્કાર દુનિયાવી લાલચી શિયાળોને જલાલમાં જોઈ લે તો તમારા શરીરના એક એક જોડ તૂટવા લાગે છે.

**ગર્ઝ આક઼ાસે કરું અર્ઝ કે તેરી હૈ પનાહ**
**બંદા મજબૂર હૈ ખાતિર પે હૈ ક઼બ્ઝા તેરા**

*(ગર્ઝ = મતલબ, વાતનો ખુલાસો, અર્ઝ = વિનંતિ, ખાતિર = દિલ)*

**અર્થાત** : ખુલાસો એ કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં વિનંતિ કરું છું કે સરકાર ચારેવ તરફ ઈમાનના લૂટારા બેઠેલા છે, મને આપની પનાહમાં લઈ લો, હું મજબૂર છું મારા દિલ પર આપનો ક઼બ્ઝો છે.

**હુકમ નાફિઝ હૈ તેરા ખામહ તેરા સૈફ તેરી**
**દમ મૈં જો ચાહે કરે દૌર હૈ શાહા તેરા**

*(હુકમ નાફિઝ હૈ = હુકમ ચાલે છે, ખામહ = ક઼લમ, સૈફ = તલ્વાર, દમ = ઘડી, દૌર = જમાનો, શાહા = બાદશાહ)*

**અર્થાત** : હે શહનશાહે વિલાયત ! આપનો હુકમ ચાલે છે, ક઼લમ અને તલ્વાર આપના કબ્ઝામાં છે, આપ દમમાં જે ચાહો કરી શકો છો. આપનો જ દૌર ચાલી રહ્યો છે. (વલીઓની અઝમત વિશે ઉપર હદીષો બયાન થઈ ચૂકી)

**જિસકો લલકાર દે આતા હો તો ઉલ્ટા ફિર જાએ**
**જિસકો ચુમ્કાર લે હિર ફિર કે વો તેરા તેરા**

*(લલ્કાર = મુક઼ાબલા માટે બોલાવવું, ફિર જાએ = પાછો જતો રહે, ચુમ્કાર લે = પ્રેમ કરો, હિરફિર = હર તરફ ફરી ફરીને)*

**અર્થાત** : હે મારા સરદાર ! આપ જેને મુક઼ાબલા માટે લલકારો, જો તે આવતો હશે તો આપની લલકાર સાંભળી પાછો જતો રહેશે અને આપ જેને પ્રેમથી બોલાવો તો તે ચારે બાજુ ફરી ફરીને પણ આપની પાસે જ આવશે.

**કુંજિયાં દિલ કી ખુદાને તુઝે દીં ઐસી કર**
**કે યે સીના હો મહ઼બ્બતકા ખઝીના તેરા**

*(કુંજિયાં = ચાવીઓ, ખઝીના = ખઝાનો)*

**અર્થાત** : હે મારા ગૌષે પાક ! رضی اللہ عنہ દિલની ચાવીઓ અલ્લાહ પાકે આપને આપેલ છે, મારા દિલ પર એવી મહેરબાની ફર્માવો કે તે આપની મહોબ્બતનો ખઝાનો બની જાય.

**દિલ પે કુન્દા હો તેરા નામ કે વો દુઝદે રજીમ**
**ઉલ્ટે હી પાંવ ફિરે દેખ કે તુગરા તેરા**

*(કુન્દા = નક્શી કરેલ, દુઝદ = ચોર, રજીમ = મરદૂદ, તુગરા = શાહી મોહર)*

**અર્થાત** : હે મારા આકા ! આપનું મુબારક નામ મારા દિલ પર અંકિત કરીને લખાયેલ હોય કે મરદૂદ શૈતાન આપના નામની મોહર જોઈને ઊંધા મોઢે પાછો ફરે.

**નઝઅ મેં ગોર મેં મિઝાન પે સરે પુલ પે કહીં**
**ન છૂટે હાથ સે દામાને મોઅલ્લા તેરા**

*(નઝઅ્ = સકરાત, ગોર = ક઼બ્ર, મિઝાન = ત્રાજવું, હશ્રમાં જેનાથી આમાલ તોલવામાં આવશે, સરે પુલ = પુલસિરાત, દામાને મોઅલ્લા = ઊંચો દામન)*

**અર્થાત** : મરતા સમયે, ક઼બ્રમાં, મીઝાન અને પુલસિરાત પર કોઈપણ જગ્યાએ આપનો બુલંદ મર્તબાવાળો દામન હાથથી ન છૂટે.

**ધુપ મહેશર કી વો જાં સોઝ ક઼યામત હૈ મગર**
**મુત્મઈન હૂં કે મેરે સર પે હૈ પલ્લા તેરા**

*(જાં સોઝ = જાનને જલાવનાર, મુત્મઈન = શાંતિમય, પલ્લા = દામન)*

**અર્થાત** : ક઼યામતના દિવસે સૂરજ સવા નેઝાથી દૂરી પર હશે તેની ગરમીથી શરીરો બળવા લાગશે પરંતુ મને ગભરામણ નથી કારણ કે મારા માથા પર આપના દામનનો સાયો છે.

**બહજત ઉસ સિર્ર કી હૈ જો બહજતુલ અસ્રાર મેં હૈ**
**કે ફલકવાર મુરીદોં પે હૈ સાયા તેરા**

*(બહજત = ખુશી, સિર = ભેદ, બહજતુલ અસ્રાર = એક કિતાબનું નામ જે હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہના પવિત્ર જીવન શૈલી પર લખાયેલ છે, ફલકવાર = આકાશની જેમ)*

**અર્થાત** : ખુશી તે ભેદની છે જે કિતાબ બહજતુલ અસ્રાર (ભેદોની ખુશી)માં લખાયેલ છે કે આપનું ફર્માન છે "મારો હાથ મારા મુરીદો પર એવો છે જેવું કે આકાશ પૃથ્વીની ઉપર."

**નોંધ** : બહજતુલ અસ્રાર હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہના મુબારક જીવન તથા ફઝીલત અને કરામતોથી ભરપૂર મુસ્તનદ ભરોસાપાત્ર કિતાબ છે. જેને શૈખુલ કુર્રા અબુલ હસન બિન યૂસુફ બિન જરીર શતનુફીએ લખેલ છે. જેઓ મહાન આલિમે દીન હતા, હિ.સ. ૬૪૪માં મિસ્રમાં પેદા થયા અને હિ.સ. ૬૧૩માં વફાત પામ્યા.

અલ્લામા ઈમામ ઝહબીએ તબકાતુલ કુર્રામાં ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ "હુસ્નુલ મુહાઝિરા" અને "બકીયતુ વઆત"માં ઈમામ આરિફ બિલ્લાહ અબ્દુલ્લાહ બિન અસ્અદ યાફઈએ "મિર્અતુલ જિનાન"માં અને શૈખ અબ્દુલ હક઼ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ઝુબ્દતુલ અસ્રારમાં અલ્લામા શતનુફી (લેખક)ની ઘણી પ્રશંસાઓ બયાન કરેલ છે. અલ્લાહ પાક આપની તુર્બત પર કરોડો રહમતની વર્ષા ફર્માવે.

**અય 'રઝા' ચિસ્ત ગમ અઝ જુમલા જહાં દુશ્મને તુસ્ત**
**કરદા અમ મામને ખૂદ ક઼િબ્લએ હાજાતે રા**

*(રઝા = ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું તખલ્લુસ, ચિસ્ત ગમ = શું ગમ છે, જુમ્લા જહાં = આખી દુનિયા, અર = અગર, દુશ્મને તુસ્ત = તારી દુશ્મન છે, કરદા અમ = મે બનાવી લીધું છે, મામને ખૂદ = પોતાનું ઠેકાણું, કિબ્લએ હાજા તેરા = જરૂરતોનો કિબ્લો, રા = ને)*

**અર્થાત** : હે અહમદ રઝા ! رضی اللہ عنہ આખી દુનિયા તારી દુશ્મન બની જાય તો પણ કોઈ ગમ નથી કારણ કે મેં તો હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہની બારગાહને પોતાનું ઠેકાણું અને જરૂરતોનો ક઼િબ્લો બનાવી લીધો છે.

(આ પૂરો શેઅર ફારસી ભાષામાં છે.)

**(શરહે હદાઈદે બખ્શિશનો પહેલો ભાગ સંપૂર્ણ થયો)**

## ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

**પ્રથમ સદીના મુજદ્દિદ 3**

### ખ્વાબની તા'બીરના નિષ્ણાત

# અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને સીરીન رحمۃ اللہ علیہ

**(હિ.સ. 33 થી ૧૧૦)**

*(કાર્યાલય)*

**નામ તથા નસબ (વંશ)** : આપનું નામ મુહમ્મદ, પિતાનું નામ સીરીન અને કુન્નિયત અબૂ ઉમરા અને માતાનું નામ સફિય્યા છે. આપની કુન્નિયત અબૂબકર અને લક્બ સાહિબે તા'બીરે રુયા (ખ્વાબની તા'બીર બતાવનાર) છે. આપ ખાદિમે રસૂલ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہના આઝાદ કરેલા ગુલામ છે. *(સૈરે અઅ્લામુન્બલા, ૪/૬૬૮, ૬૬૯, તઝકેરા નં. ૭૪૯, દારુલ કુતુબે ઈલ્મિયા, બૈરૂત, તઝકેરતુલ હુફ્ફાઝ, ૧/૬૨)*

**જન્મ મુબારક** : હિ.સ. ૩૩માં આપનો જન્મ થયો. *(ઉપર મુજબ)*

**ખાનદાની હાલાત** : આપના પિતા સીરીન જરજરાયા (ઈરાક)ના વતની હતા. મયસાન અથવા અયનુત્તમરની જંગમાં કેદી તરીકે મદીના આવ્યા અને હઝરત અનસ رضی اللہ عنہના ગુલામ બન્યા. તેમણે તેમને ચાલીસ અથવા વીસ હજાર દિરહમના બદલામાં મકાતિબ (અમુક રકમ આપી આઝાદ થવાનું લખાણવાળા) ગુલામ બનાવી લીધા. કેમ કે તે તાંબાનાં વાસણો બનાવવાનું જાણતા હતા એટલા માટે જલ્દીથી કિતાબતનો બદલો ચૂકવીને આઝાદીનો પરવાનો હાંસલ કરી લીધો.

આપનાં વાલિદા હઝરત સફિય્યા યારે ગાર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનાં આઝાદ કરેલ કનીઝા હતાં, અને કિસ્મતની બુલંદી કહો કે તેમને શાદી માટે ત્રણ ઉમ્મહાતુલ મો'મિનીન رضی اللہ تعالیٰ عنھنએ સવાર્યા અને નિકાહમાં ૧૮ બદરી સહાબીઓ હાજર હતા, જેમાં હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ પણ હતા જે દુઆ કરી રહ્યા હતા અને બાકીના હઝરાત આમીન કહી રહ્યા હતા. *(વફયાતુલ અઅ્યાન, ૪/૧૮૧, દારુષ્ષકાફા, બૈરૂત)*

જોવામાં આવે તો જેવી રીતે આપના પિતા હઝરત અનસ رضی اللہ عنہના ફયઝ પામેલા હતા તેવી જ રીતે આપનાં વાલિદાએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના રાત દિવસને પોતાના માથાની આંખો વડે જોયા હતા અને ખુદ એના પર અમલ કરતાં પણ રહ્યાં. આ રીતે આપનો ઉછેર બે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین બાહયાત હતા. જેમની બારગાહથી આપે દિલ ભરીને ફાયદો ઉઠાવ્યો અને ઈલ્મના આસ્માન પર ચમકતો સૂરજ બનીને ચમકયા.

**જાહેરી તથા બાતિની ઈલ્મોથી માલામાલ થયા** : આપે આપના આકા હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ સિવાય ૨૯ સહાબીએ કિરામ તથા તાબઈનની સમક્ષ હાજર થઈને ઈલ્મે દીન પ્રાપ્ત કર્યો અને કેન્દ્રસ્થાનના તાબઈનની સફમાં તરી આવતુ સ્થાન પ્રાપ્ત કર્યું. આપના કેટલાક શયખોનાં નામો આ પ્રમાણે છે :–

હઝરત અનસ બિન માલિક, હઝરત ઝયદ બિન ષાબિત, હઝરત અબૂ હુરૈરહ્, હઝરત ઈમરાન હુસૈન, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હસન બિન અલી, જુન્દુબ બિન અબ્દુલ્લાહ બજલી, હઝરત હુઝૈફા બિન યમાન, હઝરત હુમૈદ બિન અબ્દુર્રહમાન, હઝરત ઓબૈદા સલ્માની, હઝરત અબ્દુર્રહમાન બિન અબૂ

www.barkatekhwaja.net

બકરહ, હઝરત મુસ્લિમ બિન યસાર, હઝરત યૂનુસ બિન જુબેર, હઝરત કષીર બિન અફલહ વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین. *(સિયરુલ અઅ્લામુન્નબલા, ૪/૬૭, બૈરૂત, તહઝીબુત્તહઝીબ, ૫/૧૩૯)*

આપ ઈલ્મે હદીષ, ફિક્હ, તફસીર તથા હિસાબ વગેરેમાં તો નિપૂણતા ધરાવતા હતા પરંતુ આપ ખ્વાબની તા'બીરના ઈલ્મમાં સમયના અજોડ હતા.

**હદીષનો ઈલ્મ** : આપ એક ઉચ્ચ કક્ષાના મુહદ્દિષ હતા. હદીષની રિવાયતના સંબંધે આપનો મોક્ફ એ હતો કે હદીષોની રિવાયત શબ્દ સહ કરવામાં આવે. ઈબ્ને ઔન ફર્માવે છે : હઝરત ઈબ્રાહીમ નખઈ, હઝરત હસન બસરી તથા આમિર શઅબી હદીષોના ભાવાર્થ રિવાયત કરતા હતા, જ્યારે કે હઝરત કાસિમ, હઝરત ઈબ્ને સીરીન અને હઝરત રજા બિન હયવા રિવાયત બિલ લફ્ઝ (શબ્દસહ)ના માનનાર હતા. *(સિયર મઝકૂર, પેજ : ૬૭૧)*

આપના ષિક્હ હોવાના સંબંધે હેશામે કહ્યું : મને એમનામાં સૌથી મહાન સાચા શખ્સે હદીષ વર્ણવી જેમને હું મળ્યો : એટલે મુહમ્મદ ઈબ્ને સીરીને. *(ઉપર મુજબ, પેજ : ૬૭૦)*

હદીષની રિવાયતની આપને કેટલી કાળજી તથા લેહાઝ હતો, એના બારામાં મહદી ઈબ્ને મયમૂનનું બયાન જુઓ : મહદી ઈબ્ને મયમૂને કહ્યું, મેં જોયું કે ઈબ્ને સીરીન લોકોની વાતો બયાન કરતા, શેઅર કહેતા અને હસતા હસતા લોટપોટ થઈ જતા, પરંતુ મસ્નદથી હદીષ વર્ણન કરતા તો પુરસુકૂન તથા બાઅદબ થઈ જતા. *(ઉપર મુજબ, ૬૭૧)*

**ફિક્હનો ઈલ્મ** : આપ ઈલ્મે હદીષની સાથોસાથ ફિક્હના ઈલ્મમાં પણ ખૂબ જ લગાવ ધરાવતા હતા. આપની ગણના બસરાના ફકીહોમાં થતી હતી. તારીખે ઈબ્ને ખલ્કાનમાં છે : તે બસરાવાસીઓના ફકીહોમાંથી છે. *(વફયાતુલ અઅયાન, ૪/૧૮૨, દારુષ્ષકાફા, બૈરૂત)*

ઔફ અઅ્રાબીએ કહ્યું, હઝરત ઈબ્ને સીરીન ફરાઈઝ, કઝા તથા હિસાબના સારા આલિમ હતા. *(સિયર અઅ્લામુન્નબબા, ૪/૬૭)*

ઉષ્માને કહ્યું, બસરામાં કઝાનો આલિમ હઝરત ઈબ્ને સીરીનથી મોટો કોઈ ન હતો. (ઉપર મુજબ) તેમ છતાં આપ ફત્વા આપવામાં ખૂબ જ સાવધાની વર્તતા હતા. ઈબ્ને શુબ્રુમાનું બયાન છે : હું ઈબ્ને સીરીનની પાસે વાસિતમાં આવ્યો તો ફત્વો આપવામાં એમનાથી મોટો સાવધાન અને ખ્વાબની તાબીરમાં એમનાથી વધુ દિલેર કોઈને નથી જોયો.

*(ઉપર મુજબ, પેજ : ૬૭૨)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہએ ફર્માવ્યું, ફત્વો તો ત્રણ જણ જ આપે છે : એક તે જેને કુર્આનની મન્સૂખ આયતોનો ઈલ્મ હોય. લોકોએ કહ્યું, તે કોણ શખ્સ છે ? જેને કુર્આનની મન્સૂખ આયતોનો ઈલ્મ છે ? ફર્માવ્યું, તે ઉમર છે. બીજો તે અમીર જેને એનાથી છૂટકારો ન હોય. ત્રીજો જબરદસ્તી બેવકૂફ બનનાર. પછી ઈબ્ને સીરીને ફર્માવ્યું, હું પ્રથમ બેમાંથી નથી, અને ત્રીજો બનવું મને પસંદ નથી. *(ઉપર મુજબ)*

**ઈલ્મે તા'બીરે રુયા (ખ્વાબોની તાબીરનો ઈલ્મ)** : આ ઈલ્મ (વિદ્યા)ના હવાલાથી આપ ફર્માવે છે, એક દિવસે મેં ખ્વાબમાં હઝરત યૂસુફ علیہ السلامને જોયા. અર્ઝ કરી, આપ મને ખ્વાબોની તા'બીરનો ઈલ્મ શીખવાડી દો. ફર્માવ્યું, મોં ખોલો ! મેં મારું મોં ખોલ્યું અને તેમણે એમાં પોતાનુ થૂક મુબારક રાખી દીધું. આ રીતે મને એ ઈલ્મ હાંસલ થયો. *(મુશાહિરે હદીષ, પેજ : ૩૮૦, પ્રકાશક : કમાલ બુક ડેપો, ઘોસી)*

www.barkatekhwaja.net

**દર્સ તથા તદરીસ** : જલીલુશ્શાન આલિમે દીન હોવા છતાં આપ ખ્યાતીના ડરના કારણે મજલિસોથી દૂર રહેતા હતા. ખુદ ફર્માવે છે : ''શોહરત (ખ્યાતિ)નો ડર જ મને તમારી મેહફિલોથી દૂર રાખે છે. *(સિયરુલ અઅ્લામુન્નબલા, ૪/૬૭)*

પરંતુ આટલી બધી કાળજી રાખવા છતાં નબવી ઈલ્મોના તાલિબોએ આપનાથી ફાયદો પામવાનો અવસર કાઢી જ લીધો. અશ્અષનું બયાન છે : જ્યારે અમે તેમની પાસે બેસતા હતા તો તે અમને હદીષ વર્ણન કરતા, વાતચીત કરતા, હસતા અને ખબરો વિશે પૂછતા. પણ જ્યારે તેમને કોઈ હલાલ તથા હરામના વિશે પૂછવામાં આવતુ તો તેમનો રંગ બદલાય જતો અને એવું લાગતું કે જાણે તે નથી રહ્યા. *(તબક઼ાતે ઈબ્ને સઅદ, ૭/૧૦૧, બૈરૂત)*

આપનાથી ફયૂઝ પામનારાઓની સંખ્યા ઘણી બધી છે એમનામાંથી અહીં અમુકનો ઉલ્લેખ કરીએ છીએ : હઝરત ક઼તાદા, હઝરત ઐયૂબ, હઝરત યૂનુસ ઈબ્ને ઓબૈદ, હઝરત ઈબ્ને ઔન, હઝરત ખાલિદ હઝ્ઝા, હઝરત હિશામ બિન હસ્સાન, હઝરત ઔફ અઅ્રાબી, હઝરત કુર્રા બિન ખાલિદ, હઝરત મહદી બિન મયમૂન, હઝરત જરીર બિન હાફિઝ, હઝરત અબૂ હિલાલ મુહમ્મદ સુલૈમ, હઝરત યઝીદ બિન ઈબ્રાહીમ તુસ્તરી, હઝરત ઉક઼બા બિન અબ્દુલ્લાહ, હઝરત સઈદ બિન અબી ઉરવા, હઝરત અબૂબક્ર સુલમી, હઝરત હય્યાન બિન હુસૈન વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین. *(સિયરુલ અઅ્લામુન્નબલા, ૪/૬૬૯)*

**આપનો ઈલ્મી મક઼ામ** : ઈબ્ને ઔન ફર્માવે છે, ત્રણ લોકોના જેવા મારી આંખોએ નથી જોયા : ઈરાક઼માં ઈબ્ને સીરીન, હિજાઝમાં ક઼ાસિમ બિન મુહમ્મદ અને હિશામમાં રજા બિન હ઼યવા.

*(ઉપર મુજબ, પેજ : ૬૭)*

હબીબ બિન શહીદે કહ્યું, હું હઝરત ઉમર બિન દીનારની પાસે બેઠો હતો. તેમણે ફર્માવ્યું કે મેં તાઉસ જેવી હસ્તી નથી જોઈ. હઝરત ઐયૂબ સખ્તયાનીએ જે બેઠા હતા, ફર્માવ્યું : બખુદા ! જો તે હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીનને જોઈ લેતા તો આવું ન કહેતા.

*(ઉપર મુજબ)*

ઈમામ મુહમ્મદ ઈબ્ને સઅદે કહ્યું : તે ષિક઼હ (તક઼વા, પરહેઝગારી, સચ્ચાઈ, ખૌફે ખુદાથી ભરપુર), મામૂન, બુલંદ મર્તબા, રફીઉશ્શાન ફક઼ીહ, ઈમામ, કષીરુલ (પુષ્કળ) ઈલ્મ અને સાહિબે વરઅ (તક઼વાથી ઉપરની મંઝિલવાળા) હતા. *(તબક઼ાતે ઈબ્ને સઅ્દ, ૭/૧૦૦, બૈરૂત)*

ઈમામ મુહમ્મદ બિન જરીરે ફર્માવ્યું : હઝરત ઈબ્ને સીરીને ફક઼ીહ આલિમ, સાહિબે વરઅ્, અદીબ, કષીરુલ હદીષ તથા સદૂક઼ (સદા સત્ય બોલનાર) હતા. ઈલ્મો ફઝ્લવાળાઓએ એની સાક્ષી પૂરી છે. તે ક઼ાબિલે હુજ્જત છે. *(સિયરુલ અઅ્લામુન્નબલા, ૪/૬૭૧)*

**ફિત્નએ વઝએ હદીષ (હદીષ ઘડનારાઓનો ફિત્નો) અને તેનો રદ** : હઝરત ઈબ્ને સીરીનના જમાનામાં જ્યારે સ્વાર્થી તથા બુરાઈ પસંદ લોકોએ વઝએ હદીષનો ફિત્નો ફેલાવવાનું શરૂ કર્યું અને લોકો હદીષોમાં રત્બો યાબિસ (બુરા ભલા)ની વચ્ચે તમીઝ છોડવા લાગ્યા તો તેમણે એ ફિત્નાને નાબુદ કરવામાં અન્ય હઝરાત કરતાં કેટલાય અંશે આગળ વધીને હિસ્સો લીધો અને તેને રોકવા અથાગ કોશિશો કરી. જરા એમનું બયાન તો વાંચો :–

''લોકો પહેલાં હદીષની સનદના બારામાં પૂછતા ન હતા પરંતુ જ્યારે ફિત્નો ઉપસ્થિત થયો તો તેના સંબંધે પૂછાવા લાગ્યું, જેથી વિચારણા કરવામાં આવે

અને બિદઅતી થયો તેની હદીષ છોડી દેવામાં આવે.

*(ઉપર મુજબ, પેજ : ૬૭૨)*

શોએબ ઈબ્ને હિજાબ વર્ણવે છે કે, મેં ઈબ્ને સીરીનને અર્ઝ કરી કે અહલે હવા (બદમઝહબ)થી સમઅ (સાંભળવા)ના બારામાં આપની શું રાય છે ? ફર્માવ્યું, અમે ન તેમનાથી સમઅ કરીએ (સાંભળીએ) છીએ ન તેમને ઈજ્જત આપીએ છીએ.

*(ઉપર મુજબ, પેજ : ૬૭૧)*

તેમણે લોકોને ચેતવણી આપતાં ફર્માવ્યું, નિઃશંક ! આ ઈલ્મે દીન છે. તો જુઓ કે તમે તમારો દીન કોની પાસેથી હાંસલ કરી રહ્યા છો. *(ઉપર મુજબ)*

હઝરત ઈબ્ને ઔન હઝરત સીરીનના બારામાં વર્ણવે છે કે એક શખ્સ તેમની પાસે હદીષ વર્ણવી રહ્યો હતો અને તેમણે કોઈ ધ્યાન ન આપ્યું. પછી કહેવા લાગ્યા, મારો ઈરાદો તમારો પર અને તેમના પર તોહમત લગાડવાનો નથી જેમનાથી તમે હદીષ વર્ણવી રહ્યા છો, બલ્કે તમારા બંનેની વચ્ચે જે રાવી છે તે મારી દષ્ટિએ મુત્તહમ (જૂઠનો આરોપી) છે. *(ઉપર મુજબ)*

એક પ્રસંગે તેમણે ફર્માવ્યું, "ઈલ્મ ખત્મ થઈ ગયો અને તેના અમુક હિસ્સા વિવિધ પાત્રોમાં બાકી છે." *(ઉપર મુજબ)*

હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہના બારામાં ઓપનલી કહેતા, તે હુઝૂર ﷺથી રિવાયત કરવામાં મુત્તહમ નથી. *(ઉપર મુજબ, પેજ : ૨૭૨)*

હઝરત અબુલ અશ્અષ વર્ણવે છે કે મેં હઝરત ઈબ્ને સીરીનથી ઈકરમાના વિશે પૂછ્યું તો ફર્માવ્યું, મને એ બુરુ નથી લાગતુ કે તે જન્નતી છે પણ તે કઝ્ઝાબ છે. *(અલ કામિલ ફી દ્અફાઉર્રિજાલ, ૧/૧૩૯, બૈરૂત)*

વાંચકો ! જોયું તમે કેટલી હિંમત તથા જવાંમર્દીની સાથે હઝરત ઈબ્ને સીરીને હદીષની રક્ષા કરી અને યકીનન ! હદીષની રક્ષા કરવી એ મુજદ્દિદોના લક્ષણોમાંથી છે. તદ્ઉપરાંત આપની ફયૂઝ વેરતી દર્સગાહથી એવા ઉલમા પેદા થયા જેમણે દરેક ક્ષેત્રે અણમોલ કારનામાં અંજામ આપ્યાં.

**વફાત** : પોતાના સમયના જબરદસ્ત આ નાકિદે હદીષ તથા મુહાફિઝે હદીષે ૯ શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૧૦માં પોતાની જાન જાં આફરીંના હવાલે કરી આપી. (તારીખે મદીના વ દમિશ્ક, ૫૩/૨૪)

*અબ્રે રહ્મત ઉનકે મરકદ પર ગોહરબારી કરે*
*હશ્ર તક શાને કરીમી નાઝ બરદારી કરે*

*(તઝકેરએ મુજદ્દિદીને ઈસ્લામ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૦૦/-** *(ટપાલ/કુરીયર ખર્ચ રૂા.૧૦૦ અલગ)*

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

| બેંકની વિગત | બેંક ઓફ બરોડા દયાદરા બ્રાન્ચ | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR | PhonePe Paytm/GPay Mo. 94274 64411 |
|---|---|---|---|---|



મસ્અલો ૪

# તા'ઝીમે રસૂલ ﷺ

હપ્તો બીજો

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**ત્રીજી શહાદત** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ ફર્માવે છે કે, અમે લોકો નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની પાછળ કહ્યા કરતા હતા : اَلسَّلَامُ عَلَى اللّٰه (અલ્લાહ પર સલામ) اَلسَّلَام عَلٰی فلاں (ફલાણા પર સલામ). તો રસૂલુલ્લાહ ﷺએ એક દિવસ અમને ફર્માવ્યું કે અલ્લાહ તો ખુદ જ સલામ છે (જેથી તમારા સલામથી બેનિયાઝ છે) જ્યારે તમે નમાઝના ''કાઈદા''માં બેસો તો આ પ્રમાણે (અત્તહિય્યાત) કહો :

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ

જ્યારે નમાઝી આ કલમા عَلٰى عِبَادِاللّٰهِ الصَّالِحِيْنَ પઢશે તો તેના સલામ દરેક સાલેહ બંદાને જે આસ્માન કે જમીનમાં હોય તેમને પહોંચી જશે (પછી પઢો) :

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ

''હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે બેશક ! મુહમ્મદ અલ્લાહના બંદા તથા રસૂલ છે.'' *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૩, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

હુઝૂર સૈયદે આલમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء નમાઝમાં ''અત્તહિય્યાત'' અને ''સલામ'' પેશ કરવાની તા'લીમ કેટલા પ્રમાણમાં આયોજનપૂર્વક આપતા હતા એનું વર્ણન બીજી રિવાયતમાં છે : ''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને ''તશહ્હુદ'' (અત્તહિય્યાત)ની તા'લીમ આ પ્રમાણે આપી કે મારી હથેળી હુઝૂર رضی اللہ عنہની બંને હથેળીઓની વચ્ચે હતી અને હુઝૂર એ રીતે મને તશહ્હુદની તા'લીમ આપતા હતા જેવી રીતે કે કુર્આનની સૂરતની તા'લીમ આપતા હતા. ત્યાર પછી તેમણે તશહ્હુદનો પૂરો બનાવ પ્રથમ હદીષ જેમ વર્ણન કર્યો.'' *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૪)*

બુખારી શરીફમાં એક જગાએ છે : وَكَفِّي بَيْنَ كَفَّيْهِ છે વાવની સાથે અને બીજી જગાએ :

عَلَّمَنِي النَّبِي-صلّى اللّٰه تعالى عليه وسلم-وكَفِّي بَيْنَ كَفَّيْهِ التَّشَهُّدَ؛ كَمَا يُعَلِّمُنِي السُّوْرَةَ مِنَ القُرْاٰنِ

છે. *(સહીહ બુખારી, ૨/૯૨૬, કિતાબુલ ઈસ્તીઝાન, મજલિસે બરકાત)*

**ચોથી શહાદત** : બરાબર આ જ કૈફિયત હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ પણ વર્ણવી છે : ''હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમને તશહ્હુદની તા'લીમ એ રીતે આપતા હતા જેવી રીતે કુર્આને હકીમની સૂરતની તા'લીમ આપતા હતા.'' *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૪, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત)*

આ હદીષોમાં સૈયદે કાઈનાત, અફઝલુલ મખ્લૂકાત ﷺએ પોતાની ઉમ્મતને એ તા'લીમ આપી છે કે નમાઝોના દરમિયાન અને આખરમાં આપની બારગાહમાં આ પ્રમાણે સલામ પેશ કર્યા કરે :

اَلسَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ (હે નબી ! આપ પર સલામતી થાય તથા અલ્લાહની રહમતો તથા બરકતો) અને **આ યકીનન ! ખાસ નમાઝની હાલતમાં નબી કરીમ ﷺની તા'ઝીમ તથા**

www.barkatekhwaja.net

**તૌકીર** છે કેમ કે સલામ એ અદબ તથા તા'ઝીમ તથા તવાઝોઅના પ્રકરણથી છે. આમ પણ મુસલમાન જયારે બારગાહે નબુવ્વતમાં સલામનું નઝરાણુ પેશ કરે છે તો અદબ તથા તા'ઝીમ તથા તવાઝોઅ (આજીજી)ની સાથે પેશ કરે છે. મઆઝલ્લાહ ! કોઈના દિલમાં પણ મામૂલી સરખી બેઅદબીનો ખયાલ અને વહેમ પણ નથી હોતો.

## ★ તશહ્હુદ પઢતી વખતે નકલનો નહીં, સાચા અર્થમાં સલામનો ઈરાદો હોવો જોઈએ ★

ફકીહો ફર્માવે છે કે તશહ્હુદ પઢતી વખતે તશહ્હુદ (અત્તહિય્યાત)ના શબ્દોના હકીકી અર્થનો ઈરાદો કરે અને મેઅરાજમાં અલ્લાહ ﷻ અને રસૂલુલ્લાહ ﷺમાં જે વાતચીત થઈ હતી તેની નકલ તથા હિકાયતનો ઈરાદો ન કરે. એટલે તેનો ઈરાદો એ હોય કે એ ખુદ અલ્લાહ તઆલાની બારગાહમાં તહિય્યાત તથા સલવાત અને રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં સલામનો હદિયો પેશ કરી રહ્યો છે, કેમ કે અલ્લાહ તઆલાએ મુત્લકન ફર્માવ્યું :

يَاأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا "હે ઈમાનવાળાઓ ! નબી પર સલાતો સલામ મોકલો." *(સૂરએ અહઝાબ, ૩૩/૫૬)*

આ આયત પોતાના ઈત્લાક઼ના (લાગુ થવાના) કારણે નમાઝ તથા ગૈરે નમાઝ દરેકને સમાવે છે, અને અહીં યકીનન ! ઈરાદાપૂર્વક સલાતો સલામ મોકલવાનો હેતુ છે. તેમજ તશહ્હુદની હદીષના છેવટમાં આ શબ્દો છે :–

فإذا قالها أصابت كلّ عبدٍ صالحٍ في السّماء الأرض

"જયારે નમાઝી આ શબ્દો પઢશે તો તે આસ્માન તથા જમીનના દરેક સાલેહ (નેક) બંદાને પહોંચી જશે." જાહેર છે કે સલામ એ જ વખતે પહોંચશે જયારે ઈરાદાપૂર્વક સલામ પેશ કરે, ન કે કેવળ નક઼લ તથા હિકાયતરૂપે પઢે. એટલા માટે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "પોતાના દિલમાં નબી ﷺ અને આપની ઝાતે અક઼દસને હાજર કરો, પછી અર્ઝ કરો السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ સલામ થજો આપના પર હે નબી ! અને અલ્લાહની રહમત તથા બરકત". *(અહયાઉલ ઉલૂમ, ૨/૩૦૪, કાહિરા)*

આ પ્રકારની સ્પષ્ટતા ઉમ્મતના અન્ય ઉલમાએ પણ કરી છે.

## ★ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہની નમાઝની ઈમામત અને તા'ઝીમે રસૂલ ★

**પાંચમી શહાદત** : "ઉરવા બિન મુગીરહનું બયાન છે કે તેમના પિતા હઝરત મુગીરા ઈબ્ને શઅબા رضی اللہ عنہએ બતાવ્યું કે, તે અને રસૂલુલ્લાહ ﷺ (એક રાતે) સફરમાં કાફલાથી પાછળ રહી ગયા. જયારે સરકાર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء કઝાએ હાજત ફર્માવી ચૂક્યા તો પૂછયું કે શું તમારી પાસે પાણી છે ? તો હું પાણીનું પાત્ર લઈને આવ્યો. હુઝૂર ﷺએ તેના વડે પહેલાં પોતાના હાથની હથેળીઓ ધોઈ, પછી ચહેરો ધોયો પછી જબ્બામાંથી પોતાના હાથ કાઢવા લાગ્યા તો જબ્બાની બાંય તંગ પડી ગઈ એટલા માટે સરકાર ﷺએ જબ્બાની નીચેથી પોતાના હાથ કાઢયા અને જબ્બાના બંને ખભાઓ પર રાખી દીધા. પછી બંનેવ હાથ ધોયા. પછી માથાના ચોથાઈ હિસ્સા પર અને અમામા અને બંને મોજાંઓ પર મસહ કર્યો. પછી હુઝૂર ﷺ સવાર થયા અને હું પણ સવાર થયો, ત્યાં સુધી કે અમે લોકો કાફલામાં એ વખતે પહોંચ્યા જયારે તે હઝરાત નમાઝ (ફજરની) શરૂ કરી ચૂક્યા હતા. તેમને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા અને તે એક રકાત પઢાવી ચૂક્યા હતા.

**જયારે તેમણે નબી કરીમ ﷺની આહત (પગરવ) મહેસૂસ કરી તો પાછળ હટવા લાગ્યા. નબી કરીમ ﷺએ તેમને ઈશારાથી પોતાની**

www.barkatekhwaja.net

**જગાએ યથાવત રહેવાનો હુકમ આપ્યો.** તો તેમણે પૂરી નમાઝ પઢાવી. જ્યારે તેમણે સલામ ફેરવી તો નબી કરીમ ﷺ ઉભા થઈ ગયા અને હું પણ ઉભો થઈ ગયો અને જે રકાતમાં અમે લોકો મસ્બૂક્ રહી ગયા હતા તેને અદા કરી. *(સહીહ મુસ્લિમ, ૧/૧૩૪)*

આ હદીષની બીજી રિવાયતથી માલૂમ પડે છે કે આ બનાવ ગઝવએ તબૂકની સફરનો છે, તે પણ રાતમાં. અને નમાઝથી મુરાદ ફજરની નમાઝ છે. જેમ કે باب تقديم الجماعة من يصلى بهم માં ઈમામ મુસ્લિમે તખરીજ કરી છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૮૦)*

આ હદીષથી ઘણા બધા હુકમો સાબિત થાય છે પણ અમે અહીં કેવળ એ બાબત પર પ્રકાશ વેરવા ચાહીએ છીએ કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ જ્યારે એ મહેસૂસ કર્યું કે હુઝૂર સરવરે અંબિયા ﷺ તશરીફ લાવી રહ્યા છે તો ઈમામતની જગાએથી પાછળ હટવા લાગ્યા. અને જાહેર છે કે હટવું કોઈ શરઈ મજબૂરી કે કોઈને ઈમામત માટે ખલીફા બનાવવાના કારણે ન હતું (જેમ કે ઈમામનું વુઝૂ જતુ રહે તો કરવામાં આવે છે) અને ન તો અગાઉથી એના બારામાં કોઈ ફર્માન જારી થયું હતું કે હુઝૂર પ્રથમ સફમાં આવી જાય તો ઈમામ હટી જાય. એટલા માટે **ચાલુ નમાઝમાં આ હટવું કેવળ તા'ઝીમે નબી માટે હતું** જેનો હુકમ કિતાબ તથા સુન્નતના પ્રમાણે નુસૂસમાં પહેલાંથી મૌજૂદ હતો. જેથી અહીં બરાબર ખાસ નમાઝની હાલતમાં ઈમામે નબીની તા'ઝીમનું જાહેર રીતે પ્રદર્શન કર્યું અને સરકાર ﷺએ તેને યથાવત (માન્ય) રાખ્યું અને તેના પર કોઈ મનાઈ ન કરી. પણ **ઈમામુલ વહાબિયા (ઈસ્માઈલ દહેલ્વી) નમાઝમાં નબીની તા'ઝીમ કરવી તો મોટી વાત છે પણ તા'ઝીમની સાથે નબીના ખયાલ પર પણ શિર્ક તરફ ખેંચવાનો આક્ષેપ લગાડે છે !**

**છઠ્ઠી શહાદત :** હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ કૂબીલા બનૂ અમ્ર બિન ઔફમાં સુલહ કરાવવા માટે તશરીફ લઈ ગયા, અને આ બાજુ નમાઝનો સમય થઈ ગયો, તો મોઅઝ્ઝિન હઝરત અબૂ બક્ર સિદ્દીક્ رضی اللہ عنہની પાસે આવ્યા અને અર્ઝ કરી, શું આપ લોકોને નમાઝ પઢાવશો તો હું ઈક઼ામત કહું ? તેમણે કહ્યું, હા ! તો હઝરત અબૂ બક્ર નમાઝ પઢાવવા લાગ્યા એટલામાં રસૂલલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને લોકો નમાઝમાં હતા. તો સરકાર લોકોની વચ્ચેથી પસાર થતા (પ્રથમ) સફમાં જઈને ઉભા થઈ ગયા. એ જોઈને લોકો તાલી વગાડવા (હાથની પીઠ પર હાથ મારી) લાગ્યા અને હઝરત અબૂ બક્ર (નમાઝમાં મશગૂલિયતના કારણે) આમ તેમ વળતા ન હતા. જ્યારે લોકો અધિક તાળીઓ લગાડવા લાગ્યા તો વળ્યા અને નબી કરીમ ﷺને જોયા. તો રસૂલુલ્લાહ ﷺએ ઈશારાથી ફર્માવ્યું કે તમારી જગાએ રોકાયેલા રહીને ઈમામત કરતા રહો. રસૂલુલ્લાહ ﷺના આ હુકમ પર (ખુશીના કારણે) હઝરત અબૂ બક્રએ બંને હાથ ઉપર તરફ ઉઠાવ્યા અને એ રીતે અલ્લાહ ﷻની (ખામોશ) હમ્દ કરી.

પછી હઝરત અબૂ બક્ર પાછળ હટવા લાગ્યા ત્યાં સુધી કે સફમાં બરાબર ઉભા થઈ ગયા અને નબી કરીમ ﷺએ આગળ વધીને ઈમામત શરૂ કરી આપી. નમાઝથી ફારિગ થયા બાદ આપે ફર્માવ્યું, હે અબૂ બક્ર ! જ્યારે મેં તમને હુકમ આપ્યો હતો તો તમને ઈમામતથી કઈ ચીજે રોકયા ? તો અબૂ બક્રએ અર્ઝ કરી કે, હુઝૂર ! અબૂ કહાફાના પુત્ર (એટલે પોતે)ની મિજાલ કે રસૂલુલ્લાહથી આગળ વધીને ઈમામત કરે !

પછી રસૂલુલ્લાહ ﷺએ સહાબાને ફર્માવ્યું કે, શું વાત છે કે તમે લોકો તાલીઓ વધારે વગાડી રહ્યા હતા ? જ્યારે નમાઝમાં કાંઈ પેશ આવે તો "સુબ્હાનલ્લાહ" કહ્યા કરો. સુબ્હાનલ્લાહ કહેશો તો ઈમામ ધ્યાનિત થઈ જશે. હાથ પર હાથ મારવો તો કેવળ સ્ત્રીઓ માટે છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૯,.......... મજલિસે બરકાત)*

અને બીજી રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ ﷺ

સફોને ચીરીને અને પહેલી સફમાં ઉભા રહ્યા.

*(હવાલો ઉપર મુજબ)*

સરકાર ﷺના આગમન પર મુક્તદી સહાબીઓ હાથો પર હાથ મારીને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને માહિતગાર કરવા લાગ્યા કે તે પાછળ આવી જાય, અને માહિતગાર થયા બાદ તે પાછળ આવી પણ ગયા. **આ બધું જ તાઝીમે રસૂલ માટે હતું (જે સહાબાએ કિરામે કર્યું.)**

મુસલમાનો જુએ કે સહાબીઓ અને સહાબીઓમાં અફઝલ હઝરત સિદ્દીકે અકબર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ચાલુ નમાઝની હાલતમાં રસૂલુલ્લાહ ﷺની તાઝીમ કરી રહ્યા છે અને સરકાર ﷺ જાતે પોતે જોઈ રહ્યા છે. **જો એ શિર્ક હતું તો શું તૌહીદના સૌથી મહાન દાઈ (નિમંત્રક), અફઝલુલ મુરસલીન ﷺએ શિર્કને પસંદ કરીને યથાવત રાખ્યું ?!** મઆઝલ્લાહ !

## ★ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ થકી ઈમામતની હાલતમાં નબીની તા'ઝીમ ★

**સાતમી શહાદત :** "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે જયારે રસૂલલ્લાહ બીમાર થઈ ગયા અને હઝરત બિલાલ હુઝૂરને નમાઝની ખબર આપવા આવ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અબૂબક્રને કહો કે તે નમાઝ પઢાવે." હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અબૂ બક્ર નરમ દિલ ઈન્સાન છે, તે જયારે આપની જગ્યાએ ઉભા રહેશે તો લોકોને કિરાઅત સંભળાવી શકશે નહીં. એટલા માટે હુઝૂર ! હઝરત ઉમરને હુકમ આપો. હુઝૂરે ફર્માવ્યું, અબૂ બક્રને કહો કે તે લોકોની ઈમામત કરે."

હઝરત આઈશા કહે છે કે મેં હઝરત હફસાને કહ્યું કે તમે હુઝૂરને કહો કે હઝરત અબૂબક્ર નરમ દિલ ઈન્સાન છે અને તે જયારે આપની જગાએ ઉભા થશે તો કિરાઅત નહીં સંભળાવી શકશે એટલા માટે હુઝૂર હઝરત ઉમર رضی اللہ عنہને હુકમ ફર્માવી આપે. તો હઝરત હફ્સાએ હુઝૂરને આ વાત અર્ઝ કરી. તો હુઝૂરે ફર્માવ્યું, તમે લોકો (પોતાની વાત પર આગ્રહ કરવામાં) હઝરત યૂસુફ علیہ السلامના જમાનાની સ્ત્રીઓની જેમ છો. અબૂબક્રને કહો કે તે લોકોની ઈમામત કરે.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હઝરત અબૂબક્ર સિદ્દીકે નમાઝ શરૂ કરી અને આ બાજુ રસૂલુલ્લાહ ﷺએ પોતાની તબીઅતમાં રાહત મહેસૂસ કરી તો આપ બે માણસોના સહારે ચાલીને મસ્જિદમાં તશરીફ લાવ્યા. ચાલવાની હાલત એ હતી કે પગ મુબારકથી જમીન પર લીટીઓ પડી રહી હતી. હઝરત આઈશા ફર્માવે છે કે જયારે હુઝૂર મસ્જિદમાં તશરીફ લાવ્યા અને અબૂબક્રએ આપની આહટ સાંભળી તો પાછળ હટવા લાગ્યા, તો રસૂલુલ્લાહ ﷺએ તેમને ઈશારો કર્યો કે પોતાની જગા પર કાયમ રહો. પછી રસૂલુલ્લાહ ﷺ હઝરત અબૂબક્રની ડાબી તરફ આવીને બેસી ગયા. હવે રસૂલુલ્લાહ ﷺ બેસીને લોકોને નમાઝ પઢાવવા લાગ્યા. અને હઝરત અબૂબક્ર ઉભા રહ્યા. હઝરત અબૂબક્ર નબી કરીમ ﷺની ઈક્તેદા કરી રહ્યા હતા અને સહાબા હઝરત અબૂબક્ર સિદ્દીકની ઈક્તેદા કરી રહ્યા હતા. *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૮, ૧૭૯, મજલિસે બરકાત)*

એક રિવાયતમાં "હઝરત અબૂબક્રની ઈક્તેદા"ની તાબીર આ પ્રમાણે છે :–

وَكَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ يُصَلِّى بِالنَّاسِ وَاَبُو بَكْرٍ يُسْمِعُهُمُ التَّكْبِيْرَا

"નબી કરીમ ﷺ લોકોને નમાઝ પઢાવી રહ્યા હતા અને હઝરત અબૂબક્ર બુલંદ અવાજથી તકબીર કહેતા હતા. (એટલે હુઝૂર ઈમામ હતા અને એ મુબલ્લિગ).

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને નમાઝમાં સરકાર ﷺના આગમનની આહટ (ભણક, પગરવ) મળી અને આપ પોતાની જગાએથી હટવા લાગ્યા, જેથી સરકાર આગળ વધીને ઈમામત કરે.

આ છે નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમના જઝબાનો ઉમંગ ! કે સરકાર ﷺથી આગળ રહેવું માન્ય ન રહ્યું અને જ્યારે સરકાર ﷺ બાજુમાં આવ્યા તો દિલને ઠંડક થઈ ગઈ.

**આઠમી શહાદત** : ઈબ્ને શિહાબ ઝહરી કહે છે કે હઝરત અનસ બિન માલિકે મને બતાવ્યું કે હુઝૂર ﷺના વિસાલ વેળાની બીમારીમાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ સહાબાની ઈમામત કરતા હતા. ત્યાં સુધી કે સોમવારના દિવસે જ્યારે લોકો સફ બાંધી નમાઝ પઢી રહ્યા હતા ત્યારે રસૂલુલ્લાહ ﷺએ હુજરાનો પર્દો હટાવ્યો અને ઉભા રહીને જોવા લાગ્યા. તે વખતે આપનો ચહેરો મુબારક મુસ્હફે કુર્આનના વરક જેવો લાગતો હતો પછી હુઝૂર ﷺ કાંઈક હસવાના અંદાઝમાં સ્મિત કરવા લાગ્યા.

હઝરત અનસ ફર્માવે છે કે પછી તો અમે લોકો નબી કરીમ ﷺના બહાર ઝાંકવા અને આપના દીદારની ખુશીમાં નમાઝની હાલતમાં જ બેખૂદ થવા લાગ્યા અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ પોતાની એડીઓના વડે પાછળ પલટવા લાગ્યા કે જેથી સફમાં આવી જાય તો રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથના ઈશારાથી સૌને હુકમ આપ્યો કે પોતાની નમાઝ પૂરી કરી લો. હઝરત અનસનું બયાન છે કે પછી રસૂલુલ્લાહ ﷺ હુજરામાં ચાલ્યા ગયા અને પર્દો પાડી દીધો અને એ જ દિવસે આપ રફીક઼ે આ'લાથી જઈને મળ્યા. *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૯, કિતાબુસ્સલાત, ..........મજલિસે બરકાત)*

આ મુબારક હદીષોથી સાબિત થાય છે કે નબી કરીમ ﷺના એહતેરામ (તાઝીમ, સન્માન)માં ચારવાર બે સહાબાએ કિરામનો ઈમામતથી હટવાનો બનાવ ઉપસ્થિત થયો.

★ એકવાર હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ ઈમામતથી હટવા ચાહ્યું પણ સરકારના હુકમ પર ઈમામત ચાલુ રાખી.

★ અને ત્રણવાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ અદબ તથા એહતેરામનું આ જ પ્રદર્શન કર્યું. અને છેલ્લી વખતે તેમણે પણ રસૂલુલ્લાહ ﷺના હુકમ પર ઈમામત ચાલુ રાખી.

એનું કારણ એ બન્યું કે સરકાર ﷺ સફમાં આવ્યા જ નહીં, બલ્કે હુજરાથી જ બહાર ન નીકળ્યા. હુઝૂર હુજરાથી બહાર નીકળીને સફમાં તશરીફ લાવતા તો આપની ઈમામતથી શરફયાબ થવાના માટે તે પાછળ જરૂર આવતા.

## ★ સરકાર ﷺનું હઝરત અબ્દુર્રહમાનના બનવામાં મુક઼્તદી તરીકે નમાઝ પઢવાનું કારણ ★

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના બનાવમાં સરકાર ﷺ ઈમામતના માટે આગળ ન વધ્યા અને મુક઼્તદીની હૈસિયતથી નમાઝ પઢવાને અગ્રતા આપી, કેમ કે એ બનાવમાં હુઝૂર મસ્બૂક઼ હતા, તેમની એક રકાત છૂટી ગઈ હતી. ઈમામ હોવાની સ્થિતિમાં પણ સરકાર સલામ ફેરવ્યા બાદ તે છૂટેલી રકાત પઢવા માટે ઉભા થતા તો સહાબાએ કિરામ પણ ઉભા થઈ જતા. કેમ કે એ હઝરાત નમાઝમાં હુઝૂરને જેવું કરતાં જોતા હતા એવું જ કરતા હતા. અને તેમને હુઝૂર ﷺની તરફથી એની હિદાયત પણ હતી. આ સ્થિતિમાં સહાબાની ફજરની નમાઝ ત્રણ રકાત થઈ જાત. આ ખરાબીથી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પણ માહિતગાર હતા એટલા માટે સરકાર ﷺના ઈશારા પર તેમણે ઈમામત ચાલુ રાખી અને પાછા ન હટયા.

તદ્ઉપરાંત સરકાર ﷺનો મન્સબ (સ્થાન) શરીફ શરીઅતનું બયાન પણ છે, જેથી આપે પોતાના અમલથી મસ્બૂક઼નો શરઈ હુકમ વર્ણવી આપ્યો જેથી આપની ઉમ્મતના હક્ક઼માં હમેશાં માટે એ સુન્નતે નબવી બની જાય અને હદીષે પાક : صَلُّوا كَمَا رَأَيْتُمُونِي أُصَلِّي "તમે લોકો જેવો મને નમાઝ પઢતા જુઓ છો એ જ રીતે નમાઝ પઢો." (સહીહ બુખારી, ૧/૮૮.... મજલિસે બરકાત)ના લાગુ થવામાં મસ્બૂક઼નો શરઈ હુકમ પણ સામેલ થઈ જાય.

www.barkatekhwaja.net

★ ચારેવ વખત બંનેવ જલીલુલકદર (મહાન શાનવાળા) સહાબાએ કિરામ હુઝૂરની ઈમામતથી શરફયાબ થવા માટે ઈમામતની જગાએથી હટવા લાગ્યા, અને બે વાર તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ઈમામતથી નીકળી જઈને સરકાર ﷺની ઈક્તેદામાં નમાઝ પણ અદા કરી, એવું શાથી થયું ?

શું ખાસ એ ઈમામોના માટે કિતાબ તથા સુન્નતે કોઈ ફર્માન બહાર પાડયું હતું કે તેઓ હુઝૂરના આગમન પર ઈમામતથી હટી જાય ? અથવા એ હઝરાતને કોઈ હદષ (વુઝૂની હાજત) લાગુ પડી ગયો હતો જેના લીધે ઈમામતની જગાએથી હટવું અનિવાર્ય હતું ? અને શું તેઓ કોઈ શરઈ ઈજાઝતના કારણે હુઝૂરને (ઈમામતમાં) પોતાના ખલીફા બનાવવા ચાહતા હતા ?

હકીકત એ છે કે એવું કાંઈ જ ન હતું. અને હક્ક એ છે કે એ હઝરાતનું ઈમામતની જગાએથી હટવું અને બે વાર ઈમામત હોવા છતાં હુઝૂરની ઈક્તેદા કરવું કેવળ અને કેવળ હુઝૂર સૈયદે કાઈનાત ફખ્રે મૌજૂદાત ﷺની તા'ઝીમ તથા તૌકીરના માટે હતું. તેમની સામે કુર્આને મુકદ્દસનું આ ફર્માન હતું : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ "અને રસૂલની તા'ઝીમ તથા તૌકીર કરો." *(સૂરએ ફતહ, ૪૮/૯)* જે તેના લાગુ થવાના હિસાબે નમાઝ તથા નમાઝ બહાર બંને માટે આમ હતું.

તેમની સમક્ષ રબનો ઈર્શાદ : لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ પણ હતો જેમાં મો'મિનોને દરબારે રિસાલતનો એ અદબ બતાવવામાં આવ્યો છે કે, "અલ્લાહ અને તેના રસૂલની આગળ ન વધો." *(સૂરએ હુજુરાત, ૧/૪૯)*

આ વાત હુઝૂર ﷺ અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના આ સવાલો જવાબથી ખૂબ જ સ્પષ્ટ તથા રોશન થઈ જાય છે : "હુઝૂર સૈયદે આલમ ﷺએ પૂછયું, હે અબૂબક્ર ! જ્યારે મેં તમને ઈમામત ચાલુ રાખવાનો હુકમ આપી દીધો હતો તો તમને ઈમામત કરવાથી કઈ ચીજે રોકી દીધા ?

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, "હુઝૂર ! અબૂ કહાફાના પુત્રની એ મજાલ નથી કે રસૂલુલ્લાહ ﷺથી આગળ રહીને ઈમામત કરે !"

*(સહીહ મુસ્લિમ, ૧/૧૭૯)*

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો આ જવાબ ખૂબ જ સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે કે એ ફર્માને ખુદાવંદી لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ (અલ્લાહ વ રસૂલની આગળ ન વધો. *–સૂરએ હુજુરાત, ૪૯/૧*)ને લક્ષમાં રાખીને તા'ઝીમે નબીનો શાનદાર નમૂનો પેશ કરી રહ્યા હતા કે **આ આયત નમાઝ તથા નમાઝ બહાર દરેક હાલતમાં રસૂલુલ્લાહ ﷺના અદબ તથા એહતેરામ અને તા'ઝીમ તથા તૌકીરનો હુકમ આપે છે.**

**વિચાર કરો કે** : ★ સહાબીઓ નમાઝમાં તા'ઝીમે નબીને પ્રદર્શિત કરી રહ્યા છે. ★ મુકતદી સહાબા હાથો પર હાથ મારીને એ જ તા'ઝીમે નબીના માટે પોતાના ઈમામને સાવચેત કરી રહ્યા છે. ★ અને રસૂલુલ્લાહ ﷺ સર્વ કાંઈ જોઈને મના કરવાને બદલે યથાવત રાખી રહ્યા છે. ★ ત્યાં સુધી કે કુર્આન મુકદ્દસ અલલ ઈત્લાક એનો હુકમ આપી રહ્યું છે.

એટલા માટે આપણે અહલે હક્ક એહલે સુન્નત વ જમાઅત નમાઝની હાલતમાં પણ એ રીતની તા'ઝીમે રસૂલના માનનાર છીએ, પણ ઈમામુલ વહાબિયા (ઈસ્માઈલ દહેલ્વી)ની શરીઅત એ સૌની વિરુદ્ધ એવું ફર્માન જારી કરે છે કે, "નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ શિર્કની તરફ ખેંચી જાય છે." (શું શિર્કની તા'લીમથી સહાબા અજ્ઞાન હતા કે નમાઝમાં રસૂલનો ખયાલ જ નહીં પણ રસૂલ ﷺની તા'ઝીમ પણ કરી રહ્યા છે ?! આ વહાબી પેશવા તો તકવિયતુલ ઈમાનમાં રસૂલની તા'ઝીમ "મોટાભાઈ જેટલી" તથા "ગામના ચૌધરી" જેટલી કરવાનું પણ લખી ચૂકયા છે. **તો શું આપણે સહાબી જેવું ઈમાન લાવવાનું છે કે વહાબી જેવું** ? જાતે જ ફેંસલો કરો. *–અનુવાદક*)

www.barkatekhwaja.net



# રાહે ખુદામાં ખર્ચ કરવાની ફઝીલતો તથા નિયમો

રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ વહદહૂ લાશરીકનો ઈર્શાદ છે :–

مَثَلُ الَّذِیْنَ یُنْفِقُوْنَ اَمْوَالَھُمْ فِیْ سَبِیْلِ اللّٰہِ کَمَثَلِ حَبَّۃٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِیْ کُلِّ سُنْۢبُلَۃٍ مِّائَۃُ حَبَّۃٍ ؕ وَ اللّٰہُ یُضٰعِفُ لِمَنْ یَّشَآءُ ؕ وَ اللّٰہُ وَاسِعٌ عَلِیْمٌ ﴿۲۶۱﴾

"જે લોકો પોતાનો માલ રાહે ખુદામાં ખર્ચ કરે છે, તેમના ખર્ચ કરવાનું ઉદાહરણ તે દાણાની જેમ છે જેણે સાત બાલી (કંતી, ડૂંડાં) ઉગાડી, જેને દરેક બાલીમાં સો દાણો છે અને અલ્લાહ જેને ચાહે છે અધિક અતા ફર્માવે છે. અલ્લાહ વિશાળતાવાળો અને ઈલ્મવાળો છે." *(સૂરએ બક઼રહ, આ. ૨૬૧)*

નેકી કોઈ પણ હોય તે અજરો સવાબનું કારણ હોય છે, જ્યારે પણ કોઈ બંદો નેક કામ કરે છે તેને દસગણો સવાબ આપવામાં આવે છે, સૂરએ અન્આમમાં છે :–

مَنْ جَآءَ بِالْحَسَنَۃِ فَلَہٗ عَشْرُ اَمْثَالِھَا ۚ وَ مَنْ جَآءَ بِالسَّیِّئَۃِ فَلَا یُجْزٰۤی اِلَّا مِثْلَھَا وَ ھُمْ لَا یُظْلَمُوْنَ ﴿۱۶۰﴾

"જે એક નેકી કરે તેના માટે દસ નેકીઓ બરાબર સવાબ છે, અને જે એક ગુનો કરે તેને એક જ ગુનાની સજા આપવામાં આવશે."

*(સૂરએ અન્આમ, આ. ૧૬૦)*

આ આયતની તફસીર કરતાં ઈમામ જલાલુદ્દીન સ્યૂતિ દુર્રે મન્ષૂરમાં ફર્માવે છે, અબૂ યઅ્લાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કર્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે નેક કામ કરવાનો ઈરાદો કરે તો નેકી કરતા પહેલાં જ તેના નામએ અઅ્માલમાં એક નેકી લખી આપવામાં આવે છે અને એ નેક કામ કરી લે તો તેના નામએ અઅ્માલમાં દસ નેકીઓ લખવામાં આવશે. અને જો કોઈ ગુનાનો ઈરાદો કરે તો ગુનાનો ઈરાદો કરવા પર તેના નામએ અઅ્માલમાં કોઈ ગુનો નોંધવામાં આવશે નહીં, અને જો ગુનો કરી લે તો તેના નામએ અઅ્માલમાં કેવળ એક ગુનો લખવામાં આવશે."

બીજી રિવાયતમાં છે કે, બંદો તૌબા કરી લે તો અલ્લાહ તે એક ગુનાને પણ માફ કરી દેશે.

અલ્લાહ عزوجل تعالیٰનો પોતાના બંદાઓ પર ખાસ કરમ જુઓ કે પ્રથમ તેમને નેકીઓની તૌફીક઼ આપે છે, પછી તે નેકીઓને ક઼બૂલ ફર્માવે છે, અને ક઼બૂલ પણ એ રીતે ફર્માવે છે કે દરેક નેકીનો દસ ગણો સવાબ અતા ફર્માવે છે, અને અમુક નેકીઓ એવી છે કે જેમના પર તેનાથી પણ અધિક સવાબ અતા ફર્માવે છે, જેમ કે રાહે ખુદામાં ખર્ચ કરવા બાબત ફર્માવ્યું :–

مَنْ ذَا الَّذِیْ یُقْرِضُ اللّٰہَ قَرْضًا حَسَنًا فَیُضٰعِفَہٗ لَہٗۤ اَضْعَافًا کَثِیْرَۃً ؕ

"કોણ છે જે અલ્લાહને કર્ઝે હસન આપે ? જે અલ્લાહને કર્ઝે હસન આપશે અલ્લાહ તેને કેટલાયગણુ અધિક આપશે." *(સૂરએ બક઼રહ, આ. ૨૪૫)*

અર્થાત જે અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તે પોતાનો માલ અલ્લાહને ત્યાં સુરક્ષિત કરી લે છે અને ક઼યામતના દિવસે જ્યારે પોતાના બંદાને તેના ખર્ચ કરેલા માલનો સવાબ આપશે તો ઘણા બધા વધારા સાથે આપશે. રહી એ વાત કે કેટલા ગણા વધારા સાથે આપશે તો તેને બીજા સ્થળે સંપૂર્ણ સ્પષ્ટતા સાથે વર્ણન ફર્માવ્યું :–

www.barkatekhwaja.net

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَ اللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ۝

"જે લોકો પોતાનો માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તેમનું દષ્ટાંત તે ખેડૂતની જેમ છે જે જમીનમાં એક દાણો વાવે છે તેનાથી સાત બાલીઓ (કંતીઓ) નીકળે છે, દરેક બાલીમાં સો દાણા હોય છે, આ રીતે એક દાણાથી સાતસો દાણા બની જાય છે. (પરવરદિગારે આલમે જે રીતે એક દાણામાંથી સો દાણા પેદા કર્યા, બિલ્કુલ એ જ પ્રમાણે અલ્લાહની રાહમાં એક રૂપિયો ખર્ચ કરવા પર સાતસો રૂપિયા ખર્ચ કરવાનો સવાબ અતા ફર્માવે છે) અને અલ્લાહ જેને ચાહે છે અધિકથી અધિક્તમ અતા ફર્માવે છે (એટલા માટે કે તેના ફઝ્લો કરમની કોઈ સીમા નથી) અને તેને દરેક વસ્તુનો ઈલ્મ છે." *(સૂરએ બક્રહ, આ. ૨૬૧)*

કુર્આને કરીમની આયતનો સ્પષ્ટ અર્થ એ જ છે કે રાહે ખુદામાં ખર્ચ કરવું એક એવી નેકી છે જેના પર કેવળ દસ ગણો નહીં બલ્કે સાત સો ગણો અધિક સવાબ આપવામાં આવે છે અને નોંધપાત્ર વાત એ છે કે અલ્લાહની નવાઝિશનો આ સિલસિલો સાત સો પર આવીને રોકાતો નથી, બલ્કે જેટલું ખુલૂસ વધારે હશે એટલી જ અજરો સવાબમાં બરકત થશે.

કુર્આને મજીદમાં રાહે ખુદામાં ખર્ચ કરવાના સવાબને એક ઉચ્ચ ઉદાહરણ દ્વારા સમજાવ્યું, જેથી બંદાઓને એ વાતની જાણ થઈ શકે કે જે રીતે એક દાણાથી સાત સો દાણાની ઉપજ માટે ઘણા બધા તબક્કાઓ હોય છે બિલ્કુલ એ જ રીતે એક રૂપિયાના સદકાના બદલામાં સાતસો નેકીઓ કમાવા માટે પણ ઘણા બધા તબક્કા, આદાબ અને તકાઝા હોય છે, જ્યાં સુધી એ તકાઝાઓને પૂરા કરવામાં ન આવે અલ્લાહની રાહમાં ખર્ચ કરવું ફળદ્રુપ થઈ શકે નહીં.

કુર્આને કરીમના વર્ણન કરેલ ઉદાહરણ અને રાહે ખુદામાં ખર્ચ કરવામાં આવતા માલ પર ચિંતન કર્યા બાદ જે પરિણામો સામે આવે છે તે આ પ્રકારનાં છે :–

**(૧)** જો કોઈ ખેડૂત પોતાની પાસે બે દાણા સુરક્ષિત રાખે તો એક મુદ્દત બાદ બેના ચાર થશે નહીં. હા ! તેને જમીનમાં વાવે તો તે ઉગી શકે અને ફળ આપી શકે. એ જ પ્રમાણે કોઈ પોતાની પાસે માલ સુરક્ષિત રાખે અને સદક઼ાની નિય્યત કરી લે તો તેને નિય્યતનો સવાબ તો મળશે, પરંતુ તે સાત સો ગણા સવાબનો હક્કદાર થઈ શક્શે નહીં. હા ! જો તે પોતાનો માલ રાહે ખુદામાં ખર્ચ કરી દે તો હવે સવાબની ઉમ્મીદ રાખી શકાય.

**(૨)** જો દાણાને કોઈ જમીનમાં વાવી પણ દે પરંતુ જમીન જ બંજર (ઉજ્જડ) હોય તો તે દાણાથી એક કળી પણ ખીલી શકતી નથી, એ જ રીતે કોઈ સારા કાર્યોમાં ખર્ચ તો કરે અને તેના દિલમાં ઈમાન ન હોય તો સવાબનો હક્કદાર થશે નહીં. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

وَ قَدِمْنَآ اِلٰى مَا عَمِلُوْا مِنْ عَمَلٍ فَجَعَلْنٰهُ هَبَآءً مَّنْثُوْرًا ۝

"પછી તેમણે જે કાંઈ અમલ કર્યા હશે તેમનો ઈરાદો કરીને તે અમલોને ધૂળના બારીક રજકણોની જેમ કરી દઈશું." *(સૂરએ ફુર્કાન, આ. ૨૩)*

(અર્થાત : કુફ્રની હાલતમાં કરેલા તેમના અમલ જે જાહેરમાં સારા જણાય છે જેમ કે સદ્વર્તન, યતીમની પરવરિશ વગેરે, તેમને અલ્લાહ તઆલા બાતિલ કરી દેશે, કારણ કે **અમલોના કૃબૂલ થવા માટે ઈમાન શર્ત છે** અને તેમની પાસે ઈમાન નથી.)

બીજી જગ્યાએ ફર્માવ્યું :–

وَ الَّذِيْنَ كَفَرُوْٓا اَعْمَالُهُمْ كَسَرَابٍۭ بِقِيْعَةٍ يَّحْسَبُهُ الظَّمْاٰنُ مَآءً ؕ حَتّٰٓى اِذَا جَآءَهٗ لَمْ يَجِدْهُ شَيْئًا وَّ وَجَدَ اللّٰهَ عِنْدَهٗ فَوَفّٰىهُ حِسَابَهٗ ؕ وَ اللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ۝

"ક઼યામતના દિવસે કાફિરોના અમલ સપાટ

મેદાનની મૃગજળ (Mirage, ઝાંઝવાનાં જળ) જેમ હશે જેને તરસ્યો પાણી સમજે છે, ત્યાં સુધી કે જ્યારે તેની પાસે જશે તો ત્યાં કંઈ પણ નહીં પામે, ત્યાં અલ્લાહને પામશે, જે તેનાથી પૂરો હિસાબ લેશે અને અલ્લાહ જલ્દી હિસાબ લેનાર છે." *(સૂરએ નૂર, ૩૯)*

(એ પણ સમજમાં આવ્યું કે અવશ્ય એ ધ્યાન રાખવું અનિવાર્ય છે કે ક્યાં ખર્ચ કરવામાં આવી રહ્યું છે, ખોટી જગ્યાએ ખર્ચ કરવું પણ બંજર જમીનમાં બી નાખવા સમાન છે કે મહેનત પણ અનર્થ અને સવાબ બિલ્કુલ નહીં, બલ્કે અમુક સ્થિતિઓમાં તો હરામ અને ગુનો પણ. **દેવબંદી મદ્રસાઓ, સંસ્થાઓ અને ઝકાતના હક્કદાર ન હોય તેવા લોકોને આંખ બંધ કરી ઝકાત વગેરે આપનાર સખીદાતાઓ આ બાબતે શાંતચિત્તે વિચારે.)**

**(૩)** ખેતી લાયક જમીનમાં કોઈ દાણાને વાવે પરંતુ તે દાણો જ ખરાબ હોય તો તેનાથી પણ કોઈ છોડ ઉગશે નહીં. એ જ પ્રમાણે કોઈ મુસલમાન અલ્લાહની રાહમાં ખર્ચ કરે પરંતુ તે **માલ હરામ અને નાજાઈઝ કમાઈનો હોય તો તે અલ્લાહની બારગાહમાં કૂબૂલ નહીં થાય અને તેના પર કોઈ સવાબ મળશે નહીં.**

રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, અલ્લાહ તૈયબ (પવિત્ર) છે અને તે પવિત્રને જ કૂબૂલ ફર્માવે છે. *(સહીહ મુસ્લિમ)*

**(૪)** કોઈ ખેડૂત જમીનમાં બીજ વાવે, જમીન પણ સારી હોય અને બી પણ સારું હોય, પરંતુ એ બીને યોગ્ય પ્રમાણમાં પાણી અને અન્ય જરૂરી સામગ્રી ન મળે તો તે બીથી કોઈ છોડ ઉછરી શકે નહીં. એ જ રીતે કોઈ મુસલમાન પોતાનો હલાલ અને પવિત્ર માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે પરંતુ ખુલૂસ અને લિલ્લાહિયતનું ખાતર અને અલ્લાહના ડર તથા ઉમ્મીદનું જળ તેમાં સામેલ ન હોય તો તેનાથી પણ યોગ્ય પરિણામ અને સંપૂર્ણ સવાબની આશા ન રાખી શકાય.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના નેક બંદાઓના ગુણ વર્ણન કરતાં ફર્માવે છે :–

اِنَّ الَّذِيۡنَ هُمۡ مِّنۡ خَشۡيَةِ رَبِّهِمۡ مُّشۡفِقُوۡنَ ۝۵۷ وَ الَّذِيۡنَ هُمۡ
بِاٰيٰتِ رَبِّهِمۡ يُؤۡمِنُوۡنَ ۝۵۸ وَ الَّذِيۡنَ هُمۡ بِرَبِّهِمۡ لَا يُشۡرِكُوۡنَ ۝۵۹ وَ
الَّذِيۡنَ يُؤۡتُوۡنَ مَاۤ اٰتَوۡا وَّ قُلُوۡبُهُمۡ وَجِلَةٌ اَنَّهُمۡ اِلٰى رَبِّهِمۡ
رٰجِعُوۡنَ ۝۶۰ اُولٰٓئِكَ يُسٰرِعُوۡنَ فِى الۡخَيۡرٰتِ وَ هُمۡ لَهَا سٰبِقُوۡنَ ۝۶۱

"અલ્લાહના મહબૂબ અને મુકર્રબ બંદા તે છે જેઓ પોતાના રબની આયતો પર ઈમાન રાખે છે, જે પોતાના રબની સાથે કોઈને ભાગીદાર ઠરાવતા નથી અને જ્યારે તેઓ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે ત્યારે તેમના દિલ એ વાતથી ભયભીત હોય છે કે તેમને અલ્લાહના સમક્ષ હાજર થવાનું છે અને એ વાતથી પણ ડરે છે કે ક્યાંક તેમના સદકા રદ ન થઈ જાય. એવા લોકો જ નેકીઓમાં જલ્દી કરે છે અને નેકીઓમાં બીજાઓથી આગળ વધી જાય છે.

**(૫)** કોઈ ખેડૂત છોડ ઉગાડે અને તેને નુકસાન કરતી વસ્તુઓ અને હાનિકારક જંતુઓથી ન બચાવે તો તેના હર્યાભર્યા છોડમાં પણ જંતુ પડી જશે અને તેની સર્વ મહેનત અનર્થ થઈ જશે. એ જ રીતે કોઈ મુસલમાન પોતાનો હલાલ તથા પાક (પવિત્ર) માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે પરંતુ તેમાં દેખાવો હોય અથવા ખુલૂસ સાથે ખર્ચ કર્યા પછી એહસાન જતાવે તો તેનું અલ્લાહની રાહમાં ખર્ચ કરવું બાતિલ અને રદ થઈ જશે અને આવો માણસ જહન્નમના અઝાબનો હક્કદાર ઠરશે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُبۡطِلُوۡا صَدَقٰتِكُمۡ بِالۡمَنِّ وَ الۡاَذٰى ۙ
كَالَّذِىۡ يُنۡفِقُ مَالَهٗ رِئَآءَ النَّاسِ وَ لَا يُؤۡمِنُ بِاللّٰهِ وَ الۡيَوۡمِ
الۡاٰخِرِ ؕ فَمَثَلُهٗ كَمَثَلِ صَفۡوَانٍ عَلَيۡهِ تُرَابٌ فَاَصَابَهٗ وَابِلٌ
فَتَرَكَهٗ صَلۡدًا ؕ لَا يَقۡدِرُوۡنَ عَلٰى شَىۡءٍ مِّمَّا كَسَبُوۡا ؕ وَ اللّٰهُ لَا
يَهۡدِى الۡقَوۡمَ الۡكٰفِرِيۡنَ ۝۲۶۴

www.barkatekhwaja.net

"હે ઈમાનવાળાઓ ! પોતાના સદકાને એહસાન જતાવી અને ઈજા આપીને બર્બાદ ન કરો. એ મુનાફિકની જેમ જે દિખાવા માટે ખર્ચ કરે છે. જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન નથી રાખતો, તેનું દષ્ટાંત એ સપાટ ચટ્ટાનની જેમ છે જેના પર માટી પડી હતી, તેના પર જોરદાર વર્ષા થઈ તો તે (ચટ્ટાન)ને (ધૂળથી) સાફ કરી ગઈ. એ લોકો પોતાના અમલનો કાંઈ પણ સવાબ નહીં પામે. અલ્લાહ (અઝલી) કાફિરોને હિદાયત નથી આપતો. *(સૂરએ બકરહ, આ. ૨૬૪)*

જે રીતે વરસાદ પડયા પછી ચટ્ટાન પર ધૂળ માટી નથી રહેતી એ જ રીતે દિખાવો કર્યા પછી નામએ અઅ્માલમાં કોઈ નેકી બાકી નથી રહેતી. એટલા માટે દિખાવો કરીને પોતાની નેકીઓ બર્બાદ ન કરો.

**(૬)** ખેડૂત, ફળદ્રુપ જમીનમાં ઉત્તમ પ્રકારનું બી નાખ્યા બાદ જમીનને પાણી આપે છે અને બનતી કોશિશે તેને સાચવે છે, પાક તૈયાર થવાની મુદ્દત પસાર થયા બાદ જ એક બીથી સેંકડો દાણાની ઉપજની આશા રાખે છે, એ જ રીતે બંદએ મો'મિનના સદકાના અજરો સવાબનો એક સમય નિશ્ચિત છે, અને એ કયામતનો દિવસ છે, બંદાએ કયામતના દિવસનો ઈન્તેઝાર કરવો જોઈએ અને પોતાના રબથી ભરપૂર અજરો સવાબની ઉમ્મીદ રાખવી જોઈએ.

**(૭)** જમીન ફળદ્રુપ હોય અને બિયારણમાં પણ પોષણ સારુ હોય તો પાક પણ સારો થશે અને ઉપજ પણ સારી થશે. એ જ રીતે **સદકો આપનાર અને અલ્લાહની રાહમાં ખર્ચ કરનાર મુસલમાનનું ઈમાન મજબૂત હશે અને ઈખ્લાસ પણ અસાધારણ (ઉત્તમ) હોય તો સવાબ સાત સો ગણાથી અધિક થઈ શકે છે.** ઈર્શાદ ફર્માવ્યું, وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ "અલ્લાહ જેના માટે ચાહે અધિક કરે." કુર્આની આયતોના અંતની એક મહત્વની વિશેષતા એ હોય છે કે તેમાં પૂરી આયતનો નિચોડ છુપાયેલ હોય છે, એ ખૂબી આ આયતમાં પણ જોવા મળે છે. તે એ રીતે કે એક નેકી પર સાત સો ગણો સવાબ આપવા માટે અપાર વુસ્અત (વિશાળતા) અને ઉદારતા અનિવાર્ય છે, અને ઈખ્લાસના આધારે સવાબમાં વધારો કરવા માટે ઈલ્મ અને જાણકારી જરૂરી છે, કુર્આને કરીમ એના જ તરફ ઈશારો કરતાં ફર્માવે છે : وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ "અલ્લાહ વુસ્અવાળો ઈલ્મવાળો છે."

અર્થાત : અલ્લાહ તઆલા દરેક બંદએ મો'મિનને તેના કરેલા વાયદા પ્રમાણે સાત સો ગણા વધારા સાથે સવાબ અતા ફર્માવે કારણ કે તેની પાસે અપાર વુસ્અત છે, અને જેમાં ખુલૂસ અને લિલ્લાહિયત અધિક હશે તેના સવાબમાં વધારો કરશે, કારણ કે તેને દરેકના ઈખ્લાસનો ઈલ્મ છે.

આ છે આ આયતમાં વર્ણન થયેલ ઉદાહરણમાં છપાએલ અમુક ભેદો. અલ્લાહ તઆલા સૌને ખુલૂસ અને લિલ્લાહિયત સાથે ખર્ચ કરવાની તૌફીક અતા ફર્માવે.

*(હવાલો : અશ્રફિયા–મુબારકપુર, ફેબ્રુઆરી : ૨૦૨૩)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે તા. ૧૯–૦૬–૨૦૨૩ સોમવારના રોજ મર્હૂમ યાકૂબ મુહમ્મદ બરજીનો ૬૬ વરસની વયે ઈન્તેકાલ થયો છે. ❒ **ભરૂચ** : મુકામે નેશનલ પાર્કમાં મર્હૂમા હજીયાણી ઝૈબૂન નિસા યૂસુફ બાદશાહ મીઠાવાલા (દયાદરાવાળા)નો તા. ૦૭–૦૭–૨૦૨૩ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# મુસ્લિમ બાદશાહોને વિલન બતાવવાની મજબૂરી

કાર્યાલય

ઘણા સમયથી એ સાંભળતા આવી રહ્યા છીએ (જે હકીકતથી વિમુખ છે) કે આ દેશમાં મુસલમાનોની રાજ સત્તામાં ગૈર મુસ્લિમો ખાસ કરીને હિંદુઓની સાથે ઘણો જુલ્મ થયો છે. મુસ્લિમ બાદશાહો થકી હિંદુ મંદિરો તોડવામાં આવ્યાં હતાં. ખાસ કરીને ૮૦ના દસકામાં જ્યારે બાબરી મસ્જિદનો મામલો (હંગામો) વધી રહ્યો હતો ત્યારે ભારતના મુસલમાનોને બાબરની ઔલાદ સુધી કહેવામાં આવતા હતા. પરંતુ ૨૦૧૪ પછી તો બાબરી મસ્જિદનો કિસ્સો ખતમ થઈ ગયો, એટલે કે કોર્ટે બાબરી મસ્જિદની જગાએ રામ મંદિર બનાવવાની ઈજાઝત આપી દીધી. પરંતુ મહારાષ્ટ્રમાં ઔરગંઝેબને લઈને વિવાદ હોય કે કર્ણાટકમાં ટીપુ સુલ્તાનનો મામલો હોય અથવા તો પછી ઈતિહાસનાં પુસ્તકોથી મોગલોને ખત્મ કરી દેવું હોય અથવા મહારાણા પ્રતાપને હિંદુ હીરોના સ્વરૂપમાં રજૂ કરવાની વાત હોય, છેવટે આ બધુ શા માટે કરવામાં આવી રહ્યું છે ?!

આ સવાલોનો જવાબ એક સામાન્ય માણસ એ જ આપશે કે એનાથી એટલે મુસ્લિમ બાદશાહોને જાલિમ તથા જાબિર બતાવીને આ દેશના મુસલમાનોને એક બાજુ ડર તથા ભયમાં સપડાવવામાં આવે, અને બીજી બાજુ હિંદુઓને ઠસાવવામાં આવે કે જો આ દેશની સત્તા મુસલમાનોના હાથમાં ચાલી જાય તો જેવી રીતે મુસ્લિમ બાદશાહોના દૌરમાં હિંદુઓ પર જુલ્મ થતો હતો એવી જ રીતે જુલ્મ એઓ આજે પણ કરશે, કેમ કે મુસલમાનોની માનસિક્તામાં હજી પણ કોઈ ફરક નથી આવ્યો. જ્યારે કે સંજોગો એનાથી ઉલ્ટા છે. અખંડ ભારતમાં મુસલમાનોની વસ્તી લગભગ ૩૫% હતી અને ભાગલા પછી કેવળ ૧૪% રહી ગઈ છે. ૧૪% મુસલમાન પોતાની પાર્ટી બનાવીને ભારતમાં સત્તામાં નથી આવી શકતા. અને બીજી પાર્ટી કોઈ મુસલમાનને પોતાનો મુખ્ય વડો નથી બનાવી શક્તી, જેથી મુસલમાનોનું આ દેશમાં રાજ આવી જશે એમાં કોઈ સચ્ચાઈ નથી.

મુસ્લિમ બાદશાહોને લઈને હિંદુત્વ બ્રીગેડ વિવિધ પ્રકારના મામલા ઉઠાવતી રહી છે, એની પાછળ આખરે શું કારણ છે ? પૂરી દુનિયામાં ભારત એકલો દેશ છે જ્યાં મુસલમાનોએ ઈસ્લામી કેન્દ્ર એટલે બગદાદ કે દમિશ્કનો સંદેશ લઈને ભારત પર હુમ્લો નથી કર્યો. એટલે કે મુસલમાનોનો હુમ્લો ભારતમાં ઈસ્લામ ફેલાવવાનો મનસૂબો બનાવીને નથી થયો. હા ! ઈ.સ. ૭૧૨માં મુહમ્મદ બિન કાસિમે સિંધ પર જે હુમ્લો કર્યો તે બગદાદના નિર્દેશ પર કર્યો હતો પણ તે સિંધ સુધી જ સીમિત રહી ગયો હતો, અને મુહમ્મદ બિન કાસિમને પરત બગદાદ બોલાવી લીધા પછી તે હુકૂમત પણ ખત્મ થઈ ગઈ હતી.

મુહમ્મદ ઘોરીનો ઈ.સ. ૧૧૯૧ અને ૧૧૯૨માં હુમ્લો ભારતમાં હુકૂમતના હેતુથી થયો ન હતો. જેવી રીતે મહમૂદ ગઝનવીએ લૂટ માટે ભારત પર હુમ્લો કર્યો હતો અને ચાલ્યો ગયો હતો, બરાબર એ જ પ્રમાણે મુહમ્મદ ઘોરી ૧૧૯૧માં હાર પામ્યા બાદ ૧૧૯૨માં પૃથ્વીરાજ ચૌહાણ સાથે લડાઈ કરવા આવી પહોંચ્યો અને એ લડાઈમાં એને જીત મળી. મુહમ્મદ ઘોરી પૃથ્વીરાજ ચૌહાણને હાર આપીને પરત ઘોર ચાલ્યો ગયો અને પછી કદી નથી આવ્યો. લગભગ ૧૪ વરસ દિલ્હીનું તખ્ત મુહમ્મદ ઘોરીના ઈન્તેઝારમાં

www.barkatekhwaja.net

ખાલી હતું, ત્યારે ઈ.સ. ૧૨૦૬માં મુહમ્મદ ઘોરીના એક ગુલામ કુત્બુદ્દીન ઐબકને દિલ્હીનો બાદશાહ બનાવવામાં આવ્યો અને આ દેશમાં ગુલામ વંશની બાદશાહતની શરૂઆત થઈ. કુત્બુદ્દીન ઐબક દિલ્હી પર રાજ કરનાર પ્રથમ મુસ્લિમ બાદશાહ બન્યો.

ગુલામ વંશ પછી કેટલાય અન્ય મુસ્લિમ વંશના રાજાઓએ દિલ્હી પર હુકૂમત કરી, પણ લોધી ખાનદાનનો ઈબ્રાહીમ લોધી જ્યારે ભારતમાં હુકૂમત કરી રહ્યો હતો તો મહારાણા પ્રતાપસિંઘના પિતા રાણા સાંગાએ ફરગાનના રાજા બાબરને દિલ્હી આવવાની દા'વત આપી હતી. રાણા સાંગાએ બાબરને દિલ્હી પર હુમ્લાની દા'વત એટલા માટે આપી કે બાબર ઈબ્રાહીમ લોધી હાર આપીને ફરગાના પરત ચાલ્યો જશે ત્યાર બાદ દિલ્હી પર સાંગાની હુકૂમત રહેશે, પરંતું બાબર પાણીપતની પ્રથમ લડાઈમાં ઈબ્રાહીમ લોધીને હરાવીને ફરગાના પરત જ ન થયો ! પરિણામે રાજા સાંગાએ ઈ.સ. ૧૫૨૭માં બાબર સાથે લડાઈ લડવી પડી અને એ લડાઈમાં બાબરની જીત થઈ.

આ ઈતિહાસ લખવાનો કેવળ એ જ મક્સદ છે કે ભારત દુનિયાનો એકલો દેશ છે જ્યાં મુસલમાનોએ ઈસ્લામ ફેલાવવા માટે હુકૂમત નથી કરી. જો ઈસ્લામી કેન્દ્રના સંદેશ પર ભારતમાં મુસ્લિમ હુકૂમત સ્થપાતી તો ભારત એ દૌરમાં જ મુસ્લિમ બહુમતીવાળો દેશ બની જાત પરંતું નહીં, જેવું કે એ દૌરમાં થતુ હતું કે જ્યાં જેની હુકૂમત રહેતી હતી તેને તેઓ મજબૂત બનાવતા હતા અને અન્ય રાજ્યમાં લૂટફાટ કરતા હતા. મુસ્લિમ હુકૂમતના દૌરમાં તૈમૂર લંગ, ચંગેઝખાન અને નાદિર શાહ જેવા લૂટારાઓના પણ હુમ્લા થયા.

પરંતુ એ સવાલ આજે પણ કાયમ છે કે હિંદુત્વ બ્રીગેડ મુસ્લિમ બાદશાહોને નિશાનો શા માટે બનાવે છે, કેમ કે હિંદુઓની ઉચ્ચ જાતી પોતાની નિષ્ફળતા અને અન્યાય તથા અત્યાચારને છુપાવવાના માટે મુસ્લિમ બાદશાહોને નિશાનો બનાવે છે. બહારથી મુસલમાનો સાથે કેટલા ભારતમાં આવ્યા હશે ? પાંચ હજાર કે દસ હજાર. તો દસ હજાર મુસલમાનોએ આટલા મોટા દેશ પર છેવટે કબજો કેવી રીતે કરી લીધો ? કેમ કે આ દેશના લોકોમાં એકતા ન હતી. (ઊંચ નીચ, જાતી ભેદભાવ અત્યંત કક્ષાએ હતો) ઊંચી જાતીના લોકોએ કદી દલિત તથા પછાતોને ઈન્સાન માન્યા જ નથી ! ગુલામ વંશની હુકૂમત શરૂ થઈ તો ઉપરથી નીચે સુધી હુકૂમતના કાર્યકર્તાઓ આ જ ઊંચી જાતીવાળા હતા. બાદશાહથી નિકટતા બતાવીને એ ઊંચી જાતના લોકો પોતાના જ લોકો પર (નીચી જાત સમજીને) જુલ્મ કરતા હતા. તેઓ પોતાના જુલ્મને છુપાવવાના માટે મુસ્લિમ બાદશાહોને વિલન (બદમાશ)ના સ્વરૂપમાં પેશ કરતા રહ્યા છે, આ એમની મજબૂરી છે ! કેમ કે લોકો સવાલ કરશે કે થોડાક હજાર મુસલમાન ભારત આવ્યા હતા તો પછી તેમણે આટલા વરસો સુધી કેવી રીતે હુકૂમત કરી ?! આ સવાલનો જવાબ આ જાતીવાદનું ઝહેર ફેલાવતા લોકો પાસે નથી. એવું નથી કહી શકતા કે ઊંચ નીચના ભેદભાવે એકતા ન થવા દીધી જેથી તેઓ ફાવી ગયા ! એટલા માટે ઊંચી જાતવાળાઓ મુસલમાન રાજાઓના ઈતિહાસની (મનઘડત) વાતો તો કરે છે પરંતુ એ સમયના ખેડૂત, દલિત, પછાત વર્ગ તથા સ્ત્રીઓના ઈતિહાસ પર કોઈ ચર્ચા કરવા નથી ચાહતા. કેમ કે જો એ ચર્ચા શરૂ થઈ જાય તો તેમનો અસલી ચહેરો સામે આવી જાય !


*(અખ્બાર હિંદુસ્તાન, ૩૦–૬–૨૦૨૩માંથી સાભાર)*

## ★ ઔરંગઝેબ વિશે ગલત ધારણાને દૂર કરતા દસ્તાવેજી પુરાવા ★

મોગલકાળના ઈતિહાસને સમજવા માટે કેટલાક

www.barkatekhwaja.net

દસ્તાવેજોનું અવલોકન જરૂરી છે. સામાન્યતઃ ઔરંગઝેબના બારામાં એ ધારણા છે તેમણે મંદિરો તોડાવ્યાં હતાં. પરંતુ કાશી હિંદુ વિશ્વ વિદ્યાલય સ્થિત ભારત કલા ભવનમાં રાખેલ ઔરંગઝેબ દ્વારા જારી (બહાર પાડેલ) ફર્માનને જોઈને લાગે છે કે તેણે મંદિર તોડનારાઓને એ પ્રકારની કાર્યવાહી ન કરવા સખત આદેશ આપ્યો હતો. એ ફર્માન પર શાહી મોહર પણ લાગેલી છે. એ ફર્માનનું હિંદી રૂપાંતરણ પણ કલા ભવનમાં ઉપલબ્ધ છે. ઔરંગઝેબે વાણારસીમાં નિયુક્ત પોતાના સિપેહસાલાર (સેનાપતિ)ને સંબોધન કરતાં ફારસી ભાષામાં આ ફર્માન જારી કર્યું હતું કે, ''અબુલ હસનને એ જાણકારી થાય કે.... અમારા ધાર્મિક કાનૂન દ્વારા એ નિર્ણય કરવામાં આવ્યો છે પૂરાણા મંદિર તોડવામાં ન આવે તેમજ નવા મંદિર પણ ન બને. હાલના દિવસોમાં અમારા અત્યંત આદર્શ તથા પવિત્ર દરબારમાં એ ખબર પહોંચી છે કે અમુક લોકો દ્વેષ તથા વૈમનસ્યતાના કારણે બનારસ તથા તેની આસપાસના ક્ષેત્રોમાં કેટલાક બ્રાહ્મણો તથા અન્ય હિંદુઓને કોઈ પ્રકારના અન્યાયનો સામનો ન કરવો પડે. આ રીતે તેઓ સૌ શાંતિપૂર્વક પોતાના વ્યવસાયોમાં લાગેલા રહે, તેમજ આપણા અલ્લાહ દ્વારા આપવામાં આવેલ સામ્રાજ્ય (જે સદા યથાવત રહે)માં પૂજાપાઠ કરતા રહે. એના પર તાત્કાલિક વિચારણા થવી જોઈએ.'' આ ફર્માન તા. ૧૫ જમાદિઉષ્માની હિ.સ. ૧૦૬૯ (ઈ.સ. ૧૬૫૮–૫૯)માં જારી કરવામાં આવ્યું હતું.



अबुल हसन को यह जानकारी हो.......
हमारे धार्मिक कानून द्वारा यह निर्णय किया गया
है कि पुराने मन्दिर न तोड़े जाय एवं नए मन्दिर
भी न बने। इन दिनों हमारे अत्यन्त आदर्श एवं
पवित्र दरबार में यह खबर पहुँची है कि कुछ लोग
द्वेष एवं वैमनस्यता के कारण बनारस और उसके
आसपास के क्षेत्रों में कुछ ब्राह्मणों को परेशान कर
रहे हैं। साथ ही मन्दिरों के देखभाल करने वाले
ब्राह्मणों को उनके पदों से हटाना चाहते हैं, जिससे
इस सम्प्रदाय में असन्तोष पैदा हो सकता है। इस-
लिए हमारा यह शाही आदेश है कि इस फरमान
के पहुँचते ही तुम्हें यह चेतावनी दी जाती है कि भवि-
ष्य में ब्राह्मणों व अन्य हिन्दुओं को किसी प्रकार
के अन्याय का सामना न करना पड़े। इस प्रकार वे
सभी शान्ति पूर्वक अपने व्यवसायों में लगे रहें एवं
हमारे अल्लाह द्वारा दिए गए साम्राज्य (जो हमेशा
बरकरार रहेगा) में पूजा-पाठ करते रहें। इस पर [illegible]
[illegible]
हिजरी १०६९ (१६५८-५९ ई०)।

મ.ગાંધી કાશી વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રોફેસર પરમાનંદ સિંહનું માનવું છે કે ઔરંગઝેબ ઈમાનદાર શાસક હતો, પરંતુ એના બારામાં અનેક ગલતફહમીઓ (ગેરસમજો ફેલાયેલી) છે. કેમ કે તે જિદ્દી સ્વભાવનો હતો. તે શાહી ખજાનાથી પોતાનો અંગત ખર્ચ તથા ભોજન માટે ધન લેતો ન હતો. એ એક સારો કલાકાર હતો અને ટોપીઓ બનાવતો હતો તથા તેને વેચીને જે આવક થતી હતી તેના વડે પોતાનો ખર્ચ ચલાવતો હતો. કલા ભવનના ડૉ. રાજેન્દ્રસિંહનું કહેવું છે કે ઔરંગઝેબ કુર્આનની આયતો કાગળ પર લખતો હતો તેના વડે થનારી આવકથી પોતાની અંગત જરૂરતો પૂરી કરતો હતો. ડૉ. સિંહે ઔરંગઝેબના સંબંધે થયેલ સંશોધનના હવાલા આપતાં કહ્યું કે તે કાશીના કેટલાક મંદિરોના નિભાવ ખર્ચ તથા પૂજારીઓના પગારના માટે પણ ધન આપતો હતો. *(હિન્દી વર્તમાન પત્ર, દૈનિક જાગરણ–વાણારસી, ૧૭–૧૨–૨૦૦૫, વરિષ્ઠ સંવાદદાતા, વાણારસી)*

જેથી વતનીભાઈઓએ વાસ્તવિકતા સુધી પહોંચવાની જરૂરત છે જેનાથી દેશમાં ભાઈચારો અને દેશની એકતા અખંડિતતા જળવાય રહે અને સૌના સાથ સાથે સૌનો વિકાસ થતો રહે અને આપણો દેશ પ્રગતિના શિખરો સર કરતો રહે.



# કુર્આનની બેઅદબી શા માટે ?

(કાર્યાલય)

જે સમયે દુનિયાભરમાં મુસલમાન હજ્જના અરકાન અદા કરવામાં અને ઈદે અદ્હાની નમાઝ પઢવામાં વ્યસ્ત હતા બરાબર એ જ સમયે નોર્થ યૂરોપમાં આવેલ સ્વીડન (Sweeden) નામના દેશમાં કુર્આને અઝીમને સળગાવવાનું બદ્તરીન કૃત્ય કરવામાં આવી રહ્યું હતુ. (એ અધર્મીઓના એ કૃત્યને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.) પશ્ચિમી દેશોમાં કુર્આનની બેઅદબીનો આ પ્રથમ બનાવ નથી એનાથી પહેલાં પણ કુર્આનની બેઅદબીના ઘણા બધા બનાવો ઉપસ્થિત થઈ ચૂક્યા છે. પરંતુ આ બનાવ એટલા માટે ખૂબ જ અધિક ગંભીર બની જાય છે કે હાલના આ બનાવમાં સ્વીડનની કોર્ટે કાયદેસર રીતે કુર્આનની બેઅદબીની ઈજાઝત આપી હતી, જેના લીધે પોલીસના રક્ષણ હેઠળ રાજિદહાની સ્ટોક હોમની જામેઅ મસ્જિદની સામે સલ્વાન મોમકા નામના મલઊને કેમેરાઓની સામે કુર્આનને સળ ગાવવાની બદતરીન હરકતને અંજામ આપી. સ્વીડન ગવર્નમેન્ટ અને કોર્ટની કાર્યપદ્ધતિએ મુસલમાનો પ્રતિના પશ્ચિમી દુનિયાના દોગલા કિરદારને એકવાર ફરી બેનકાબ (ઓપન) કરી આપ્યો છે.

### ★ પશ્ચિમી દુનિયાની કુર્આનથી નફરત ★

પશ્ચિમી જગતમાં દિન પ્રતિ દિન ઈસ્લામી નિશાનીઓ તથા ઈસ્લામની પવિત્ર ચીજોની વિરુદ્ધ આવી હરકતો થતી રહે છે. આનાથી પહેલાં ઈ.સ. ૨૦૧૦માં અમેરિકાના ફલોરિડામાં એક પાદરી ટેરી જોન્ઝ, ઈ.સ. ૨૦૧૧માં પાદરી મેગન ફિલિપ્સ, ઈ.સ. ૨૦૧૨માં બગ્રામ એરબેસ અને ગ્વાન્તાનામોબે જેલમાં અમેરિકન ફોજીઓ થકી કુર્આને કરીમની બેઅદબીના બનાવો જાહેર થયા હતા. સ્વીડનના પડોશી દેશ ડેન્માર્કમાં સ્ટ્રામ કુર્સ નામની રાજકીય પાર્ટીએ કાયદેસર રીતે વિવિધ શહેરોમાં સામૂહિક રીતે કુર્આને કરીમ સળગાવવાની બદતરીન હરકતો કરતી રહી છે. એપ્રિલ ૨૦૨૨માં એ પાર્ટીના લીડર રાસમૂસ પાલૂડને ડેન્માર્કના શહેરોમાં કુર્આને કરીમને સળગાવ્યું હતું જેના કારણે ડેન્માર્કમાં સખત તોફાનો ભડકી ઉઠયાં હતાં. એ બનાવોનુ સૌથી બદ્તરીન પાસુ પણ એ જ હતું કે આ સર્વ દુર્ઘટનાઓને એ દેશોની અદાલતોએ પોતાની રાયના પ્રદર્શનની આઝાદી (Freedom of expression)ના હેઠળ કાયદાકીય રીતે જાઈઝ ઠરાવ્યું હતું.

### ★ મુસ્લિમોએ કદી કોઈ ધર્મના વડા કે કિતાબની બેઅદબી નથી કરી ! ★

સવાલ એ ઉઠે છે કે છેવટે પશ્ચિમી જગત કુર્આને કરીમની બેઅદબી શા માટે કરે છે ? તેમના આ ઉગ્રવાદી કરતૂતોને "રિએકશન"નું નામ પણ નથી આપી શકાતુ, કેમ કે આજ સુધી મુસ્લિમ જગતના કોઈ પણ હિસ્સામાં કોઈ પણ ધાર્મિક હસ્તી કે ધાર્મિક કિતાબના અપમાનનો કોઈ એક પણ બનાવ જોવા સાંભળવામાં નથી આવ્યો, ત્યાં સુધી કુર્આન સળગાવવાના સતત બનાવો બાદ પણ બદલો લેવાના રૂપે પણ કોઈ મુસલમાન તરફથી વર્ણવેલ વ્યક્તિઓ, તે દેશોની ધાર્મિક કિતાબ કે હસ્તીઓની બેઅદબી કરવું તો દૂર રહ્યું પણ એ વિશે ધમકી પણ નથી આપી. તેમ છતાં જો ગૈર મુસ્લિમ ગવર્નમેન્ટો/સંગઠનો તથા વ્યક્તિઓ આવી હરકતો કરે છે તો તેનાં પાયાનાં

www.barkatekhwaja.net

કારણો બે છે :–

## ★ પશ્ચિમી દેશોનુ બેઅદબી કરવાનું કારણ ★

(૧) ઈસ્લામના મુક઼ાબલાથી લાચારી. (૨) રાજનૈતિક લાભોની પ્રાપ્તિ તથા લશ્કરી ક્ષેત્રે મુસલમાનોની કમજોરી છતાં ધાર્મિક પ્રચાર પ્રસારના મેદાનમાં મુસલમાન બીજી ક઼ૌમો કરતાં માઈલો આગળ છે. પ્રથમ વર્ગ (ગૈર મુસ્લિમોનો) રાજનૈતિક તથા લશ્કરી પ્રભુત્વ તથા તમામતર ષડયંત્રો કરવા છતાં ઈસ્લામનો મુક઼ાબલો કરવાથી પોતાને લાચાર મહેસૂસ કરે છે. ઈસ્લામની મક઼બૂલિયત અને મુસલમાનોની વધતી જતી સંખ્યા તેમને ખૂબ જ અધિક પ્રમાણમાં ખટકે છે. વિરોધીઓ જ્યારે ઈસ્લામનો ઈલ્મી તથા અક઼્લી મુક઼ાબલો કરવાથી આજિઝ આવી જાય છે તો પોતાની જલન તથા ગુસ્સો કાઢવા માટે ઈસ્લામી નિશાનીઓ, દીનની પવિત્ર ચીજો, હસ્તીઓની બેઅદબી કરવા પર ઉતરી આવે છે. મુસલમાનો ખામોશ રહે તો તેમની હિંમતો ઓર વધે છે અને રિએકશન આપે તો કટ્ટરવાદ તથા આતંકવાદનો આક્ષેપ લગાડીને માસૂમ (નિર્દોષ) બનવાની એક્ટિંગ કરવા લાગે છે !

બીજા વર્ગમાં તે લોકો છે જેઓ પોતાના દેશો તથા વર્તુળોમાં રાજનૈતિક મજબૂતી હાંસલ કરવા માટે ઈસ્લામ દુશ્મનીને એક ટૂલ (Tool)ની જેમ વાપરે છે કે જેથી ભાવનાની ઉશ્કેરણીના આધારે ઓછા સમયમાં અને કશીય મહેનત વિના સત્તા તથા ખ્યાતિ મળી જાય. આ ગંદી વિચારસરણી ધરાવનારાઓ એ દેશોમાં પણ ઈસ્લામ વિરુદ્ધ ચળવળ ચલાવે છે જ્યાં મુસ્લિમોની સંખ્યા નામ પૂરતી છે ! પરંતુ મુસ્લિમ દુશ્મનીના નામ પર તેમને રાજનીતિ કરવામાં આસાની રહે છે, એટલા માટે એ લોકો પ્રતિ દિન આવી બદતમીઝીઓ કરતા રહે છે.

## ★ આખરે એનો હલ માટે શું થઈ રહ્યું છે ? ★

પશ્ચિમી જગતમાં રોજ બ રોજ આવી બદ્તમીઝીઓ થતી રહે છે તેના જવાબમાં અમુક ઈસ્લામી દેશો ટેમ્પરરી રીતે સંબંધિત દેશને એલચી થકી ફરિયાદ નોંધાવે છે અથવા વિરોધ દર્શાવવા રૂપે પોતાનો એલચી (Ambassador) પાછો બોલાવી લે છે. અધિક કાંઈક કરે છે તો મુસ્લિમ દેશની એકતાવાળી સંસ્થા OIC (Organization of Islamic Co-opration)ની મીટિંગ બોલવીને એક ધાર્મિક ઠરાવ પસાર કરી દેવામાં આવે છે. આ તમામ સર્વ કાર્યવાહીઓ છતાં 'ઈસ્લામો ફોબિયા'ના વલણમાં કોઈ કમી નથી આવી. એનો મતલબ સાફ છે કે બીમારી જેવી છે ઈલાજ તેવો નથી થઈ રહ્યો. એટલા માટે બીમારી ઘટવાને બદલે દિવસે દિવસે વધતી જઈ રહી છે. કહેવા માટે તો OICમાં ૫૭ મુસ્લિમ દેશો સામેલ છે, કેટલાક દેશો આર્થિક તથા ફોજી એતબારથી ખાસ્સા મજબૂત પણ છે, પરંતુ ઈમાનની કમજોરી અને દેશને લગતા તેમજ અંગત લાભોના કારણે જરૂરી કાર્યવાહી કરવાથી પોતાને લાચાર સમજે છે, એટલા માટે પોતાની સ્થાપ્નાથી લઈને આજ સુધી આ સંસ્થા (organization) ઈસ્લામ અને મુસલમાનોના માટે કોઈ નોંધપાત્ર કામ નથી કરી શકી. તેનું કાર્યક્ષેત્ર કેવળ "વખોડી કાઢવાના ઠરાવ" પાસ કરવા સિવાય કાંઈ નથી. એટલા માટે આ સંગ્રામમાં મુસ્લિમ ઉમ્મત પોતાને બેબસ તથા બેસહારા અનુભવે છે.

રહી ગઈ મુસ્લિમ અવામ (પબ્લિક) તથા સંસ્થાઓ, એમાંથી મોટાભાગની જલસા જુલૂસના રૂપે વિરોધ કરીને પોતાના હુકમરાનોનું ઝમીર જગાડવા

www.barkatekhwaja.net

અને ઈસ્લામના વિરોધીઓને ઈમાની ગૈરત બતાવવાની ઈખ્લાસપૂર્વકની કોશિશ કરે છે. આ વિરોધ પ્રદર્શનો ઈમાની જઝબાનું પ્રદર્શન તો કરે છે, પરંતુ હવે આપણે એનાથી આગળ વધીને કાંઈક વિચારવાની જરૂરત છે.

**★ આ ડગલાં ભરવાં લાભદાયી થઈ શકે છે ★**

આ સંગ્રામમાં આ ડગલાંઓ ઈસ્લામના વિરોધીઓને માટે બેહતર જવાબ બની શકે છે :–

- ❑ દરેક મુસલમાન કુર્આન સાથે અમલી સંબંધ સ્થાપિત કરે. (તેના હુકમો પર અમલ કરતો થઈ જાય.)
- ❑ ગૈર મુસ્લિમો સુધી કુર્આનના તર્જુમા પહોંચાડે.
- ❑ ઈલ્મવાળાઓ ખાસ વિષયો પર સારા અંદાઝમાં લખો તથા તકરીરો તૈયાર કરે.
- ❑ ગૈર મુસ્લિમો સાથે કુર્આની વિષયો પર સેમીનારો યોજે.
- ❑ કુર્આનની પદ્ધતિ પ્રમાણે ગૈર મુસ્લિમોના વાંધાઓના જવાબો ઈલ્મી તથા અક્લી અંદાઝમાં તૈયાર કરવામાં આવે અને તેને સુનિયોજિત અંદાઝમાં ફેલાવવામાં આવે.
- ❑ કુર્આન સળગાવવાના બનાવોને સહીહ અંદાઝમાં સંપાદિત કરીને દસ્તાવેજી રૂપમાં ફેલાવવામાં આવે.
- ❑ આ કામ માટે લેખિત તથા બયાનોની સાથોસાથ ડોક્યુમેન્ટરી પણ તૈયાર કરવામાં આવે.
- ❑ ઈસ્લામની તબ્લીગ તથા કુર્આનની તા'લીમને એક મિશન સ્વરૂપે પોતાનો ખાસ ઉદ્દેશ બનાવે.
- ❑ કુર્આની વિષયોને ક્રમસર નોંધીને તેના પર માહિર લોકો પાસે કામ કરાવવામાં આવે.
- ❑ કુર્આનના સંપાદન, ગોઠવણ તથા શૈલી પર બેહતરીન રજૂઆતની સાથે સતત મેહફિલો ગોઠવવામાં આવે.
- ❑ મદ્રસાઓમાં કુર્આનની તફસીરના નિસાબમાં નવી તથા લાભદાયી કિતાબો સામેલ કરવામાં આવે.
- ❑ બાળકો, યુવાનો, વૃદ્ધો તથા દરેક ઉમરની સ્ત્રીઓ માટે કુર્આની વાકિયાઓ તથા એહકામ સાથે લાભદાયી તથા આસાન કિતાબો, મેગેઝિનો તૈયાર કરવામાં આવે.

યાદ રાખો ! વર્તમાનકાળ મુસ્લિમ ઉમ્મત રાજનૈતિક તથા લશ્કરી ક્ષેત્રે બેહદ કમજોર છે, એવામાં ઉલમા તથા અવામે પોતાની કક્ષાએ જ ડગલાં ભરવાની જરૂરત છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં તલ્વાર તથા ભાલા કામ નથી આપતા ત્યાં મુબલ્લિગોની તબ્લીગ પથ્થરોમાં કાંણા પાડી દે છે. આપણે એકવાર ફરીથી આપણા બુઝુર્ગોના એ જ મિશન અને જઝબાને ઝિંદા તથા જાગૃત કરવાનો છે, જેની હાજરીમાં તેમણે દુશ્મનોમાં ઘુસીને તેમનાં દિલોને મીણ કરી દીધાં હતાં. જઝબાત સાચા અને ઈરાદા પાકા હોય તો રબ્બે કાઈનાત કોઈના થકી પણ પોતાના દીનનું કામ લઈ લીધા કરે છે. પોતાના હિસ્સાનું કામ કરતા રહો અને રબ તઆલાથી દુઆ કરતા કે ઈન્સાફપસંદ હુકમરાનોનો દૌર આવે, ન્યાયનું બંધારણ સ્થાપિત થાય અને જાલિમો પાસેથી તેમના જુલ્મોનો પૂરેપૂરો હિસાબ લેવામાં આવે. યકીનન ! ઈન્સાફનો દૌર આવશે, કેમ કે એવી કોઈ રાત નથી કે જેની સવાર ન હોય અને એવી કોઈ મુશ્કેલી નથી જે આસાન ન થાય. *(અઝ : ગુલામ મુસ્તફા નઈમી, રોશન મુસ્તક્બિલ, દિલ્હી, ૧૬–ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૪, તા. ૦૫–૦૭–૨૦૨૩)*

● ● ●

# ઈસ્લામ એક વિશ્વવ્યાપી International મઝહબ

**કાર્યાલય**

ઈસ્લામ ધર્મ વિશે સમજૂતી આપતો પ્રસ્તૂત લેખ દરેકના માટે ખરેખર અભ્યાસને પાત્ર છે. દીને ઈસ્લામ કેવળ મુસ્લિમ કૌમ, મુસ્લિમ દેશો અથવા કોઈ ખાસ વિસ્તાર અથવા સમયના માટે નથી, બલ્કે એ એક વિશ્વવ્યાપી (International), વૈશ્વિક મઝહબ છે જે દુનિયાની દરેક કૌમ, દરેક દેશ અને સમયના માટે છે. જેવી રીતે એ મુસલમાનોનો દીન છે, એ જ રીતે દરેક ગૈર મુસ્લિમોનો પણ દીન છે, કેમ કે ઈસ્લામ દીને ફિત્રત (પ્રાકૃતિક ધર્મ) છે અને એ જ ફિતરી દીન પર માનવજાતિની દરેક વ્યક્તિ જન્મ લે છે. પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "દરેક બાળક ઈસ્લામી ફિત્રત પર પેદા થાય છે પછી તેનાં મા બાપ તેને યહૂદી અથવા ઈસાઈ અથવા મજૂસી બનાવી દે છે."

### ★ હુઝૂર ﷺ સૌના રસૂલ હોવું કુર્આનની રોશનીમાં ★

હવે જો કોઈ પોતાની આ ફિત્રત (પ્રકૃતિ)થી મોઢુ મોડે છે તો હકીકતમાં તે પોતાની ફિત્રત તથા પ્રકૃતિથી બગાવત કરે છે અને પોતાના મૂળ સ્થાનથી દૂર થઈ જાય છે. એ જ કારણે પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ ﷺ અને આપ પર નાઝિલ થનારા અલ્લાહના કલામ એટલે કુર્આને પાકની તા'લીમાત કેવળ મુસલમાનો માટે નથી બલ્કે પૂરી ઈન્સાની બિરાદરીના માટે અમલનો નમૂનો છે. અને તેની ઈત્તેબાઅ તથા પયરવીમાં સૌની ભલાઈ તથા અચ્છાઈ અને નજાત તથા કામયાબી સમાયેલી છે.

જેવું કે કુર્આને કરીમમાં અલ્લાહ عزوجل આદેશ આપે છે : "હે પયગંબર ! અમે આપને સર્વ લોકો માટે રસૂલ બનાવીને મોકલ્યા." *(સૂરએ નિસાઅ, આ. ૭૯)*

બીજી આયતમાં છે : 'હે લોકો ! તમારી પાસે આ રસૂલ હક્કની સાથે તમારા રબની તરફથી તશરીફ લાવ્યા તો ઈમાન લાવો પોતાના ભલા માટે." *(સૂરએ નિસાઅ, આ. ૧૭૦)*

કુર્આને કરીમની બીજી સૂરતોમાં આ પ્રમાણે ઈર્શાદ થાય છે :–

- ❑ તમે ડર સંભળાવનાર અને દરેક કૌમના હાદી (હિદાયત કરનાર) છો. *(સૂરએ રઅદ, આ. ૭)*
- ❑ હે નબી ! તમે ફર્માવો, હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છું. *(સૂરએ અઅ્રાફ, આ. ૧૫૮)*
- ❑ અમે આપને આખા સંસાર માટે રહમત બનાવીને મોકલ્યા. *(સૂરએ અંબિયા, આ. ૧૦૭)*
- ❑ અને (હે રસૂલ !) અમે આપને ન મોકલ્યા પણ એવી રિસાલતની સાથે જે સર્વ માણસોને ઘેરનારી છે. *(સૂરએ સબા, આ. ૨૮)*
- ❑ (હે લોકો !) બેશક ! અમે તમારી તરફ એક રસૂલ મોકલ્યા. *(સૂરએ મુઝ્ઝમ્મિલ, આ. ૧૫)*

ઉપરોક્ત આયતો પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ ﷺની રિસાલતની ઉમૂમિયત (સર્વ સામાન્ય હોવા) પર દલીલ પૂરી પાડે છે અને દલીલ છે કે આપ સર્વ મખ્લૂકના રસૂલ છો અને સર્વ આલમ આપની ઉમ્મત છે. આ આયતોથી સ્પષ્ટપણે માલૂમ પડે છે કે હાદીએ આલમ (જગતને હિદાયત કરનાર) મુહમ્મદ ﷺની રિસાલત સર્વ સામાન્ય છે. સર્વ કાઈનાત (સૃષ્ટિ) આપની જ રિસાલતના વર્તુળ હેઠળ છે. મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ, અરબી હોય કે અજમી, ગોરા હોય કે કાળા, અમીર હોય કે ગરીબ

www.barkatekhwaja.net

અને આગલા હોય કે પાછલા, સૌના માટે આપ રસૂલ છે અને સૌ આપના ઉમ્મતી છે.

## ★ હુઝૂર સર્વ કાઈનાતના રસૂલ હોવું હદીષોની રોશનીમાં ★

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે મને પાંચ ચીજો એવી આપવામાં આવી જે મારાથી પહેલાં કોઈ (રસૂલ)ને ન આપવામાં આવી : (૧) એક મહીનાના અંતરના રૂઆબ (પ્રભાવ)થી મારી મદદ કરવામાં આવી. (૨) સર્વ જમીન મારા માટે મસ્જિદ અને પાક કરવામાં આવી, જ્યાં પણ મારા ઉમ્મતીના નમાઝનો સમય થાય ત્યાં નમાઝ પઢે. અને (૩) મારા માટે ગનીમતો હલાલ કરવામાં આવી જે મારાથી પહેલાં કોઈના માટે હલાલ ન હતી. (૪) અન્ય નબીઓ ખાસ પોતાની કૌમની તરફ મોકલવામાં આવ્યા અને (૫) હું તમામ ઈન્સાનોની તરફ મોકલવામાં આવ્યો છું. *(બુખારી શરીફ, કિતાબુસ્સલાત, મિશ્કાત શરીફ, બાબો ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺ)*

મુસ્લિમ શરીફના હવાલાથી મિશ્કાત શરીફમાં આ હદીષ પણ આવેલી છે કે હુઝૂરે અન્વર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ફર્માવ્યું, "અને હું સર્વ મખ્લૂકની તરફ રસૂલ છું." *(મિશ્કાત શરીફ, બાબો ફઝાઈલે સૈયદુલ મુરસલીન, પેજ-૫૧૨)*

ઉપરોક્ત આયતો તથા હદીષોથી એ વાત ધોળા દિવસની જેમ જાહેર છે કે પયગંબરે ઈસ્લામ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ પૂરી દુનિયા અને પૂરી ઈન્સાનિયતના માટે રસૂલ છે.

## ★ કુર્આન સર્વ જગતને ગુમરાહીમાંથી સીધા માર્ગે લાવનારું છે ★

હવે જરા એક નજર આ આયતો પર પણ સારી રીતે નાખો જે કુર્આને હકીમની હિદાયત (સન્માર્ગ બતાવવું) તથા માર્ગદર્શન કરવું એ સર્વ સામાન્ય હોવા માટે સાક્ષી છે. રબ તઆલાનો આદેશ છે :–

- "રમઝાનનો મહીનો જેમાં કુર્આન ઉતર્યું લોકોના માટે હિદાયત તથા માર્ગદર્શન અને ફૈસલાની રોશન (સ્પષ્ટ) વાતો." *(સૂરએ બક્રહ, આ. ૧૮૫)*
- "અને હિદાયત એના પછી કે લોકોના માટે અમે આ કિતાબ (કુર્આન)માં સ્પષ્ટ કરી ચૂક્યા." *(સૂરએ બક્રહ, આ. ૧૫૯)*
- કુર્આને હકીમમાં અમુક અન્ય જગાઓ પર અલ્લાહ તઆલા આ પ્રમાણે ઈર્શાદ ફર્માવે છે : "આ કુર્આન લોકોને બતાવનાર તથા રાહ દેખાડનાર છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૩૮)*
- "(કુર્આન) એક કિતાબ છે કે અમે તમારી તરફ ઉતારી કે તમે લોકોને અંધકારોમાંથી અજવાળામાં લઈ આવો એમના રબના હુકમથી એની રાહની તરફ જે ઈજ્જતવાળો સૌ ખૂબીવાળો છે." *(સૂરએ ઈબ્રાહીમ, આ. ૧)*

ઉપરોક્ત આયતોમાં કિતાબથી મુરાદ કુર્આન મજીદ, અને અંધકારોથી મુરાદ કુફ્ર તથા ગુમરાહી, અને નૂરથી મુરાદ ઈમાન, અને સિરાત (રસ્તા)થી મુરાદ ઈસ્લામ ધર્મ છે.

- "આ (કુર્આન) લોકો માટે આંખો ખોલનારું છે." *(સૂરએ જાષિયા, આ. ૪૫)*

કુર્આન તથા હદીષ સિવાય જ્ઞાન તથા સાહિત્યના મશહૂર તથા સુવિખ્યાત ગેર મુસ્લિમ ચિંતકો પણ એ હકીકતનો ઉઘાડા શબ્દોમાં સ્વીકાર કરે છે કે ઈસ્લામ અને તેની તા'લીમાત (શિક્ષણ) કેવળ મુસલમાનો માટે નથી બલ્કે દુનિયાના અસ્તિત્વ સુધીના દરેકે દરેક વ્યક્તિના માટે છે. એટલા માટે ઈસ્લામમાં એવા નિયમો તથા કાયદા તથા હુકમો અને કાનૂનો અપનાવવામાં આવ્યા છે જે દુનિયાની સર્વ

www.barkatekhwaja.net

કૌમો માટે સમાન રીતે લાભદાયી તથા ફાયદાકારક છે.

**મશહૂર હિંદુ ચિંતક અમરપાલસિંઘ લખે છે કે :** "ઈસ્લામ ધર્મ અને તેની ખાસ ધાર્મિક કિતાબ કુર્આન મજીદ કોઈ ખાસ દેશ, ખાસ જાતિ કે ખાસ સમય માટેનો ધર્મ અને કિતાબ નથી, તે વિશ્વવ્યાપી અને કાયમી છે અને દરેક માનવની ભલાઈ તથા કલ્યાણ તેનો હેતુ છે. હઝરત મુહમ્મદ ﷺ માનવવંશ માટે અમ્નો સુકૂન (શાંતિ તથા સંતોષ) અર્પણ કરનાર સીધો માર્ગ આપણને બતાવી ગયા છે." *(ઈસ્લામ કી નૈતિક ચેતના કુર્આન મજીદ કે સંદર્ભમેં, પેજ : ૧૩)*

**રાષ્ટ્રપિતા ગાંધીજી :** ઈસ્લામની આ વિશ્વ વ્યાપક્તાથી પ્રભાવિત થઈને ગાંધીજી કહે છે કે, "ઈસ્લામ જૂઠો ધર્મ નથી. હિંદુઆઓએ પણ એનો એ જ પ્રમાણે અભ્યાસ કરવો જોઈએ જે પ્રમાણે મેં કર્યો છે, પછી તેઓ મારી જેમ તેનાથી મહોબ્બત કરવા લાગશે." *(પયગંબરે ઈસ્લામ ગૈર વિધ્વાનોની દૃષ્ટિએ, પેજ : ૨૨)*

**પંડિત સાંઈ ગોવિંદરામ :** પોતાના આ લખાણ "એક નબી એક ઈન્સાન"માં હુઝૂરે અન્વર ﷺની પવિત્ર જિંદગી પર વિચારો પ્રદર્શિત કર્યા બાદ છેવટમાં લખે છે કે, "ટૂંકમાં એ કે પયગંબરે ઈસ્લામ એક ઘણા મહાન માનવી અને ઘણા જ મહાન ધર્મના સ્થાપક છે, જેમની જિંદગીનું દરેક પાસુ દરેક માનવી માટે ભલે તેનો સંબંધ કોઈ પણ ધર્મ સાથે હોય, દીવાદાંડી (માર્ગદર્શક) છે." *(ઈસ્તિક઼ામત ડાયજેસ્ટ, મુહમ્મદે અરબી નંબર, મે : ૧૯૮૫, પેજ : ૭૭૪)*

**રામ સૂરત યાદવ :** (M.A.MEd) આ બાબતે લખે છે કે, હું સ્પષ્ટપણે કહેવા ચાહીશ કે કુર્આને પાક કેવળ એક ધર્મના માટે નથી બલ્કે પૂરા માનવ સમાજના માટે છે. તેની વિશાળ કક્ષાએ તબ્લીગ (પ્રચાર) તથા તશ્હીર (ફેલાવા)ની જરૂરત છે." *(કુર્આન સબકે લિયે, માર્ચ–૧૯૯૭, પેજ–૮૩)*

**રઘુવીર દયાલ વર્મા :** (માજી ફોરેસ્ટ મંત્રી–યુ.પી.) પોતાના વિચારો પ્રદર્શિત કરતાં જણાવે છે કે, "હઝરત મુહમ્મદ (ﷺ) સાહબે આપણને જે કાંઈ અર્પણ કર્યું છે એમાં કોઈ દેશ, ધર્મ કે જાતિની વિરુદ્ધ કોઈ વાત નથી મળતી. કુર્આન સૌના માટે ભલાઈની વાત કહે છે." *(હઝરત મુહમ્મદ સબકે લિયે, નવે. ૨૦૦૦, પેજ–૭૯)*

**રાજેન્દ્ર નારાયણલાલ :** (M.A. ઈતિહાસ વિભાગ : બનારસ હિંદુ યુનિવર્સિટી) પોતાના એક પુસ્તકમાં આ પ્રમાણે લખે છે કે, "ઈસ્લામ જેણે ધર્મમાં ખર્ચીલા અમલો (ખર્ચાળ કામો)નો પૂરી રીતે સફાયો કરી નાખ્યો છે, પોતાના અમલી ઉસૂલો તથા અન્ય સંસ્કારિક તથા સામાજિક સહાયકર્તા નિયમોના સબબે કાયમી ધોરણે અને વિશ્વવ્યાપી કક્ષાએ સૌનો ધર્મ છે, જેમાં પુરૂષ સ્ત્રી, દબાયેલા કચડાયેલા, યતીમ, અનાથ, મોહતાજ તથા અપંગ, ખાનદાન, જાતિ તથા કૌમની દરેક વ્યક્તિ સામેલ છે. સારાંશ એ કે એ સર્વ સમસ્યાઓના હલની કાબેલિયત તથા ક્ષમતા ધરાવવાના કારણે જેનાથી માણસને વાસ્તો પડે છે તેના માટે ઈસ્લામ સૌથી વિશેષ ભલાઈ તથા કલ્યાણકર્તા છે. *(દઅવત : ત્રિ દિવસીય, નવી દિલ્હી, ખાસ અંક : ઈસ્લામ ઔર ગલતફહમિયાં, પેજ : ૯૪)*

ટૂંકમાં એ કે ઈસ્લામ કેવળ મુસલમાનો જ ધર્મ નથી બલ્કે એ ઈન્સાની તથા વિશ્વવ્યાપી ધર્મ છે જે દુનિયાના દરેક માણસને જિંદગીના દરેક મોડ પર ચિંતન તથા અમલની દા'વત આપે છે. જેમ કે અલ્લાહ રબ્બુલ આલમીન પોતાના મુક઼દ્દસ કલામમાં ખુદ આદેશ કરે છે : "બેશક ! રસૂલુલ્લાહ ﷺની પવિત્ર જિંદગી તમારા માટે શ્રેષ્ઠ નમૂનો છે."

*(સૂરએ અહઝાબ, આ. ૨૧)*



www.barkatekhwaja.net

મતલબ કે ઈસ્લામ કેવળ એક મઝહબ તથા ધર્મ જ નથી બલ્કે એક "સંપૂર્ણ જીવન બંધારણ" પણ છે જે અતિશય સભ્યતાવાળા તરીકા પર જિંદગી ગુજારવાની તા'લીમ આપે છે. મતલબ કે ઈસ્લામ એવો મઝહબ છે જેમાં દીન તથા દુનિયા દરેક એતબારથી ભલાઈ જ ભલાઈ છે. સારાંશ માનવી કે માનવ જિંદગીનું કોઈ પાસુ (ક્ષેત્ર) એવું નથી જેના નીતિ નિયમો રજૂ કરવામાં ન આવ્યા હોય. હદ તો એ છે કે માથાના વાળોથી લઈને પગના નખો સુધી માનવ શરીરના દરેકે દરેક અંગના હુકમો તથા કાનૂનો સ્પષ્ટ કરી આપેલા છે. અને ઈન્સાનની ધાર્મિક તથા સામાજિક, અંગત તથા સમાજને લગતી અને દેશને લગતી તથા વિશ્વને લગતી જિંદગીની ભલાઈ તથા પ્રગતિના માટે એક ઉચ્ચ તથા શ્રેષ્ઠ અમલી બંધારણ પેશ કરી આપ્યું છે.

**અંગ્રેજ સંશોધક** : ઉપરોક્ત હકીકતોનું સમર્થન કરતાં એક અંગ્રેજ મુહક્કિક (સંશોધક) લખે છે : "જ્યારે આપણે એ જમાના પર વિચારણા કરીએ છીએ જેમાં પયગંબરે ઈસ્લામે પોતાની નબુવ્વત તથા રિસાલતનો ઝંડો ઊંચો કર્યો અને જેમાં એક એવો સંપૂર્ણ કાનૂનોનો સમૂહ તૈયાર કર્યો જે દુનિયાની દેશને લગતી, ધાર્મિક તથા સાંસ્કૃતિક હિદાયતો (માર્ગદર્શનો) માટે પૂરતો છે. તો અમે ખૂબ જ આશ્ચર્ય પામીએ છીએ કે એક અઝીમુશ્શાન એવું દેશને લગતુ તથા સંસ્કૃતિને લગતુ બંધારણ જેનો પાયો સંપૂર્ણ તથા સાચી આઝાદી પર છે એ કેવી રીતે રચવામાં આવ્યું છે ? તો અમે દિલથી સ્વીકાર કરી લઈએ છીએ કે ઈસ્લામ એક એવો "કાનૂનોનો સંગ્રહ" છે જે દરેક લેહાઝથી બેહતર છે." *(અઝમતે મુસ્તફા ﷺ, પેજ : ૧૨૪)*

**માજી પ્રધાન મંત્રી અન્ના દુરાઈ** : ઈસ્લામની આ મહાનતા તથા ખૂબીનો સ્વીકાર તામિલનાડુના માજી પ્રધાનમંત્રી જનાબ અન્ના દુરાઈએ પણ પોતાના તે બયાનમાં કર્યો છે જે તેમણે તા. ૭–૧૦–૧૯૫૭ના રોજ હુઝૂરે અન્વર ﷺના પવિત્ર જીવન ચરિત્રના વિષય પર પેશ કર્યું હતું. તેમણે પોતાના બયાનમાં કહ્યું હતું કે, "ઈસ્લામ કેવળ એક ધર્મ નથી બલ્કે તે એક "જીવન બંધારણ" અને "અતિશય શ્રેષ્ઠ દસ્તૂર" છે. આ જીવન બંધારણને દુનિયાના કેટલાય દેશોએ અપનાવેલ છે. ઈસ્લામ ઈન્સાનને કામયાબ ઈન્સાન અને નેક માણસ બનાવવા ચાહે છે. ખુદાએ જે ઊંચાઈઓ સુધી પહોંચવા માટે ઈન્સાનને પેદા કર્યો છે તે ઊંચાઈઓને પામવા અને તેના સુધી ઉડ્ડયન કરવાની શક્તિ તથા ક્ષમતા માનવીમાં ઈસ્લામના ઝરીયાથી જ પેદા થાય છે."

*(ઈસ્લામ જિસસે મુઝે પ્યાર હૈ, પેજ : ૩૬, ૩૭)*

**મિ. જી. એલ. બેરી** : એ પણ એના અનુસંધાનમાં ખૂબ જ મજાની વાત કહી છે. તે કહે છે, "એ મુહમ્મદ (ﷺ)ની સીરત (જીવન ચરિત્ર) તથા હદીસો (આપનાં કથનો) હતી જેણે ઈસ્લામને દુનિયાની મહાન સંસ્કૃતિઓમાં એક સંસ્કૃતિની હૈસિયત આપી. જેના પછી દુનિયાની કોઈ સંસ્કૃતિ ઈસ્લામી સંસ્કૃતિની અસરોને સ્વીકાર્યા વિના ન રહી શકી. ઈન્સાની સભ્યતાના ઘડતરમાં મુહમ્મદ (ﷺ)નો હિસ્સો અમૂલ્ય તથા ન ભૂલી શકાય તેવો અને કાયમી છે. *(રહમતુલ્ લિલ્ આલમીન નંબર, ખાતૂને મશ્રિક, ૫૫/૬૧)*

**મિ. થોમસ કાર્લાઈલ** : મિ. થોમસ કાર્લાઈલે આ સત્યને આ રીતે પ્રદર્શિત કર્યું છે : હા ! આપણામાં તે સૌ જેઓ અખ્લાક (સુસભ્ય) તથા સભ્યતાપૂર્ણ જિંદગી ગુજારી રહ્યા છે, આ તે સૌની મહાન હિકમત તથા દાનાઈ (શાણપણ) છે જે આસ્માનથી આ જમીન પર ઉતારવામાં આવેલ છે. *(મુહમ્મદ ઈસ્લામ કે પયગંબર, પેજ–૩૬)*

**નોબલ ઈનામ પામેલ ડૉ. રવિન્દ્રનાથ ટાગોર** : તેમણે કેટલી શ્રેષ્ઠ તથા સાચી વાત રજૂ

www.barkatekhwaja.net

કરી છે કે, "ઈસ્લામનો પયગામ પૂરી દુનિયા માટે છે. દુનિયામાં અમ્નો સુકૂન (વિશ્વશાંતિ) આ જ રબના પયગામ થકી હાંસલ થઈ શકે છે. હું પયગંબરે ઈસ્લામની ખિદમતમાં તા'ઝીમ તથા રિસ્પેક્ટ તથા શ્રદ્ધાનો નાચીઝ તોહફો પેશ કરું છું. *(રસૂલે આ'ઝમ અગ્યાર કી નઝરમેં, પેજ–૧૯)*

**બુલબુલે હિંદ મીસિઝ સરોજની નાયડુ :** ઈસ્લામના વિશે પોતાની દિલી ભાવનાઓને પ્રદર્શિત કરતાં કહે છે કે, "દુનિયાના સર્વ મોટા મોટા ધર્મો લગભગ 'નફ્સની કુર્બાની'ની તા'લીમ આપે છે પણ ઈસ્લામ આ બાબતમાં સૌથી આગળ છે. એટલે કે માનવ જાતની ખિદમત ઈસ્લામી તા'લીમનો નાઝને પાત્ર સરમાયો છે. એટલા માટે કે ઈસ્લામે વિશ્વવ્યાપી ભાઈચારાનો ઉસૂલ દુનિયા સમક્ષ પેશ કર્યો છે. દુનિયા એ નિયમનું અનુસરણ કરીને ખુશહાલ થઈ શકે છે.

*(ઉપર મુજબ, પેજ : ૧૦૬)*

**નેપોલિયત :** નેપોલિયને આ સચ્ચાઈનો ઉલ્લેખ આ શબ્દો સાથે કર્યો છે. કુર્આનની તા'લીમાત અને તેના નિયમો તથા હુકમો હક઼ીક઼ત પર આધારિત છે અને માનવવંશને ખુશીઓ તથા ખુશહાલીઓથી માલમાલ કરનાર છે. એટલા માટે ખુદાના મોકલેલા રસૂલ મુહમ્મદ (ﷺ) અને તેમના પર નાઝિલ કરેલી કિતાબ કુર્આન પર મને ગર્વ છે. *(ઈસ્લામ જિસસે મુઝે પ્યાર હૈ, પેજ : ૪૧)*

સારાંશ કે ઈસ્લામ એક સર્વ વ્યાપી તથા વિશ્વવ્યાપી ધર્મ છે અને મુસલમાન એ સર્વ વ્યાપી તથા વિશ્વવ્યાપી મઝહબને માનનારી એક વિશ્વવ્યાપી ક઼ૌમ છે જેથી **ઈસ્લામ તથા મુસલમાનના વિશ્વવ્યાપી હોવાના સંબંધથી દરેક સમજદાર મુસલમાનનો એ ફર્ઝ છે કે તે વિશ્વવ્યાપીના પયગામ તથા તા'લીમને દુનિયાની ક઼ૌમો તથા દેશો સુધી તેમની જ બોલી અથવા કોઈ રિવાજ પામેલ ભાષામાં બેહતરથી બેહતર તરીક઼ાથી પહોંચાડે અને ઈસ્લામની સહીહ તથા સાચી તસ્વીર આસાન તથા ઉમદા તરીક઼ાથી તેમની સામે પેશ કરે.** આ જ અંબિયાએ કિરામ તથા રસૂલાને એઝામની સુન્નત તથા તરીકો છે. અને **પોતાની જાતને કુર્આનની તથા સુન્નતે રસૂલની હરતી ફરતી તસ્વીર બનાવે એ રીતે ઈસ્લામ પર ચાલે** તો જરૂર ગૈરોના દિલોમાં ઈસ્લામની મહાનતા ઘર કરી જશે અને હિદાયત પણ નસીબ થશે, તેમજ ઈસ્લામ તથા કુર્આન તથા રસૂલ ﷺ વિરુદ્ધ ગલત પ્રોપેગંડો કરનારાઓના હાથ હેઠા પડી જશે. *(ઈસ્લામ ઔર હિંદુ ધરમ કા તક઼ાબુલી મુકાબલા કિતાબના આધારે)*


**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

**મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**



**સુન્નિયતની મજબૂતી માટે બરકાતે ખ્વાજા (માસિક) દયાદરાના ગ્રાહક બનો.**

**બેંકની વિગત**
**બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
IFSC Code : BARB0DAYADR
Razvi Kitab Ghar

PhonePe
Paytm/GPay
9427464411

**વાર્ષિક લવાજમ**
Rs. 300/-
Mob. 9427464411

**સરનામુ : C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા

## મેહફિલે હુસ્ને કિ઼રાઅત

અલ્હમ્દુલિલ્લાહ ! ૮ ઝીલ હજ્જ હિ. ૧૪૪૪, તા. ૨૭–૬–૨૦૨૩ મંગળવારે **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા નજમુલ ઉલૂમ–આમોદ"** (જિ. ભરૂચ)માં એક મેહફિલ "મેહફિલે હુસ્ને કિ઼રાઅત" નામથી રાખવામાં આવી. જેમાં કેટલાક તલબાએ પોતાના ખૂબસૂરત અવાજથી કુર્આને પાકને શણગારીને ઉસ્તાદો તથા તલબાની સામે "ઝયનુલ કુર્આન બિઅસ્વાતિકુમ" વાળી હદીષ મુબારકને અમલી સ્વરૂપ આપ્યું. સૌ પ્રથમ કિ઼રાઅત બીજા વરસમાં પઢનારા તાલિબે ઈલ્મ "હાફિઝ આશિક–પાવી જેતપુર"એ ખાસ મક઼ામો (લેહજા)ની સાથે તરતીલમાં કરી. ત્યારબાદ "હાફિઝ મુહમ્મદ હસ્સાન–ખંભાત"એ સૂરએ રહમાનની તિલાવત તદવીરમાં ખૂબ જ ઉમદા અંદાઝમાં ફર્માવી. ત્યારબાદ કિ઼રાઅત ત્રીજા વરસના તાલિબે ઈલ્મ "હાફિઝ સૈયદ અમાનુલ્લાહ–ભરૂચ"એ સૂરએ હિજ્રની ખાસ આયતોની તિલાવત કરીને કુર્આનની મુહાફિઝતનો પૈગામ આપ્યો. ત્યારબાદ દર્સે નિઝામી પાંચમી જમાઅતના તાલિબે ઈલ્મ "હાફિઝ મુહમ્મદ હુસૈન નબીપુરી"એ પોતાના બેહતરીન અવાજમાં શયખ શુરૈમ, શયખ માહિર અલ મોઈક઼લી, શયખ ઐયૂબ, શયખ અબ્દુલ અઝીમ અઝ્ઝહરાનીના લહેજામાં ખાસ સૂરતો અને આયતો તિલાવત કરી. છેવટમાં વઅઝો નસીહત તથા સલાતો સલામ પછી દુઆ સાથે મેહફિલ ખત્મ થઈ. *(રજૂ. ક઼ારી બિલાલ વ ક઼ારી મુઝફ્ફર)*

## ફઝાઈલે અશરાએ ઝિલ હજ્જ

**જંબુસર** : મુક઼ામે તા. ૨૬–૦૬–૨૦૨૩ સોમવાર ઈશા બાદ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના સુન્ની ઈજતેમામાં હઝરત ચાંદ પીર મસ્જિદ ખાતે હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ 'ઝિલ હજ્જના દસ દિવસની ફઝીલત' પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. એ જ પ્રમાણે રવિવાર તા. ૨૫–૦૬–૨૦૨૩ અસર બાદ **દયાદરા** ખાતે પણ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના હફતાવારી ઈજતેમામાં આ જ વિષયે બયાન કરી હાજરીનને રબની ઈબાદત પ્રતિ આકર્ષિત કર્યા હતા.

## ત્રણ દિવસના તર્બિયતી કાફલાનું આગમન

**ભરૂચ** : સરફરાઝ પાર્ક, ફાતિમા મસ્જિદ ઉર્ફ ક઼ાદરિયા મસ્જિદ ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી"નો કાફલો મુંબઈથી તશરીફ લાવેલ જેમાં આવનારાઓ તેમજ સ્થાનિક યુવાનોની ૩ દિવસ દીની તર્બિયત કરવામાં આવી જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના અલ્તાફ મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ), મુફતી સલીમ નજમી મિસ્બાહી પીપલીયાવાળા, મૌલાના અશરફ રઝા (પેશ ઈમામ સાહબ), જનાબ હાફિઝ અબ્દુર્રહીમ સાહબ.....વગેરેએ તહારાત, નમાઝ વગેરે સંબંધી મસાઈલ, તજવીદ વિશે તથા સુન્નતો સંબંધી તા'લીમો તર્બિયત કરવામાં આવી હતી.

**❖❖ ઈન્તેક઼ાલ પુરમલાલ** **ટંકારીઆ** : મુક઼ામે જનાબ હાજી મુહમ્મદ મૂસા દેવરામ ઉર્ફે સૂબા માસ્તરનો તા. ૯–૭–૨૦૨૩, ઈસ્લામિક ચાંદ ૨૦ ઝિલ હજ્જ ૧૪૪૪ના રોજ આશરે ૭૬ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે.